૨૦૩ વર્ષ
દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 111 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ સુદ - ૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 May 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
સોમવાર, ૧૨ મે ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારતનું ઑપરેશન સિંદૂર સફળ

## પાકના ૪૦થી વધુ સૈનિક, ૧૦૦થી વધારે ત્રાસવાદી માર્યા

▶ કચ્છથી કાશ્મીર સુધીના બધા ડ્રોન હુમલા નિષ્ફળ બનાવાયા ▶ ભારતના બધા પાઇલટ સલામત ▶ શત્રુના અનેક વિમાન તોડાયાં, ઍરબેઝનો નાશ કરાયો ▶ ત્રાસવાદીઓના નવ કેમ્પ ઉડાડાયા

નવી દિલ્હીઃ લશ્કરના ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશન્સ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઇએ રવિવારે પત્રકાર પરિષદમાં દાવો કર્યો હતો કે ‘ઑપરેશન સિંદૂર’ સફળ રહ્યું છે. તેમાં ભારતીય લશ્કરની ત્રણે પાંખે હાથ ધરેલી કાર્યવાહીમાં સરહદ પરની અંકુશ હરોળ (લાઇન ઑફ કન્ટ્રોલ) ખાતે પાકિસ્તાનના લશ્કરના ૪૦થી વધુ સૈનિકો અને અધિકારીઓને તેમ જ શત્રુ દેશમાંના ૧૦૦થી વધારે ત્રાસવાદીને માર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ભારતે પાકિસ્તાનમાંના ત્રાસવાદીઓના નવ કેમ્પનો નાશ કર્યો હતો. માર્યા ગયેલા ત્રાસવાદીઓમાં ભારતના વિમાનના અપહરણમાં અને પુલવામા ખાતેના હુમલામાં સંડોવાયેલા યુસુફ અઝહર, અબ્દુલ મલિક રૌફ અને મુદસીર અહેમદનો સમાવેશ થાય છે. ભારતીય સૈન્યએ ત્રાસવાદીઓને ‘વીણી વીણીને’ (શોધીને) માર્યા હતા. અમુક ત્રાસવાદીઓ ભારતના વળતા હુમલાના ડરથી કેમ્પ છોડી ગયા હતા અને તેઓની છાવણીઓ ખાલી કરી હતી.

લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઇએ જણાવ્યું હતું કે પાકિસ્તાનના લશ્કરના ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશન્સે જ ડરીને સામેથી યુદ્ધવિરામ માટે શનિવારે બપોરે ૩.૩૫ વાગ્યે ફોન કર્યો હતો અને સાંજે પાંચ વાગ્યાથી તેનો અમલ કરવા સંમતિ સધાઇ હતી, પરંતુ થોડાં કલાક પછી પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કરતા અમે શત્રુ દેશના લશ્કરી અધિકારીને હૉટલાઇન પર કડક શબ્દોમાં ચેતવણી આપી હતી અને ડ્રોન હુમલા, ગોળીબાર અને તોપમારો તાત્કાલિક બંધ કરવા કહ્યું હતું. હવે સોમવારે બપોરે ૧૨ વાગ્યે ફરી મંત્રણા કરાશે.

ઍર માર્શલ એ. કે. ભારતીએ દાવો કર્યો હતો કે ભારતીય હવાઇદળે પાકિસ્તાનના કેટલાક યુદ્ધવિમાન તોડી પાડ્યા હતા અને ઑપરેશન સિંદૂરમાં ભાગ લેનારા બધા ભારતીય પાઇલટ સલામત છે. તેમણે પણ જણાવ્યું હતું કે ઑપરેશન સિંદૂર સફળ રહ્યું હતું અને અમે અમારું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં સફળ રહ્યા હતા. અમે સીમા પારના લક્ષ્ય પર બહુ જ ચોક્સાઇથી હુમલા કર્યા હતા. પાકિસ્તાનના લશ્કરે ડ્રોનની મદદથી કચ્છથી કાશ્મીર સુધી કરેલા બધા હુમલાને નિષ્ફળ બનાવાયા હતા.

ઍર માર્શલ એ. કે. ભારતીએ જણાવ્યું હતું કે પાકિસ્તાનનું લશ્કર નાગરિક વિમાનોને ઢાલ બનાવતું હતું. ભારતે લાહોરમાંની રડાર સિસ્ટમનો નાશ કર્યો હતો. પાકિસ્તાનના ચકલાલા, મુરીદ, ચુનિયાન, રહીમ યાર ખાન અને સુક્કુર સહિતના છ ઍરબેઝનો નાશ કરાયો હતો. તેમણે જણાવ્યું હતું કે સરગોધા ઍરફિલ્ડને બહુ મોટું નુકસાન પહોંચાડાયું હતું. શત્રુ દેશના જૈકોબાદમાંના યુદ્ધવિમાનોના હૅંગેરનો અને કુલ ત્રણ રડાર સિસ્ટમનો નાશ કરાયો હતો. ઑપરેશન સિંદૂર દરમિયાન ભારતીય નૌકાદળ અરબી સમુદ્રમાંથી પાકિસ્તાનના કરાચી સહિતના અનેક લશ્કરી મથકને લક્ષ્ય બનાવવા તૈયાર જ હતું. (એજન્સી)■

## મણિપુરમાં ૧૧ આતંકીની ધરપકડ

ઇમ્ફાલઃ મણિપુરના વિવિધ ભાગોમાંથી સ્થાનિક લોકો પાસેથી બળજબરીપૂર્વક નાણાં વસૂલવાના આરોપસર ૧૧ આતંકવાદીની ધરપકડ કરવામાં આવી છે. આ માહિતી પોલીસે રવિવારે આપી હતી. આ તમામની શનિવારે ઇમ્ફાલ પશ્ચિમ, કાકચિંગ, બિષ્ણુપુર અને થૌબલ જિલ્લાઓમાંથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે ધરપકડ કરાયેલા આતંકવાદીઓ પાસેથી ભારે માત્રામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો છે. ધરપકડ કરાયેલા આતંકીઓમાં પ્રતિબંધિત કાંગલેઇપાક કોમ્યુનિસ્ટ પાર્ટી (એમસી પ્રોગ્રેસિવ)ના ચાર કાર્યકરોનો સમાવેશ થાય છે.

## પીઓકે, ત્રાસવાદીઓની સોંપણી સિવાયની કોઇ મંત્રણા નહિઃ ભારત

### ‘વહાં સે ગોલી ચલેગી તો યહાં સે ગોલા ચલેગા’

▶ ઑપરેશન ‘સિંદૂર’ ચાલુ જ છે ▶ સિંધુ જળ કરાર સ્થગિત રહેશે ▶ ત્રીજા દેશની મધ્યસ્થી નહિ

નવી દિલ્હીઃ ભારત સરકારે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે પાકિસ્તાનના કબજા હેઠળનું કાશ્મીર (પીઓકે) અને ત્રાસવાદીઓ ભારતને સોંપવા સિવાયના કોઇ પણ મુદ્દે પાડોશી દેશની સાથે મંત્રણા નહિ કરાય. ઑપરેશન ‘સિંદૂર’ ચાલુ રહેશે. સિંધુ જળ કરાર સ્થગિત રહેશે. ભવિષ્યમાં પાકિસ્તાન સાથેની દ્વિપક્ષી મંત્રણામાં કોઇ ત્રીજા દેશની મધ્યસ્થી નહિ સ્વીકારાય. ત્રાસવાદીઓ સહિતના શત્રુઓની સામે કાર્યવાહી કરવાની દેશના સશસ્ત્ર દળોને સંપૂર્ણ છૂટ અપાઇ છે અને હવે દુશ્મનોની સામે જરૂર પડશે ત્યારે વધુ મોટું પગલું લેવાશે.

મોદીએ દેશના સશસ્ત્ર દળોને જણાવ્યું હતું કે ‘વહાં સે ગોલી ચલેગી તો યહાં સે ગોલા ચલેગા’ (પાકિસ્તાન ગોળી છોડશે, તો ભારત તેના પર તોપગોળા ફેંકશે). પાકિસ્તાન હવે ત્રાસવાદ ફેલાવાનું ચાલુ રાખી નહિ શકે.

મોદીએ અમેરિકાના ઉપપ્રમુખ જે. ડી. વેન્સ સાથેની ચર્ચામાં પણ જણાવ્યું હતું કે હવે ભારત પાકિસ્તાનના કબજા હેઠળનું કાશ્મીર પાછું લેવાની જ વાત કરશે અને પાકિસ્તાનમાંના ત્રાસવાદીઓ ભારતને સોંપવા પડશે.

ભારત સરકારે સ્પષ્ટ કર્યું હતું કે પાકિસ્તાન જ્યાં સુધી ત્રાસવાદ ફેલાવાનું ચાલુ રાખશે ત્યાં સુધી સિંધુ જળ કરાર સ્થગિત જ રહેશે.

તેણે જણાવ્યું હતું કે ભારત હાલમાં પાકિસ્તાનની સાથે માત્ર ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશનના સ્તરે જ મંત્રણા કરશે.

(જુઓ પાનું ૨) ▶▶

## ભારતની નેતાગીરીના બહાદુરી અને ડહાપણભર્યાં પગલાનો મને ગર્વ છેઃ ટ્રમ્પ

### ‘યુદ્ધવિરામ ન થયો હોત તો લાખો નિર્દોષ લોકો માર્યા જાત’

ન્યૂ યોર્કઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારતની નેતાગીરીને યુદ્ધવિરામ માટે સહમત થવા બદલ ‘મજબૂત, સ્થિર અને શક્તિશાળી’ ગણાવી હતી અને તેની પ્રશંસા કરી હતી તેમ જ તેના પગલાંને બહાદુરીભર્યું ગણાવ્યું હતું.

ટ્રમ્પે ‘ટ્રૂથ સોશિયલ’ પરની પોસ્ટમાં લખ્યું હતું કે મને ગર્વ છે કે ભારતીય નેતાગીરી ડહાપણ અને હોશિયારી વાપરીને ધૈર્યની સાથે યુદ્ધવિરામ માટે સહમત થઇ છે. બન્ને દેશે જાનમાલને વધુ નુકસાન થતું રોકવા આક્રમણ તાત્કાલિક

(જુઓ પાનું ૨) ▶▶

## જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓના નેટવર્કનો પર્દાફાશઃ ૨૦ સ્થળે પાડ્યા દરોડા

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીર પોલીસની રાજ્ય તપાસ એજન્સી (એસઆઇએ)ને મોટી સફળતા મળી છે. પોલીસે દક્ષિણ કાશ્મીરમાં ૨૦ સ્થળે દરોડા પાડ્યા હતા અને યુએપીએ હેઠળ નોંધાયેલા કેસની તપાસના સંદર્ભમાં એસઆઇએ દક્ષિણ કાશ્મીરના તમામ જિલ્લાઓમાં લગભગ ૨૦ સ્થળે દરોડા પાડ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું કે પોલીસે એક સ્લીપર સેલ મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. દરોડા દરમિયાન મોટી માત્રામાં વાંધાજનક સામગ્રી જપ્ત કરવામાં આવી

(જુઓ પાનું ૨) ▶▶

મુંબઈ સમાચાર બિરદાવે છે
બારમાના વિદ્યાર્થીઓને
જો તમને બારમા ધોરણની પરીક્ષામાં ૭૫ ટકા કે એથી વધુ માર્ક્સ મળ્યા હોય તો મોકલાવો તમારો ફોટો અને વિગતો મુંબઈ સમાચારને.
શું મોકલાવશો? ▶ વિદ્યાર્થીનો ફોટો ▶ માર્કશીટ
ક્યાં વોટ્સએપ કરશો? 7045430579




**વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટનઃ** સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે લખનઊમાં આવેલા બ્રહ્મોસ એરોસ્પેસ ઈન્ટિગ્રેશન એન્ડ ટેસ્ટિંગ ફેસિલિટીનું વર્ચ્યુઅલી ઉદ્‌ઘાટન કર્યું ત્યારે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અને નાયબ મુખ્ય પ્રધાનો કેશવ પ્રસાદ મૌર્ય તેમ જ બ્રિજેશ પાઠક હાજર રહ્યા હતા. (એજન્સી)

## શ્રીલંકામાં બસ અકસ્માતમાં ૨૧નાં મોત

કોલંબોઃ શ્રીલંકામાં એક યાત્રી બસ ખડક પરથી લપસી જતાં ભયંકર અકસ્માત સર્જાયો હતો, જેમાં ૨૧ લોકોનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે ૩૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ માહિતી પોલીસે રવિવારે આપી હતી.

આ અકસ્માત મધ્ય પ્રાંતના કોટમાલેમાં જ્યારે બસ ચાલકે પહાડી વિસ્તારમાં બસને ડાબી બાજુ વાળવાનો પ્રયાસ કર્યો ત્યારે થયો હતો.

પોલીસે જણાવ્યું કે રાજ્ય પરિવહન સંસ્થાની માલિકીની આ બસ ૭૫ યાત્રીઓને દક્ષિણ તીર્થસ્થળ કટારાગામથી ઉત્તર-પશ્ચિમ શહેર કુરુનેગાલા લઇ જઇ રહી હતી, ત્યારે તે ખડક પરથી ૧૦૦ મીટર નીચે ખાબકી હતી. પરિવહન અને રાજમાર્ગ પ્રધાન પ્રસન્ના ગુણસેનાએ જણાવ્યું કે અકસ્માતમાં ૨૧ લોકોનાં મોત નીપજ્યાં છે.

આ દુર્ઘટનામાં ૩૦થી વધુ મુસાફરો ઘાયલ પણ થયા છે.



**જીવલેણ અકસ્માતઃ** શ્રીલંકામાં રવિવારે કોટમાલે બસ નજીક એક બસ ખીણમાં પડી જતાં ૨૧ લોકો માર્યા ગયા હતા. આ અકસ્માત પછી બચાવકાર્ય ચાલુ કરવામાં આવ્યું હતું. (એજન્સી)

નોંધનીય છે કે શ્રીલંકામાં જીવલેણ બસ અકસ્માતો સામાન્ય છે. અવારનવાર બેદરકારીપૂર્વક વાહન ચલાવવાથી અને ખરાબ જાળવણીવાળા રસ્તાઓને કારણે અકસ્માતો થતા રહે છે. ■

## ભરૂચ ભાજપમાં યાદવાસ્થળીઃ હોદ્દેદારોની નિમણૂક મુદ્દે રોષ


(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ભાજપમાં સત્તા માટે ખેંચતાણ સતત વધી છે. થોડા દિવસ પહેલા અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકા વિસ્તારના ધામતવાણ ગામના સરપંચ અને તેમના પતિ વિરુદ્ધ કરોડોના ભ્રષ્ટાચારની ફરિયાદ ગ્રામજનો દ્વારા અમદાવાદ પૂર્વના લોકસભા સાંસદ હસમુખ પટેલને કરવામાં આવી હતી, ત્યારબાદ તેમણે ધારાસભ્ય બાબુસિંહ જાદવને સમસ્યાનું નિરાકરણ લાવવા અને ભ્રષ્ટાચાર સામે પગલાં લેવા જણાવ્યું હતું. ધારાસભ્યએ પણ તેમને વળતો જવાબ આપ્યો હતો. આ વિવાદ બાદ ભરૂચ ભાજપમાં ભડકો થયો છે.

ભરૂચ જિલ્લા ભાજપમાં આંતરિક અસંતોષ ફરી એકવાર જોર પકડી રહ્યો છે. જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદીના નિર્ણયો સામે પાર્ટીના જ સેંકડો કાર્યકરો ફફડ્યા છે. વાલિયા અને ઝઘડિયા તાલુકામાં હોદ્દેદારોની થયેલી નિમણૂક સામે કડક વિરોધ નોંધાયો છે.

ભાજપના સ્થાનિક કાર્યકરોનો આક્ષેપ છે કે વિધાનસભા ક્ષેત્રના જૂના અને નિષ્ઠાવાન કાર્યકરોની અવગણના કરીને પાર્ટીમાં નવા આવ્યા હોય તેવા લોકોને મહત્ત્વના હોદ્દાઓ સોંપવામાં આવ્યા છે. જેને પગલે ૧૦૦થી વધુ કાર્યકરો ભરૂચ જિલ્લાના ભાજપ કાર્યાલયે પહોંચ્યા હતા અને તેમણે જિલ્લા પ્રમુખ સામે ઉગ્ર રજૂઆત કરી હતી.

આ સમગ્ર વિવાદ અંગે ભાજપના જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદીએ જણાવ્યું હતું કે, આ મુદ્દે ચર્ચા કરવા માટે સાંસદ મનસુખ વસાવા, ધારાસભ્યો અને અન્ય હોદ્દેદારોને આમંત્રણ આપવામાં આવ્યું હતું, પણ કોઈ હાજર રહ્યું નહોતું. સાંસદ મનસુખ વસાવાએ પણ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જૂના જોગીઓની અવગણના કરવામાં આવી હોવાના આક્ષેપ કર્યા હતા. ■



**રાષ્ટ્રપ્રમુખો એક સાથે**

શનિવારે યુક્રેનના કીવમાં પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીની સાથે ચાર રાષ્ટ્રોના પ્રમુખ બ્રિટનના વડા પ્રધાન કીર સ્ટાર્મર, ફ્રાંસના પ્રમુખ ઈમાન્યુઅલ મેક્રોન, પોલાન્ડના વડા પ્રધાન ડૉનાલ્ડ અને જર્મન ચાન્સેલર ફ્રેડરીચ મર્ઝ ભેગા થયા હતા અને તેમણે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પને ફોન કર્યો હતો. (એજન્સી)

## પુલવામા હુમલામાં પણ પાકિસ્તાનનો હાથ હોવાનો ખુલાસો

નવી દિલ્હીઃ પહલગામમાં ૨૬ નિર્દોષ ભારતીયોને મારી નાખી પાકિસ્તાને દરેક ભારતીયના હૃદય-મનમાં આગ ફેલાવી દીધી છે ત્યારે હવે તેમાં ઘી હોમવાનું કામ કરતું હોય તેમ સ્વીકાર્યું છે કે ૨૦૧૯માં થયેલા પુલવામા હુમાલામાં પણ તેમનો હાથ હતો.

૨૦૧૯ના પુલવામા આતંકવાદી હુમલામાં પાકિસ્તાનની ભૂમિકા મામલે હંમેશાં તેમણે ઈનકાર જ કર્યો છે ત્યારે હવે પાકિસ્તાની સેનાએ પોતે એક ચોંકાવનારી કબૂલાત કરી છે. પાકિસ્તાની વાયુસેનાના એક વરિષ્ઠ અધિકારીએ પુલવામા હુમલાને ટેક્‌નિકલ બ્રિલિયન્સ કહ્યું છે. એકબાજુ ભારતે કરેલા ઑપરેશન સિંદૂરથી તારાજ થયેલા પાકિસ્તાને પોતે જ કરેલા અમાનુષી હુમલા વિશે ઘટસ્ફોટ કર્યો છે.

પાકિસ્તાન વાયુસેનાના એર વાઇસ માર્શલ અને ડાયરેક્ટર પબ્લિક રિલેશન્સ (ડીજીપીઆર) ઔરંગઝેબ અહેમદે એક પ્રેસ કોન્ફરન્સમાં પુલવામા હુમલાને ટેક્‌નિકલ બ્રિલિયન્સનું ઉદાહરણ ગણાવ્યું.

આ નિવેદન માત્ર પુલવામામાં જ નહીં પરંતુ તાજેતરના પહેલગામ હુમલામાં પણ પાકિસ્તાનની ભૂમિકા પર શંકાઓને વધુ ઘેરી બનાવી રહ્યું છે.

ઔરંગઝેબ અહેમદના આ નિવેદનથી પાકિસ્તાન ઊઘાડું પડી ગયું છે. પાકિસ્તાન વારંવાર દાવો કરતું રહ્યું છે કે પુલવામા હુમલામાં તેમનો કોઈ હાથ નથી.

આ દરમિયાન ઔરંગઝેબ અહેમદ સાથે પાકિસ્તાન સેનાના ડીજી આઈએસપીઆર લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરી અને નૌકાદળના પ્રવક્તા પણ હાજર હતા. પ્રેસ કોન્ફરન્સમાં આપેલું આ નિવેદન આંતરરાષ્ટ્રીય સ્તરે એ સાબિત કરવા પૂરતું છે કે પાકિસ્તાન આતંકવાદને પોષે છે અને ભારતમાં થયેલા આતંકી હુમલા માટે તે પણ એટલું જ જવાબદાર છે.

૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ પુલવામામાં થયેલા આત્મઘાતી હુમલામાં ૪૦ ઈછ્જ્ઞ્ઋ જવાનો શહીદ થયા હતા. આ હુમલાની જવાબદારી જૈશ-એ-મોહમ્મદ (ઉંયખ) એ લીધી હતી.

ભારતે આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાન પર આરોપ લગાવ્યો હતો અને ઘણી વખત નક્કર પુરાવા પણ આપ્યા હતા. પાકિસ્તાન હંમેશા તેનો ઇનકાર કરતું રહ્યું છે, પરંતુ હવે તેના પોતાના લશ્કરી અધિકારીએ સ્વીકાર્યું છે કે પુલવામા હુમલા પાછળ તેની સેના મુખ્ય સૂત્રધાર હતી. આ હુમલા પછી, ૨૬ ફેબ્રુઆરીના રોજ, ભારતે ‘ઓપરેશન બાલાકોટ’ હેઠળ પાકિસ્તાનના બાલાકોટમાં સ્થિત જૈશના સૌથી મોટા આતંકવાદી તાલીમ શિબિર પર એર સ્ટ્રાઈક કરી હતી અને તારાજી વેરી હતી. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકાએ આતંકવાદીઓને ફાયદો કરાવી દીધો

**ભારત** અને પાકિસ્તાન વચ્ચેના ઘર્ષણમાં એન્ટિ ક્લાઈમેક્સ આવી ગયો. ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થશે કે નહીં તેની અટકળો ચાલતી હતી ત્યાં શનિવારે અચાનક જ આશ્ચર્યજનક રીતે ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ માટે સંમત થઈ ગયાં. વધારે આશ્ચર્યજનક વાત એ છે કે, ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ માટે સંમત થઈ ગયાં છે તેની જાહેરાત અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કરી.

ડોનલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર પોસ્ટ મૂકીને કહ્યું કે, અમેરિકાની મધ્યસ્થી હેઠળ ગઈકાલે રાત્રે લાંબી ચર્ચા પછી ભારત અને પાકિસ્તાન તાત્કાલિક અને સંપૂર્ણ યુદ્ધવિરામ માટે સંમત થયા છે એ જણાવતાં મને આનંદ થાય છે. હું બંને દેશોને એક સમજદારીભર્યો અને બુધ્ધિપૂર્વકનો નિર્ણય લેવા બદલ અભિનંદન આપું છું.

ટ્રમ્પના નિવેદને સ્વાભાવિક રીતે જ ગૂંચવાડો પેદા કરી દીધેલો કેમ કે ભારત કે પાકિસ્તાન બંનેમાંથી કોઈ દેશે સત્તાવાર રીતે યુધ્ધવિરામ સ્વીકાર્યો હોવાની જાહેરાત કરી નહોતી. ટ્રમ્પ ભારત અને પાકિસ્તાનના ઝગડામાં પક્ષકાર પણ નથી તેથી પણ ગૂંચવાડો હતો પણ એકાદ કલાકમાં ભારત અને પાકિસ્તાન બંનેએ સત્તાવાર રીતે યુદ્ધવિરામની જાહેરાત કરી નાખતાં ટ્રમ્પ સાચા સાબિત થયા. અલબત્ત ભારત અને પાકિસ્તાન બંનેએ યુદ્ધવિરામ સ્વીકાર્યાની જાહેરાત જે રીતે કરી એ પણ આશ્ચર્યજનક છે.

ભારત તરફથી વિદેશ સચિવ વિક્રમ મિસરીએ યુદ્ધવિરામની જાહેરાત કરી. ટ્રમ્પના નિવેદનના ૩૦ મિનિટ પછી વિદેશ સચિવ વિક્રમ મિસરી સાંજે ૬ વાગ્યે પ્રેસ બ્રીફિંગ માટે આવ્યા અને એલાન કર્યું કે, પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ ડીજીએમઓએ શનિવારે બપોરે ૩:૩૫ વાગ્યે ભારતીય ડીજીએમઓને ફોન કર્યો હતો. આ ફોન પછી શનિવારે સાંજે ૫ વાગ્યાથી બંને પક્ષો ગ્રાઉન્ડ, એર અને સમુદ્રમાં તમામ ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી બંધ કરવા સંમત થયા હતા. આ કરારનો અમલ કરવા માટે બંને પક્ષોને સૂચનાઓ આપવામાં આવી છે અને બંને દેશના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ ડીજીએમઓ ૧૨ મેના રોજ બપોરે ૧૨ વાગ્યે ફરી વાત કરશે.

આશ્ચર્યની વાત એ છે કે, વિક્રમ મિસરીએ માત્ર ૪૨ સેકન્ડમાં પોતાનું નિવેદન વાંચી દીધું અને પછી કશું કહ્યા વિના ચાલ્યા ગયા. કોઈ સવાલ નહીં ને કોઈ જવાબ નહીં. વિક્રમ મિસરીના નિવેદની મિનિટોમાં પાકિસ્તાનના વિદેશમંત્રી ઇશાક ડારે કહ્યું કે, પાકિસ્તાન અને ભારત તાત્કાલિક અસરથી યુદ્ધવિરામ પર સંમત થયા છે. ડારે ડહાપણ પણ ડહોળ્યું કે, પાકિસ્તાન હંમેશાં તેની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા સાથે સમાધાન કર્યા વિના આ ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષા માટે પ્રયત્નશીલ રહ્યું છે. ઈશાક ડારે એવું ચિત્ર ઊભું કરવા પ્રયત્ન કર્યો કે, પાકિસ્તાને નહીં પણ ભારતે સમાધાન કરીને યુદ્ધવિરામ સ્વીકાર્યો છે.

અમેરિકા છેલ્લા ઘણા દિવસોથી ભારત અને પાકિસ્તાન વચ્ચેનો તણાવ ઓછો કરાવવા પ્રયત્નશીલ હતું અને ડોનલ્ડ ટ્રમ્પે તો મધ્યસ્થીની ઓફર પણ કરી હતી. ટ્રમ્પે સૌથી પહેલાં ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ માટે સંમત થઈ ગયાં હોવાની જાહેરાત કરી તેના પરથી લાગે છે કે, ભારત અને પાકિસ્તાન બંનેએ ટ્રમ્પની મધ્યસ્થીની વાત સ્વીકારી છે અથવા સ્વીકારવી પડી છે.

અત્યારે વાસ્તવિકતા એ છે કે, ભારત અને પાકિસ્તાન બંને યુદ્ધવિરામ માટે સંમત થઈ ગયાં છે અને બંને દેશો હવે પછી લશ્કરી કાર્યવાહી કરવાનાં નથી પણ ટ્રમ્પની મધ્યસ્થીથી યુદ્ધવિરામ સ્વીકારાયો હોય તો તેનાથી બહુ મોટો ફરક પડે છે કેમ કે અમેરિકા ભારતીયોની લાગણીને સમજતું નથી અને પોતાનાં હિતો જ જુએ છે. પહલગામ હુમલા પછીનું અમેરિકાનું વલણ જોશો તો આ વાત સમજાશે.

પહલગામના આતંકવાદી હુમલા પછી મેદાનમાં આવેલા અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયો પણ તણાવ ઓછો કરવા મથ્યા કરતા હતા. રૂબિયોએ બુધવારે રાત્રે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને ભારતીય વિદેશમંત્રી એસ. જયશંકર સાથે વાત કરી ત્યારે બંને દેશોને તણાવ ઓછો કરવા અને દક્ષિણ એશિયામાં શાંતિ સ્થાપિત કરવા માટે મળીને કામ કરવા અપીલ કરી હતી. એ પછી અમેરિકાએ જે નિવેદન આપ્યું એ ભારતને માફક આવે એવું નહોતું. બલકે ભારત માટે આંચકાજનક પણ હતું કેમ કે અમેરિકાએ આતંકવાદની નિંદા કરી હતી પણ ભારતને સંયમ રાખવા પણ કહ્યું હતું.

ભારતે શાના માટે સંયમ રાખવો જોઈએ ? પાકિસ્તાનના પીઠ્ઠુ આતંકવાદીઓ ભારતમાં ઘૂસીને ભારતીયોની હત્યા કરે એ પછી પણ અમેરિકા ભારતને સંયમ રાખવાની સૂફિયાણી સલાહ આપ્યા કરતું હતું તેનો મતલબ એ થયો કે, અમેરિકાને ભારતીયો મરી જાય તેનાથી કોઈ ફરક પડતો નથી.

અમેરિકાની મધ્યસ્થીથી થયેલા યુદ્ધવિરામમાં પણ એ જ વાત છે કેમ કે ભારતીયોને મારનારા આતંકવાદીઓને આ યુદ્ધવિરામથી સૌથી વધારે ફાયદો થશે. યુદ્ધથી કોઈને ફાયદો થતો નથી ને નુકસાન જ થાય છે એ કહેવાની જરૂર નથી. આ વાસ્તવિકતાને સ્વીકારીને ભારત અને પાકિસ્તાન બંનેએ નુકસાન નિવાર્યું છે પણ યુદ્ધવિરામના કારણે જે મૂળ મુદ્દો છે એ ઉકેલાયો નથી અને અમેરિકાએ આતંકવાદીઓને ફાયદો કરાવી દીધો છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવના મૂળમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ છે. પાકિસ્તાન આતંકવાદીઓને તાલીમ આપે છે અને પછી ભારતમાં ઘૂસાડીને નિર્દોષ લોકોની હત્યાઓ કરાવે છે. પહલગામમાં એ જ થયેલું ને તેના કારણે ભારતે લશ્કરી કાર્યવાહી કરવી પડેલી. ભારતે લશ્કરી કાર્યવાહીમાં આતંકવાદીઓ સામે જ કરેલી ને આતંકવાદી કેમ્પોનો ખુરદો બોલાવી દીધો હતો. પાકિસ્તાન આર્મી એ પછી તરત પિક્ચરમાં આવ્યું કેમ કે આતંકવાદીઓનું સંરક્ષક પાકિસ્તાનનું આર્મી જ છે તેથી પાકિસ્તાનનું આર્મી ભારતનું ઉપરાણું લઈને કૂદી પડેલું.

ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ માટે સંમત થઈ ગયાં તેનો મતલબ એ થયો કે, ભારત હવે પાકિસ્તાનના લશ્કર સામે કોઈ કાર્યવાહી નહી કરે પણ સાથે સાથે આતંકવાદીઓ સામે પણ કોઈ કાર્યવાહી નહીં કરે. તેના કારણે આતંકવાદીઓને રાહત થઈ જશે. ભારતે પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે) અને પંજાબમાં ઘૂસીને ઘણા બધા આતંકવાદી કેમ્પોનો સફાયો કર્યો પણ આતંકવાદી નેટવર્ક સંપૂર્ણપણે નાશ નથી થયું.

ભારતે સતત હલ્લાબોલ ચાલુ રાખ્યું હોત તો આતંકવાદીઓના બધા અડ્ડા સાફ થઈ ગયા હોત. હવે યુદ્ધવિરામ સ્વીકારી લીધો તેથી ભારતે આતંકવાદીઓ સામેનું ઓપરેશન પણ બંધ રાખવું પડશે. તેના કારણે આતંકવાદીઓને ફરી બેઠા થવાનો સમય મળી જશે. પાકિસ્તાન આર્મીને પણ ફરી પીઓકે અને પાકિસ્તાનના પંજાબ સહિતના વિસ્તારોમાં પણ નવેસરથી આતંકવાદી કેમ્પો ઊભા કરવાનો સમય મળી જશે. મતલબ કે, યુદ્ધવિરામથી સૌથી વધારે ફાયદો આતંકવાદીઓને થશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ,

સોમવાર, તા. ૧૨–૫–૨૦૨૫, વ્રતની પૂનમ, કુર્મ જયંતી, બુદ્ધપૂર્ણિમા

- ભારતીય દિનાંક ૨૨, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ સુદ –૧૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ સુદ–૧૫
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૫મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર સ્વાતિ સવારે ક. ૦૬–૧૬ સુધી, પછી વિશાખા
- ચંદ્ર તુલામાં મધ્યરાત્રિ પછી ક. ૨૬–૨૬ સુધી, પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૨, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૦, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ •ભરતીઃ બપોરે ક. ૧૨–૧૦, રાત્રે ક. ૨૩–૪૫ • ઓટઃ સાંજે ક. ૧૮–૦૬, મધ્યરાત્રિ પછી ક. ૦૫–૫૩ (તા. ૧૩)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, • 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ શુક્લ – પૂર્ણિમા. વ્રતની પૂનમ, વૈશાખી પૂર્ણિમા, વૈશાખસ્નાન સમાપ્તિ, કુર્મ જયંતી, બુદ્ધપૂર્ણિમા, અન્વાધાન, કુલધર્મ, ગંધેશ્વરી પૂજા (બંગાલ), પારસી ૧૦મો દએ માસારંભ., ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૯–૧૪. વિંછુડો પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬–૨૬. • શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

- મુહૂર્ત વિશેષઃ ખાતમુહૂર્ત, ઈન્દ્ર, ચંદ્ર–ગુરુદેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, પંચતત્ત્વનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, કુળદેવી–દેવતાનું પૂજન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, કથા–વાંચન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, મહેંદી લગાડવી, દુકાન–વેપાર, પશુ લે–વેંચના કામકાજ, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, નવા વસ્રો, આભૂષણ, ધાન્ય ઘરે લાવવું, કુર્માવતાર પૂજા, બુદ્ધાવતાર પૂજા. • આચમનઃચંદ્ર–સૂર્ય પ્રતિયુતિ મનની સ્થિરતા જરૂરી, ચંદ્ર–રાહુ ત્રિકોણ કર્મઠ સ્વભાવ. • ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–સૂર્ય પ્રતિયુતિ, ચંદ્ર–રાહુ ત્રિકોણ (તા. ૧૩), (વૈશાખ પૂર્ણિમા યોગ). મંગળ આશ્લેષા પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય–મેષ, મંગળ–કર્ક, બુધ–મેષ, ગુરુ–વૃષભ, શુક્ર–મીન, શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

## ટૅક્નોલૉજીનાં વિવિધ પાસાઓમાં ભારત વૈશ્વિક નેતા તરીકે ઊભરી રહ્યું છેઃ મોદી

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય ટૅક્નોલૉજી દિવસના અવસર પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ૧૯૯૮ના પોખરણ પરમાણુ પરીક્ષણોને યાદ કર્યા અને કહ્યું કે ભારત ટેકનોલોજીના વિવિધ પાસાઓમાં વૈશ્વિક નેતા તરીકે ઊભરી રહ્યું છે. રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ ૧૧ મે, ૧૯૯૮ની મહત્ત્વપૂર્ણ ઘટનાઓની યાદ અપાવે છે જેમાં ભારતે ઓપરેશન શક્તિ હેઠળ સફળ પરમાણુ પરીક્ષણો કર્યાં હતાં અને સ્વદેશી રીતે વિકસિત હંસા-૩ વિમાનની પ્રથમ ઉડાન જોઇ હતી.

આ સિદ્ધિઓના સન્માનમાં તત્કાલિન વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીએ ૧૧ મેના રોજ રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ જાહેર કર્યો હતો. વડા પ્રધાન મોદીએ 'એક્સ' પર એક પોસ્ટમાં લખ્યું હતું કે ''રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસની શુભકામનાઓ, આ દિવસ આપણા વૈજ્ઞાનિકો પ્રત્યે ગર્વ અને કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અને ૧૯૯૮ના પોખરણ પરીક્ષણોને યાદ કરવાનો છે. તે આપણા દેશના વિકાસના માર્ગમાં ખાસ કરીને આત્મનિર્ભરતા તરફની આપણી શોધમાં એક સીમાચિહ્નરૂપ ઘટના હતી.

તેમણે કહ્યું હતું કે, ''આપણા લોકોની મદદથી ભારત ટેક્નોલોજીનાં વિવિધ પાસાઓમાં વૈશ્વિક નેતા તરીકે ઉભરી રહ્યું છે, પછી ભલે તે અવકાશ હોય, એઆઇ હોય, ડિજિટલ ઇનોવેશન હોય, ગ્રીન ટેક્નોલોજી હોય કે પછી અન્ય ઘણુ બધું.'' મોદીએ વિજ્ઞાન અને સંશોધન દ્વારા ભાવિ પેઢીઓને સશક્ત બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને ફરીથી દોહરાવી હતી. તેમણે કહ્યું હતું કે ''ટેક્નોલોજીને માનવતાનું ઉત્થાન કરે, આપણા રાષ્ટ્રને સુરક્ષિત કરે અને ભવિષ્યના વિકાસને ગતિ આપે.'' ■

## ભારત–પાક મંત્રણા દ્વારા મતભેદ ઉકેલેઃ બીજિંગ

### ચીનના વિદેશ પ્રધાને ડોભાલ સાથે મંત્રણા કરી

બીજિંગઃ ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલની સાથે મંત્રણા કરી હતી તેમ જ આશા વ્યક્ત કરી હતી કે નવી દિલ્હી અને ઇસ્લામાબાદ દ્વિપક્ષી મતભેદ મંત્રણા દ્વારા જલદી ઉકેલશે અને યુદ્ધવિરામ કાયમ માટે ચાલુ રાખશે.

દરમિયાન, અજિત ડોભાલે જણાવ્યું હતું કે અમે યુદ્ધને આમંત્રણ નથી આપ્યું, પરંતુ અમે પહલગામમાં નિર્દોષ લોકોની હત્યા કરનારા ત્રાસવાદીઓ અને તેઓને સહાય કરનારા લોકોની સામે કાર્યવાહી કરી રહ્યા છીએ.

ડોભાલે જણાવ્યું હતું કે અમે યુદ્ધ માટે કોઇને ઉશ્કેર્યા નથી. ભારત હંમેશાં શાંતિ અને સ્થિરતામાં માનનારો દેશ છે. ચીનના વિદેશ પ્રધાને જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ત્રાસવાદીઓએ ૨૨ એપ્રિલે નિર્દોષ લોકોની કરેલી હત્યાની ઘટનાને વખોડી હતી.

વાંગ યીએ પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન મહંમદ ઇશાક ડારની સાથે પણ મંત્રણા કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે ચીન ઇચ્છે છે કે ભારત અને પાકિસ્તાન મંત્રણા, સલાહમસલત, બન્ને દેશના હિતને ધ્યાનમાં રાખીને દ્વિપક્ષી સમસ્યા ઉકેલશે અને યુદ્ધવિરામ કાયમ માટે ચાલુ રાખશે. (એજન્સી) ■

## સિક્કિમને નવી રેલવે લાઇન મળશે

ગુવાહાટીઃ સિક્કિમમાં મેલીથી ડેન્ટમ વાયા જોરેથોંગ અને લેગશિપ સુધીની નવી રેલવે લાઇન માટે ફાઇનલ લોકેશન સર્વેને રેલવે મંત્રાલયે મંજૂરી આપી દીધી છે. આ માહિતી એક સત્તાવાર નિવેદનમાં આપવામાં આવી હતી.

ઉત્તરપૂર્વ સરહદી રેલવે દ્વારા હાથ ધરવામાં આવેલા આ સર્વેને ૨.૨૫ કરોડ રૂપિયાના ખર્ચે મંજૂરી આપવામાં આવી છે. તેમાં જણાવાયું છે કે આ પગલું સિક્કિમના દક્ષિણ અને પશ્ચિમ પ્રદેશોમાં રેલ ક્નેક્ટિવિટી વધારવાની દિશામાં એક મોટું પગલું છે.

પ્રસ્તાવિત રૂટનો ઉદ્દેશ્ય મહત્ત્વપૂર્ણ માળખાકીય સુવિધાઓના અંતરને દૂર કરવાનો અને ભારત-નેપાળ સરહદ નજીક ચિવાભંજ્યાંગમાં સ્થિત ડેન્ટમ જેવા દૂરવર્તી શહેરોને રાષ્ટ્રીય રેલવે નેટવર્ક સાથે જોડવાનો છે. પ્રારંભિક સંભવિત સર્વેક્ષણ દરમિયાન નવી લાઇનની અંદાજિત લંબાઇ ૭૫ કિમી હોવાનું અનુમાન છે. જેને નિર્માણાધીન સિવોક-રાંગપો રેલવે લાઇનના વ્યૂહાત્મક વિસ્તરણ તરીકે જોવામાં આવે છે. જે ૨૦૨૭ સુધીમાં કાર્યરત થવાની ધારણા છે.

દક્ષિણ અને પશ્ચિમ સિક્કિમ માટે મુખ્ય પ્રવેશ બિંદુ મેલી પ્રસ્તાવિત વિસ્તરણ માટે જંકશન તરીકે સેવા આપશે, જેથી રાષ્ટ્રીય પરિવહન વ્યવસ્થામાં પ્રદેશનું સરળ સંકલન સુનિશ્ચિત થશે. ■

## લખનઊમાં બ્રહ્મોસ મિસાઇલના ઉત્પાદનનું યુનિટ શરૂ કરાયું

લખનઊઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે રવિવારે લખનઊમાં બ્રહ્મોસ મિસાઇલના ઉત્પાદન અને પરીક્ષણના એકમ (યુનિટ)નું ઉદ્ઘાટન કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે બ્રહ્મોસ માત્ર શસ્ત્ર (મિસાઇલ) નથી, પરંતુ દેશના સશસ્ત્ર દળોની અતુલ તાકાત પણ છે. ભારતની ગણના હવે વિશ્વના બહુ જ શક્તિશાળી દેશમાં થઇ રહી છે. બ્રહ્મોસ મિસાઇલ દુનિયાના સૌથી વધુ ઝડપી સુપરસોનિક (અવાજની ગતિથી વધારે ઝડપવાળા) મિસાઇલોમાંના એક ગણાય છે. આ મિસાઇલ દુશ્મનોને ડરાવવા અને સરહદનું રક્ષણ કરવા પૂરતી ક્ષમતા ધરાવે છે.

સંરક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે અમે દેશની લશ્કરી તાકાતમાં સતત વધારો કરતા રહીએ છીએ અને મને આશા છે કે અહીં શરૂ થયેલું બ્રહ્મોસ મિસાઇલનું સેન્ટર દેશને વધુ શક્તિશાળી બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

રાજનાથ સિંહે જણાવ્યું હતું કે અહીં શરૂ થયેલું બ્રહ્મોસ મિસાઇલના ઉત્પાદન અને પરીક્ષણનું કેન્દ્ર દેશનું આ પ્રકારનું સૌથી મોટું સેન્ટર છે અને તે સંરક્ષણ ક્ષેત્રે દેશને સ્વાવલંબી બનાવવાની દિશામાં આગળ લઇ જશે. આ યુનિટ સરકારી અને ખાનગી ક્ષેત્રોની ભાગીદારી દ્વારા તૈયાર કરાયું છે.

તેમણે જણાવ્યું હતું કે દેશ હવે વિમાનો, ડ્રોન અને શસ્ત્રોનાં ઉત્પાદનમાં રોકાણ વધારી રહ્યો છે. ઉત્તર પ્રદેશનું ડિફેન્સ કૉરિડૉર લખનઊ, કાનપુર, ઝાંસી, ચિત્રકૂટ, આગરા અને અલીગઢમાંથી પસાર થાય છે. આ બધા સ્થળે નવા સેન્ટર શરૂ કરાશે. આ પ્રોજેક્ટ માત્ર ૪૦ મહિનામાં જ તૈયાર કરાયો છે.

રાજનાથ સિંહે જણાવ્યું હતું કે પોખરણ ખાતે ૧૯૯૮માં આજના દિવસે અટલ બિહારી વાજપેયીજીની નેતૃત્વ હેઠળ અણુ-પરીક્ષણ કરીને આપણા વિજ્ઞાનીઓએ દેશની તાકાત વિશ્વને બતાવી દીધી હતી. (એજન્સી) ■

## બ્રહ્મોસ મિસાઈલની તાકાત જાણવી છે તો પાકિસ્તાનીઓને પૂછી લેજોઃ મુખ્ય પ્રધાન યોગીના પાક પર પ્રહાર

લખનઊઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે રવિવારે કહ્યું કે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન બ્રહ્મોસ મિસાઇલની શક્તિની ઝલક જોવા મળી હતી અને જો આ પૂરતું ન હોય તો બ્રહ્મોસ મિસાઇલની તાકાત વિશે પાકિસ્તાનીઓને પૂછી લેજો. તેમણે કહ્યું કે આતંકવાદને કચડી નાખવાનો સમય આવી ગયો છે અને આ માટે સમગ્ર દેશે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એક થવું પડશે.

'બ્રહ્મોસ એરોસ્પેસ ઇન્ટિગ્રેશન એન્ડ ટેસ્ટિંગ ફેસિલિટી'ના ઉદ્ઘાટન સમારોહમાં યોગી આદિત્યનાથે કહ્યું હતું કે, બ્રહ્મોસ મિસાઇલ શું છે? તમે લોકોએ 'ઓપરેશન સિંદૂર' હેઠળ તેની તાકાતની ઝલક જોઈ છે.

જો તમે ન જોઇ હોય તો તમારે પાકિસ્તાનીઓને પૂછી લેવું જોઇએ કે બ્રહ્મોસ મિસાઇલની તાકાત શું છે. વડા પ્રધાને જાહેરાત કરી છે કે હવે કોઈપણ આતંકવાદી ઘટનાને યુદ્ધ તરીકે ગણવામાં આવશે. જ્યાં સુધી આપણે આતંકવાદને સંપૂર્ણપણે કચડી નાખીશું નહીં ત્યાં સુધી સમસ્યાનો ઉકેલ નહીં આવે. તેને કચડી નાખવાનો સમય આવી ગયો છે અને આ માટે સમગ્ર ભારતે એક સ્વરમાં વડા પ્રધાન મોદીના નેતૃત્વ હેઠળ એક થવું પડશે.

યોગી આદિત્યનાથે કહ્યું હતું કે આતંકવાદ એક 'કૂતરાની પૂંછડી' જેવું છે જે ક્યારેય સીધું થઈ શકતું નથી.

આ પ્રેમની ભાષા માનશે નહીં, તેમને તેમની જ ભાષામાં જવાબ આપવા માટે તૈયાર રહેવું પડશે અને ભારતે 'ઓપરેશન સિંદૂર' દ્વારા દુનિયાને સંદેશ આપ્યો છે. ■

## ભારત–પાક મુદ્દે ચર્ચા કરવા વડા પ્રધાનના નેતૃત્વમાં સર્વપક્ષી બેઠક બોલાવવાની કૉંગ્રેસની માગ

નવી દિલ્હીઃ કૉંગ્રેસે રવિવારે પહલગામ ઘટના, ઓપરેશન સિંદૂર અને ભારત અને પાકિસ્તાન વચ્ચે ગોળીબાર તથા લશ્કરી કાર્યવાહી બંધ કરવા માટે થયેલી સહમતિ પર વિસ્તૃત ચર્ચા કરવા માટે વડા પ્રધાનના વડપણ હેઠળ સર્વદળીય બેઠક બોલવવાની માંગ કરી હતી. કૉંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સરકારને કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા. જેમાં શું નવી દિલ્હીએ ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્રીજા પક્ષના હસ્તક્ષેપ માટે દરવાજા ખોલ્યા છે અને શું પાકિસ્તાન સાથે રાજદ્વારી માર્ગો ખોલવામાં આવ્યા છે સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે. તેમની આ ટિપ્પણી ભારત અને પાકિસ્તાન વચ્ચે શનિવારે ચાર દિવસ સુધી સરહદ પારથી ડ્રોન અને મિસાઇલ હુમલાઓ બાદ જમીન, આકાશ અને સમુદ્ર પર તમામ ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી તાત્કાલિક અસરથી બંધ કરવાની સમજૂતિ બાદ આવી છે. જયરામ રમેશે એક્સ પર જણાવ્યું કે ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ વડા પ્રધાનની અધ્યક્ષતામાં સર્વદળીય બેઠક અને પહલગામ, ઓપરેશન સિંદૂર અને પહેલા વોશિંગ્ટન ડીસીથી અને પછી ભારત અને પાકિસ્તાનની સરકારો દ્વારા કરવામાં આવેલી યુદ્ધવિરામની ઘોષણાઓ પર સંપૂર્ણ ચર્ચા કરવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવવાની માગનું પુનરાવર્તન કરે છે. તેમણે કહ્યું કે કૉંગ્રેસનું માનવું છે કે અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયો દ્વારા ભારત અને પાકિસ્તાન વચ્ચે વાટાઘાટો માટે તટસ્થ સ્થળનો ઉલ્લેખ ઘણા પ્રશ્નો ઊભા કરે છે. તેમણે પ્રશ્નો કર્યા કે શું આપણે શિમલા કરાર છોડી દીધો છે? શું આપણે ત્રીજા પક્ષની મધ્યસ્થી માટે દરવાજા ખોલી દીધા છે?

ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ પૂછવા માગે છે કે શું ભારત અને પાકિસ્તાન વચ્ચે રાજદ્વારી માર્ગો ફરીથી ખોલવામાં આવી રહ્યા છે? આપણે કઇ પ્રતિબદ્ધતાઓ માગી છે અને કઇ મળી છે? એમ તેમણે પૂછ્યું હતું. ■

## ઓપરેશન સિંદૂર અંગે વાંધાજનક ટિપ્પણી કરનાર વ્યક્તિ સામે કેસ નોંધાયો

એટાઃ પોલીસે ઓપરેશન સિંદૂર વિરુદ્ધ સોશિયલ મીડિયા પર વાંધાજનક ટિપ્પણીઓ કરવા બદલ એક વ્યક્તિ સામે કેસ નોંધ્યો છે. આ જાણકારી અધિકારીઓએ રવિવારે આપી હતી. સબ-ઇન્સ્પેક્ટર કરમવીર સિંહે પોતાની ફરિયાદમાં જણાવ્યું કે ૧૦ મેના રોજ હું પેટ્રોલિંગ પર હતો ત્યારે ફેસબુક પર વિક્કી ખાન (સાહિલ ખાન)ના એકાઉન્ટથી એક ભડકાઉ વીડિયો વાયરલ થયો હતો. વીડિયોમાં પાકિસ્તાન વિરુદ્ધ હાથ ધરવામાં આવેલા ઓપરેશન સિંદૂર અંગે અપમાનજનક ટિપ્પણીઓ કરવામાં આવી હતી. સિંહે કહ્યું કે ભાજપ વિરુદ્ધ પણ ટિપ્પણીઓ કરવામાં આવી હતી. જેનાથી લોકોમાં રોષ છે.રાષ્ટ્રીય એકતા પર પ્રતિકૂળ અસર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

સિંહ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે શનિવારે કાસગંજ પોલીસ સ્ટેશનમાં વિક્કી ખાન (સાહિલ ખાન) વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા અને માહિતી ટેક્નોલોજી અધિનિયમની કલમ ૧૯૭ (રાષ્ટ્રીય એકતાને નુકસાન પહોંચાડતા આરોપો, દાવાઓ) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું કે સ્થાનિક પોલીસ અને સાયબર સેલે પોસ્ટના સ્ક્રીનશોટ અને ટેક્નિકલ પુરાવા એકત્રિત કર્યા છે. તેમજ આરોપીની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે. ■

## પહેલા પાનાનું ચાલુ

### જમ્મુ–કાશ્મીરમાં

છે અને શંકાસ્પદોને વધુ પૂછપરછ માટે અટકાયતમાં લેવામાં આવ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે દરોડા દરમિયાન નોંધપાત્ર આપત્તિજનક સામગ્રી જપ્ત કરવામાં આવી છે અને શંકાસ્પદોની વધુ પૂછપરછ માટે અટકાયત કરાઇ હતી. પ્રારંભિક તપાસમાં સ્પષ્ટપણે ખુલાસો થયો છે કે આ સંસ્થાઓ આતંકવાદી કાવતરામાં સક્રિય રીતે સામેલ છે, ભારત વિરોધી નિવેદનોનો પ્રચાર કરી રહી છે, જેનો હેતુ ફક્ત ભારતની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાને પડકારવાનો જ નહીં, પરંતુ અસંતોષ, જાહેર અવ્યવસ્થા અને સાંપ્રદાયિક દ્વેષને ઉશ્કેરવાનો પણ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીર પોલીસ કાશ્મીરમાં કામ કરતા આતંકવાદીઓના સહયોગીઓ અને ઓવરગ્રાઉન્ડ વર્કર્સ (ઓજીડબ્લ્યૂ) પર નજર રાખી રહી છે. ટેક્નિકલ ગુપ્ત માહિતી પરથી સંકેત મળે છે કે કાશ્મીરમાં ઘણા સ્લીપર સેલ પાકિસ્તાન સ્થિત તેમના હેન્ડલર્સ સાથે સીધા સંપર્કમાં હતા અને સુરક્ષા દળો અને મહત્ત્વપૂર્ણ સૈન્ય સંસ્થાઓની સંવેદનશીલ જાણકારી વૉટ્સઍપ, ટેલિગ્રામ, સિગ્નલ વગેરે મારફતે પહોંચાડવામાં સામેલ હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આતંકવાદીઓના આ સહયોગી લશ્કર-એ-તોયબા અને જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી કમાન્ડરોના ઈશારે ઓનલાઈન કટ્ટરપંથી પ્રચારમાં પણ સામેલ હતા, જે રાષ્ટ્રીય સુરક્ષા અને અખંડિતતાને જોખમમાં મૂકે છે. ■

### પીઓકે

હાલમાં પાકિસ્તાનની સાથે અન્ય કોઇ બાબતમાં ચર્ચા નહિ થાય. પાકિસ્તાનના લશ્કરના ઉચ્ચ અધિકારીએ યુદ્ધવિરામ માટે ભારતના સૈન્યના અધિકારીનો સંપર્ક કર્યો હતો.

ભારત સરકારનાં સૂત્રોએ જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરમાંના પહલગામમાં ત્રાસવાદીઓએ નિર્દોષ લોકોની હત્યા કરી, તે પછી અનેક દેશે ભારતને સંયમ રાખવા વિનંતિ કરી હતી, પરંતુ નવી દિલ્હીએ તેઓને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે ભારત માત્ર ત્રાસવાદીઓ, તેઓની છાવણીઓ અને તેઓને સહાય કરનારા લોકોને જ લક્ષ્ય બનાવશે. (એજન્સી) ■

### ભારતની નેતાગીરીના

અટકાવવાની જરૂર હતી.

ટ્રમ્પે જણાવ્યું હતું કે યુદ્ધવિરામ થયો નહોત તો લાખો સારા અને નિર્દોષ લોકો માર્યા જાત. તમારું (ભારતીય નેતાગીરીનું) પગલું ખરેખર બહાદુરીભર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ઐતિહાસિક યુદ્ધવિરામ કરાવવા બદલ અમે પણ ગૌરવ અનુભવીએ છીએ. અમેરિકા આ બે મહાન રાષ્ટ્ર (ભારત અને પાકિસ્તાન)ની સાથે વેપાર વધારશે. હું કાશ્મીરની સમસ્યા ઉકેલવા આ બન્ને પાડોશી દેશની સાથે મધ્યસ્થી કરવા તૈયાર છું. ભારતીય નેતાગીરી પર ઇશ્વરના આશીર્વાદ હંમેશાં રહે. બહુ સારું કામ કર્યું છે.અગાઉ, પાકિસ્તાનના ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશને ભારતના ઉચ્ચ લશ્કરી અધિકારીને શનિવારે બપોરે ૩.૩૫ વાગ્યે ફોન કર્યો હતો અને બન્ને દેશ સાંજે પાંચ વાગ્યાથી યુદ્ધવિરામ માટે સમહત થયા હતા, પરંતુ તેના થોડાં કલાકમાં જ પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. (એજન્સી) ■

# ત્રીસ સ્ટાર્ટઅપ્સના લગભગ ૧૦૦ અબજ ડોલરના આઈપીઓ સામે પ્રશ્નાર્થ

નવી દિલ્હીઃ સરહદે પાકિસ્તાની લશ્કરી નાપાક હિમાકત અને યુ.એસ.માં સંભવિત આર્થિક મંદી અને પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની નવી ટેરિફ દરખાસ્તોથી સર્જાયેલ વેપાર તણાવ ભારતીય ટેક સ્ટાર્ટઅપ્સને તેમની આઈપીઓ યોજનાઓ પર પુનર્વિચાર કરવા દબાણ કરી રહ્યા છે. બજારમાં વધતી જતી અસ્થિરતાને કારણે રોકાણકારોની રૂચિ ઘટી છે, જેના કારણે ઘણી કંપનીઓ તેમના લિસ્ટિંગને સ્થગિત કરવાનું વિચારી રહી છે. યુએસ ટેરિફ માત્ર વેપાર જ નહીં પરંતુ વૈશ્વિક સંબંધો અને કંપનીઓની ભાવિ યોજનાઓ પર પણ અસર કરે છે. જ્યાં સુધી સ્થિરતા પ્રાપ્ત નહીં થાય ત્યાં સુધી આઈપીઓ સિઝન નબળી રહેશે. પરંતુ દિવાળી પછી પરિસ્થિતિમાં સુધારો થવાની અપેક્ષા છે.

એક અહેવાલ મુજબ, લગભગ ૩૦ સ્ટાર્ટઅપ્સ, લગભગ ૧૦૦ બિલિયન ડોલરના સંયુક્ત મૂલ્ય સાથે ૨૦૨૭ સુધીમાં શેરબજારમાં પ્રવેશવાની તૈયારીમાં છે. આમાં ફ્લિપકાર્ટ, ફોનપે, લેન્સકાર્ટ, રેઝરપે, ઝેટવર્ક, મીશો અને એથર એનર્જી જેવા મોટા નામોનો સમાવેશ થાય છે.

જો કે, વર્તમાન બજારની સ્થિતિએ આમાંની ઘણી કંપનીઓના પ્લાનમાં ફેરફાર કર્યો છે. એથર એનર્જીએ આ મહિનાના અંતમાં આઈપીઓ લોન્ચ કરવાની યોજના બનાવી હતી, પરંતુ હવે એથર એનર્જી જોકે ઇશ્યૂનું કદ ઘટાડીને મૂડીબજારમાં પ્રવેશી રહી છે.

લિસ્ટેડ કંપનીઓ ટેરિફને કારણે નુકસાન સહન કરી રહી છે અને તે જ અસર સ્ટાર્ટઅપ પર પણ જોવા મળશે. આનાથી તેમના મૂલ્યાંકન અને આઈપીઓના ભાવને અસર થઈ શકે છે. ટેરિફને કારણે ભારતમાં ખાસ કરીને જાહેર બજારોમાં વિદેશી રોકાણમાં ઘટાડો થયો છે. જે કંપનીઓની આવકનો મોટો હિસ્સો વિદેશથી આવે છે અથવા જે વૈશ્વિક સપ્લાય ચેન પર નિર્ભર છે તેઓને વધુ ફટકો પડી શકે છે.

# ...તો કંગાળ નાપાક દેશ પાસે ભીખ માટે કટોરો પણ નહીં બચે!

**હો ટ ટોપિક**

**નિલેશ વાઘેલા**

સરહદે ભારે ટેન્શન છે અને સંપૂર્ણ કક્ષાના યુદ્ધના નગારા વાગી રહ્યાં છે. નાપાક પાકિસ્તાન યુદ્ધ વિરામનો ભંગ કરી ચૂક્યું છે અને ઉપલબ્ધ અહેવાલ અનુસાર ઓપરેશન સિંદૂર હજુ જારી છે. ભારત યુદ્ધ ઇચ્છતું નથી પરંતુ શત્રુ રાષ્ટ્રને કડક પાઠ ભણાવવા માટે સજ્જ છે. પાકી સૈન્ય સરહદે સતત ગોળીબાર કરીને ભારતને ઉશ્કેરવા માગે છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘે તેના મિસાઇલ પરિક્ષણને પણ વખોડ્યું હતું અને તેને ઠપકો આપીને જવાબ તલબ કર્યો હતું. જોકે, આ તરફ આઇએમએફએ એક અબજ ડોલર પણ પધરાવ્યા છે. આપણે આજે તેની આર્થિક કંગાલિયત વિશે વાત માંડવી છે.

જોકે, એક ચર્ચા એ ચાલી રહી છે કે જ્યારે આ પાડોશી ભીક્ષુ રાષ્ટ્ર પાસે ખાવા માટે અનાજ નથી ત્યારે તેને જંગી ... એટલે કે જંગનો તોતિંગ ખર્ચ પરવડશે? એક અહેવાલ વચ્ચે અત્યાર સુધીમાં જ, પહલગામની ઘાતકી ઘટના બાદની વાહિયાત લશ્કરી કવાયાત પાછળ તેના લાખો ડોલરનો ધૂમાડો થઇ ગયો છે. આ ખર્ચનો હિસાબકિતાબ આંકડાકીય રીતે માંડવાનો અર્થ નથી, કારણ કે પુરવાર કરવાની જરૂર જણાતી નથી. ગ્લોબલ રેટિંગ એજન્સી મૂડીઝ રેટિંગ્સે એક રિપોર્ટમાં એવી ટીપ્પણી કરી છે કે જો નાપાક દેશ ભારત સામે બાખડતા રહેવાની મુર્ખાઇ કરશે તો તેની પાસે કદાચ ભીખ માગવાનો કટોરો જ બાકી રહેશે. વાસ્તવમાં ભારતે તેના પર આર્થિક સર્જિકલ સ્ટ્રાઇક કરી જ નાંખી છે. સૌથી મોટો પ્રહાર જળ યુદ્ધ મારફત કર્યો છે, પરંતુ જે આર્થિક દંડાત્મક પગલાં લીધા છે તેને કારણે પાકિસ્તાનનું કથળી ગયેલું અર્થતંત્ર વધુ નીચી ખાઇમાં સરકવા લાગ્યું છે. યુદ્ધ થાય તો પણ તે ભારત સામે ઝાઝું ટકી શકે એટલી એની ઔકાત જ નથી!

યુદ્ધ તો દૂરની વાત છે, જો આ તણાવ અને લશ્કરી અથડામણો લાંબા સમય સુધી ચાલુ રહેશે, તો પાકિસ્તાનને ભયંકર નુકસાન થશે અને તેની નાણાકીય ક્ષમતાને મોટો ફટકો પડશે. આ નાપાક પાડોશી દેશની અર્થવ્યવસ્થાની ગાડી પાટા પરથી ઉતરી જશે. પાકિસ્તાનની આર્થિક સ્થિરતા સામે મોટો ખતરો ઊભો થઇ શકે છે. પાકિસ્તાન પર જંગી વિદેશી કરજ છે અને તેની વિદેશી હૂંડિયામણની અનામત તળિયાઝાટક થઇ ગઇ છે. દૂર્ભાગ્યે આટઆટલા લશ્કરી ઊંબાડિયા વચ્ચે આઇએમએફએ પાકિસ્તાનને એક અબજ ડોલરનું ફંડિંગ કર્યુ છે. જોકે, મૂડીઝે ચેતવણી આપી છે કે વર્તમાન તણાવ પાકિસ્તાનની બીજા દેશો કે આઇએમએફ કે વિશ્વ બેન્ક કે એશિયન ડેવલપમેન્ટ બેન્ક જેવી સંસ્થાઓ પાસેથી વધુ નાણાકીય સહાય મેળવવાની ક્ષમતાને પણ ફટકો મારશે. ઉપરાંત, તેની પાસે હાલ જે વિદેશી હૂંડિયામણ ભંડાર છે, તે આગામી વર્ષોમાં તેના વિદેશ કરજની ચુકવણી કરવા માટે અપર્યાપ્ત છે.

આની સામે ભારતની આર્થિક સ્થિતિ મજબૂત અને સ્થિર છે. એક અહેવાલ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૫માં જ ભારત જાપાનને ખસેડીને વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે અને ૨૦૩૦ સુધીમાં જર્મનીને ખસેડીને આ યાદીમાં ત્રીજું સ્થાન મેળવી લેશે.

ભારત વિશે વાત કરતા, મૂડીઝના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ભારતનું અર્થતંત્ર મજબૂત રીતે વધી રહ્યું છે. ભારતનો જીડીપી વૃદ્ધિ સ્થિર રહે છે, સરકારી રોકાણ વધી રહ્યું છે અને સ્થાનિક બજારમાં મજબૂત કન્ઝ્યુમર સ્પેન્ડિંગ જોવા મળી રહ્યું છે. સૌથી મોટી વાત એ છે કે પાકિસ્તાન સાથે ભારતનો વેપાર નજીવો, ૦.૫% કરતા ઓછો હોવાથી તેના પરના આર્થિક પ્રતિબંધની અસર મર્યાદિત રહેશે.

અલબત્ત, સંરક્ષણ ખર્ચ વધી શકે છે. મૂડીઝે ચેતવણી આપી છે કે જો સરહદ પર તણાવ વધશે તો ભારતને લશ્કરી ખર્ચ વધારવો પડી શકે છે. આની ભારતની નાણાકીય સ્થિરતા પર થોડી અસર પડી શકે છે, પરંતુ એકંદરે ભારતની આર્થિક સ્થિતિ મજબૂત રહેશે. પહલગામના ઘાતકી આતંકવાદી હુમલા બાદ, જળ યુદ્ધ ઉપરાંતના પગલાંમાં ભારત સરકારે આર્થિક અને રાજદ્વારી સ્તરે કડક વલણ અપનાવ્યું અને આર્થિક આક્રમણ કર્યું હતું. જેમાં પાકિસ્તાનથી તમામ પ્રકારની આયાત પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો, ભલે તે ત્રીજા દેશ દ્વારા આવી રહી હોય! ટપાલ સેવા અને પાર્સલ સેવા સ્થગિત કરવામાં આવી છે અને પાકિસ્તાની જહાજોને ભારતીય બંદરોમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ સાથે, ભારતીય જહાજોને પણ પાકિસ્તાની બંદરોમાં પ્રવેશવાની મંજૂરી નથી. સિંધુ જળ સંધિ અને શિમલા કરારનો અંત કરવામાં આવ્યો. ભારતે ૧૯૬૦ની સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી છે, જેની પાકિસ્તાનના જળ અધિકારો પર મોટી અસર પડી શકે છે. જવાબમાં, પાકિસ્તાને ૧૯૭૨ના શિમલા કરારને પણ સ્થગિત કરી દીધો છે અને ભારત સાથે દ્વિપક્ષીય વેપાર બંધ કરી દીધો છે. આ ઉપરાંત, ભારતીય એરલાઇન્સને તેના હવાઈ ક્ષેત્રમાં ઉડાન ભરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. હવે છેલ્લે સીઝફાયર, યુદ્ધ વિરામ બાદ તેનું ઉલ્લંઘન કરીને નાપાક દેશે પોતાની ફિતરત જાહેર કરી દીધી છે તેમ જ ઓપરેશન સિંદૂર જારી છે ત્યારે આ શત્રુ દેશની વધુને વધુ પાયમાલી થતી રહેશે એ નિશ્ચિત છે.

# લશ્કરી અથડામણ લાંબી ચાલે તો રાજકોષીય ખાધ પર દબાણ વધી જશે

મુંબઇઃ પાકિસ્તાને યુદ્ધ વિરામનો ભંગ કર્યો હોવાથી ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર ચાલુ રાખ્યું હોવાથી જો ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સંઘર્ષ વધુ વધશે, તો ભારતની રાજકોષીય ખાધ દબાણમાં આવી શકે છે. અર્થશાસ્ત્રીઓએ ચેતવણી આપી હતી કે જો તણાવ ચાલુ રહેશે તો વધુ દબાણની શક્યતા છે. પરંતુ તેમણે એમ પણ કહ્યું કે જો પરિસ્થિતિ નિયંત્રણમાં રહેશે, તો મેક્રોઇકોનોમિક અસર મર્યાદિત રહેવાની શક્યતા છે. અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે, રાજકોષીય દ્રષ્ટિકોણથી, મૂડી ખર્ચમાં ઘટાડો કરી શકાય છે અને નાણાંનું અન્યત્ર રોકાણ કરી શકાય છે. પરંતુ રાજકોષીય ખાધ ઘટાડવા માટે કોઇ ઉપાય નથી. સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૬ માં રાજકોષીય ખાધને કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) લક્ષ્યાંક ૪.૪ ટકા સુધી ઘટાડવાનો વિચાર કર્યો છે. આ નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે સુધારેલા રાજકોષીય ખાધના ૪.૮ ટકાના લક્ષ્યાંક કરતા ઓછું છે. ઉપરાંત, નાણાકીય વર્ષ ૨૦૩૧ સુધીમાં દેવા-જીડીપી ગુણોત્તરને ૫ચાસ ટકા સુધી ઘટાડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જેમાં બંને બાજુ એક ટકાનો તફાવત રહેશે.

અર્થશાસ્ત્રીઓ માને છે કે જો પરિસ્થિતિ નિયંત્રણમાં રહેશે તો અર્થતંત્ર પર કોઈ મોટી અસર થશે નહીં. પાછલાં દસ વર્ષોમાં ભારતમાં ઘૂસણખોરીની અનિચ્છનીય ઘટનાઓ બની છે અને તેનો જવાબ પણ આપવામાં આવ્યો છે. જ્યાં સુધી આવી ઘટનાઓ નિયંત્રણમાં રહેશે, ત્યાં સુધી તેમની ખાસ અસર થવાની નથી.

મૂડીઝ રેટિંગ્સે જણાવ્યું હતું કે પાકિસ્તાન સાથેના તણાવની ભારતની આર્થિક પ્રવૃત્તિ પર કોઈ મોટી અસર થવાની શક્યતા નથી. પરંતુ સંરક્ષણ પર વધુ પડતો ખર્ચ રાજકોષીય એકત્રીકરણને અસર કરી શકે છે અને રાજકોષીય એકત્રીકરણને ધીમું કરી શકે છે. મૂડીઝ રેટિંગ્સે આગાહી કરી હતી કે સમયાંતરે અથડામણો થશે પરંતુ તે સંપૂર્ણ લશ્કરી સંઘર્ષ તરફ દોરી જશે નહીં. અર્થશાસ્ત્રીઓ કહે છે કે આગામી થોડા દિવસોમાં વિકાસ પર નજર રાખવાની જરૂર છે અને જો તણાવ વધશે તો તેની અસર ખાનગી મૂડી ખર્ચ પર પણ પડી શકે છે. વધારાના ખર્ચથી જીડીપીમાં વધારો થઈ શકે છે.

# યુદ્ધમાં કયા દેશ આપણી સાથે અને કયા દેશ શત્રુ સાથે?

મુંબઇઃ સરહદે પાકિસ્તાન સાથે લશ્કરી અથડામણ ચાલી રહી છે ત્યારે કેટલાક દેશો શાંતિ અને વાતચીત માટે હાકલ કરી રહ્યા છે. જ્યારે કેટલાક ભારત કે પાકિસ્તાન સાથે ખુલ્લેઆમ ઉભા છે. જોકે, આવા દેશોની સંખ્યા મર્યાદિત છે. આ સંદર્ભમાં, ચાલો જાણીએ કે બદલાયેલા સુરક્ષા વાતાવરણ વચ્ચે, જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી કયા દેશોએ ભારત કે પાકિસ્તાનને ખુલ્લેઆમ ટેકો જાહેર કર્યો છે.

પાકિસ્તાન સાથેના તણાવ વચ્ચે ઇઝરાયલે ખુલ્લેઆમ ભારતને પોતાનો ટેકો વ્યક્ત કર્યો છે. પહલગામ હુમલા પછી તરત જ, ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ, ભારતમાં ઇઝરાયલી દૂતાવાસ, રાજદૂત અને અન્ય વરિષ્ઠ ઇઝરાયલી નેતાઓએ આ ઘટનાની નિંદા કરી હતી. નેતન્યાહૂએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ વાત કરીને સંવેદના અને સમર્થન વ્યક્ત કર્યું હતું. ગાઝાપટ્ટીમાં હમાસ સાથે યુદ્ધમાં ફસાયેલા હોવા છતાં, ઇઝરાયલે ભારતને તમામ પ્રકારની સહાયની ખાતરી આપી છે.

પહલગામ હુમલા બાદ ઇટાલીએ પણ ભારતને ટેકો આપ્યો છે. ઇટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે અને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવાની હાકલ કરી છે. ઇટાલીએ પણ ભારતને તમામ પ્રકારના સમર્થનની જાહેરાત કરી છે. જ્યોર્જિયા મેલોનીના કાર્યકાળ દરમિયાન ભારત અને ઇટાલી વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો નોંધપાત્ર રીતે મજબૂત થયા છે. ઇટાલી યુરોપિયન યુનિયનનો એક મુખ્ય દેશ છે.

ફ્રાન્સે પણ ભારતને ટેકો આપ્યો છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને પહલગામ હુમલા પર દુઃખ વ્યક્ત કર્યું અને ભારતને શક્ય તેટલી બધી મદદની જાહેરાત કરી. તેમણે ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવાનો ઉલ્લેખ કર્યો. વિશ્વની મહાસત્તાઓમાંની એક હોવા ઉપરાંત ફ્રાન્સ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું કાયમી સભ્ય પણ છે. તે ભારતનો મુખ્ય સંરક્ષણ ભાગીદાર પણ છે.

ભારત સાથેના તણાવ વચ્ચે ચીને ખુલ્લેઆમ પાકિસ્તાનને ટેકો આપ્યો છે. ચીને કહ્યું છે કે તે પાકિસ્તાનની સાર્વભૌમત્વને ટેકો આપશે અને તેની સાથે મિત્રતા જાળવી રાખશે. ચીન તો ભારતનું કટ્ટર શત્રું છે જ, પરંતુ એ જ સાથે સીઝફાયરના ઉલ્લંઘન બાદ પણ તેણે પાકિસ્તાનને પોતાનો ટેકો દોહરાવ્યો છે.

તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને શેહબાઝ શરીફ સાથે વાત કરી અને તેમને તમામ પ્રકારની સહાયની ખાતરી આપી. એવા પણ અહેવાલો છે કે તુર્કીએ લશ્કરી પરિવહન વિમાનો દ્વારા પાકિસ્તાનને શસ્ત્રોનો મોટો જથ્થો મોકલ્યો છે. એટલું જ નહીં, ભારત સાથેના તણાવ વચ્ચે, તુર્કી વાયુસેનાના કમાન્ડર અને ગુપ્તચર એજન્સીના વડાએ પણ પાકિસ્તાનની મુલાકાત લીધી હતી.

અઝરબૈજાન અને પાકિસ્તાન વચ્ચેની મિત્રતા જાણીતી છે. બંને દેશો ઇસ્લામના નામે એકબીજાને ટેકો આપે છે.

ભારત સાથેના તણાવ વચ્ચે અઝરબૈજાને પણ પાકિસ્તાનને ટેકો આપ્યો છે. તેણે કાશ્મીર અંગે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવોનો મુદ્દો ઉઠાવ્યો છે અને શાંતિ માટે હાકલ કરી છે અને યુદ્ધને બદલે વાતચીત દ્વારા ઉકેલ શોધવા પર ભાર મૂક્યો છે.

## ગુજરાત

# ગુજરાતમાં નમો શ્રી યોજના હેઠળ એક વર્ષમાં ચાર લાખ માતાઓને મળી ₹૨૨૨ કરોડની આર્થિક સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મહિલાઓના સશક્તિકરણ અને માતાઓના સ્વાસ્થ્યમાં સુધારો લાવવા ગત નાણાકીય વર્ષમાં નમો શ્રી યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજનાના સકારાત્મક પરિણામ જોવા મળ્યા અને મહિલાઓના જીવનમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. આંતરરાષ્ટ્રીય માતૃત્વ દિવસ નિમિત્તે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે આપેલી માહિતી અનુસાર, છેલ્લાં એક વર્ષમાં નમો શ્રી યોજના હેઠળ છ લાખથી વધુ મહિલાઓએ નોંધણી કરાવી છે, જેમાંથી લગભગ ચાર લાખ મહિલાઓને રૂ.૨૨૨ કરોડની આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે.

નમો શ્રી યોજના ખાસ કરીને સગર્ભા સ્ત્રીઓ અને માતાઓના સ્વાસ્થ્ય અને પોષણ માટે તેમને આર્થિક સહાય પૂરી પાડવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવી છે. આ યોજનાએ લગભગ ચાર લાખ માતાઓની સમયસર આરોગ્ય તપાસ કરાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, સાથે જ તેમના માટે સંતુલિત પોષણ પણ સુનિશ્ચિત કર્યું છે.

માતા પ્રત્યેનો આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે તેમજ તેમના અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવા માટે દર વર્ષે મે મહિનાના બીજા રવિવારે આંતરરાષ્ટ્રીય માતૃ દિવસ ઉજવવામાં આવે છે. આ વખતે આંતરરાષ્ટ્રીય માતૃ દિવસની ઉજવણી ૧૧ મેએ છે. આંતરરાષ્ટ્રીય માતૃ દિવસ ૨૦૨૫ની થીમ માતાઃ પરિવારનો આધારસ્તંભ છે, જે દર્શાવે છે કે એક માતા જ પરિવારની કરોડરજ્જુ હોય છે અને તેમના વિના સમાજની કલ્પના પણ નથી કરી શકાતી.

ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી નમો શ્રી યોજના હેઠળ પાત્ર મહિલાઓને તેમના પહેલા બે જીવંત બાળકો માટે તબક્કાવાર રૂ. ૧૨,૦૦૦ સુધીની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. આ સહાય કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી માતૃત્વ વંદના યોજના અને જનની સુરક્ષા યોજના હેઠળ પ્રાપ્ત લાભો સાથે સંયુક્ત રીતે આપવામાં આવે છે.

# અમદાવાદની સાબરમતી નદીને સાફ કરાશેઃ પાણી સંપૂર્ણ ખાલી કરી વાસણા બેરેજના દરવાજા રિપેર કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના મધ્યમાંથી વહેતી સાબરમતી નદીને સંપૂર્ણપણે ખાલી કરીને સાફ કરવામાં આવશે. સાબરમતી નદી પર વાસણા ખાતે બેરેજ બનાવવામાં આવ્યો છે. બેરેજના દરવાજાના રિપેરિંગ અને ઉપરવાસમાં માટીના રેમ્પની કામગીરી હાથ ધરવામાં આવનાર છે, જેના માટે રાજ્યના સિંચાઈ વિભાગ દ્વારા સાબરમતી નદીને સંપૂર્ણપણે ખાલી કરવામાં આવી રહી છે. સુભાષબ્રિજથી લઈને વાસણા બેરેજ સુધીના અંદાજિત પાંચ કિલોમીટરથી વધુ લાંબી નદી ખાલી કરી દેવામાં આવશે. નદી સંપૂર્ણપણે ખાલી થયા બાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ દ્વારા નદીની સફાઈ હાથ ધરવામાં આવશે. નદીમાં રહેલો કચરો અને કાપ વગેરે દૂર કરવામાં આવશે. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે જણાવ્યું હતું કે, રાજ્યના સિંચાઈ વિભાગ દ્વારા સાબરમતી નદીને ખાલી કરવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચોમાસા પહેલા વાસણા બેરેજના દરવાજાના રિપેરિંગ અને ઉપરવાસમાં માટીના રેમ્પ બનાવવાની કામગીરી કરવામાં આવનાર છે. ૧૨ મેથી ૫ જૂન સુધી સિંચાઈ વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવનાર હોવાથી સાબરમતી નદીને હાલમાં ખાલી કરવામાં આવી રહી છે. નદી ખાલી કરવામાં આવી હોવાથી તેમાં સફાઈની કામગીરી હાથ ધરવામાં આવશે. જે જગ્યા પર પાણી ઓછું થયું હશે તે મુજબ સફાઈ કરવામાં આવશે. નદીમાં રહેલો કચરો અને કાંપ સહિતની વસ્તુઓ સાફ થશે. નદીના કેટલાક વિસ્તારોમાં હજી પાણી ભરાયેલું છે, જે આગામી દિવસોમાં સુકાઈ જશે ત્યારબાદ તબક્કાવાર ત્યાં સફાઈ કરવામાં આવશે.

# રાજ્યમાં બે થી ત્રણ દિવસ સુધી વાદળછાયાં વાતાવરણ વચ્ચે વરસાદની શક્યતાઃ તાપમાનમાં ઘટાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં હજુ ૨ દિવસ વાદળછાયું વાતાવરણ રહેશે. તાપમાનમાં પણ ૩ થી ૫ ટકાનો વધારો થઈ શકે છે. આ વખતે ચોમાસું સારું રહે તેવી શક્યતા છે. ૯૮ થી ૧૦૬ ટકા વરસાદ વરસી શકે છે.સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, દાહોદ, મહેસાણા, ગાંધીનગર, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, સુરેન્દ્રનગર, પોરબંદર, રાજકોટ, અમરેલી, બોટાદ, મોરબી, જૂનાગઢ, ગીર સોમનાથ અને દીવમાં વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. શનિવારે જૂનાગઢ, પોરબંદર સહિતના જિલ્લામાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, તા. ૨૨મી મે સુધી વાતાવરણ ચોખ્ખું રહેશે. બે દિવસ વાદળીયાં વાતાવરણને લીધે તાપમાનમાં ઘટાડો થશે અને ત્યાર બાદ તાપમાનમાં ૪૦ થી ૪૨ ડિગ્રી સુધીનો વધારો જોવા મળશે. હાલ વરસાદી માહોલ બાદ આગામી સાત દિવસ સુધી રાજ્યમાં ૩ થી ૫ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે. રાજ્યના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. તેમજ પવનની ગતિ ૩૦ થી ૪૦ કિમીની રહેશે. ગુજરાત રાજ્યમાં ૨૪ મે થી પ્રિ-મોનસુન એક્ટિવિટી શરૂ થશે.૨૮મી મે સુધી પવન સાથે વરસાદ પડવાની શક્યતા છે. આ વખતનું ચોમાસું સારું રહેશે. નૈઋર્ત્યમાં ચોમાસામાં ૯૮ થી ૧૦૬ ટકા વરસાદ પડશે.

# અમદાવાદના સિંધુ ભવન રોડ પર આવેલી તાજ સ્કાય હૉટેલને ઉડાડવાની ધમકી મળતા પોલીસ દોડી

અમદાવાદઃ અમદાવાદના સિંધુ ભવન રોડ પર આવેલી તાજ સ્કાય હૉટેલને શનિવારે ઉડાવી દેવાની ધમકી મળી હતી. હૉટેલના સ્ટાફને માહિતી મળતા પોલીસને જાણ કરવામાં આવી હતી.

અમદાવાદના સિંધુ ભવન રોડ પર આવેલી હૉટેલ તાજ સ્કાયને બે દિવસ અગાઉ અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. જેમાં પાંચ મિનિટમાં હૉટેલમાં બૉમ્બ ફૂટશે તેવી ધમકી આપવામાં આવી હતી. ફોન કરનાર વ્યક્તિએ કહ્યું કે પાંચ મિનિટમાં 'બોમ્બ ફટને વાલા હે'. આ માહિતી મળતા હૉટેલના સ્ટાફે પોલીસને જાણ કરી હતી. પ્રાપ્ત થતી વિગતો અનુસાર પોલીસે હૉટેલ પર પહોંચીને બીડીએસ અને ડોગ સ્કવૉડ દ્વારા તપાસ કાર્યવાહી હાથ ધરી હતી. હોટલની લોબી, રિસેપ્શન એરિયા, રેસ્ટોરન્ટ, સ્વિમિંગ પુલ, જીમ વગેરે ભાગોમાં તપાસ કરી હતી. જો કે બે થી ત્રણ કલાકના ચેકિંગ બાદ પણ વાંધાનજક ચીજવસ્તુઓ ન મળતા પોલીસને હાશકારો થયો હતો.પોલીસે વધુ તપાસ કરતા જે નંબર પરથી કોલ આવ્યો હતો તે નંબરની ઊંડાણપૂર્વક તપાસ કરતા જાણવા મળ્યું હતું કે,આ કોલ પાકિસ્તાનના કોડ નંબરથી આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે સરખેજ પોલીસે ટેકનીકલ એનાલિસિસને આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# ગીરમાં એશિયાટિક સિંહની વસ્તી ગણતરી શરૂઃ ૩૫ હજાર ચોરસ કિ.મી. વિસ્તારમાં ચાર દિવસ સુધી ગણતરી ચાલશે

અમદાવાદઃ એશિયાટિક સિંહોની વસ્તી ગણતરીનો ૧૬મો તબક્કો સાસણ ગીર ખાતેથી શરૂ થયો છે. વન પ્રધાન મુળુભાઈ બેરાના જણાવ્યા મુજબ, ૧૦ મેના બપોરે ૨ વાગ્યાથી ૧૧ મે સુધી પ્રાથમિક સીધી દ્રશ્યાવલોકન પદ્ધતિથી સિંહોની ગણતરી થશે. ૧૨ અને ૧૩ મેએ ફાઈનલ ગણતરી હાથ ધરાશે. આ વખતની ગણતરીમાં રાજ્યના ૧૧ જિલ્લા અને ૫૮ તાલુકાના ૩૫,૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે. ગણતરી માટે ૭૩૫ યુનિટ, ૧૧૨ સબ ઝોન, ૩૨ ઝોન અને આઠ રિજન બનાવવામાં આવ્યા છે. દરેક વિસ્તારમાં નિષ્ણાત અધિકારીઓ અને તાલીમબદ્ધ કર્મચારીઓની ટીમ તૈનાત કરવામાં આવી છે. વન વિભાગે આ વર્ષે સિંહોની ગણતરીમાં આધુનિક ટૅકનોલૉજીનો ઉપયોગ કર્યો છે. ડિજિટલ કૅમેરા અને કૅમેરા ટ્રેપ, જીપીએસ-જીઆઈએસ ટૅક્નોલૉજી, રેડિયો કોલરિંગ પદ્ધતિ અને એઆઈ આધારિત ડેટા વિશ્લેષણ સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ગણતરીમાં ડાયરેક્ટ બીટ વેરિફિકેશન અને બ્લોક કાઉન્ટ પદ્ધતિનો પણ ઉપયોગ થઈ રહ્યો છે. આ ટેકનિકલ માહિતીનું સંકલન અને વિશ્લેષણ સાસણ સ્થિત હાઇટ્રેક મોનિટરિંગ યુનિટ દ્વારા કરવામાં આવશે, જે સમગ્ર અભિયાનના કેન્દ્રીય સમન્વય કેન્દ્ર તરીકે કાર્ય કરે છે. આ વખતની ગણતરીમાં વન વિભાગે લોકસહભાગિતા પર વિશેષ ભાર મૂક્યો છે. વિવિધ એનજીઓ, સ્થાનિક સંસ્થાઓ, વન અધિકારીઓ અને કર્મચારીઓ ઉપરાંત ૬૦૦થી વધુ ગ્રામ પંચાયતોના સરપંચો અને આગેવાનો તથા કુલ ૩,૨૫૪ લોકોને ગણતરી માટે વિશેષ તાલીમ આપી તૈનાત કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, એશિયાટિક સિંહોની છેલ્લી ગણતરી ૨૦૨૦માં યોજાઈ હતી, જેમાં ૬૭૪ એશિયાટિક સિંહોની નોંધણી કરવામાં આવી હતી.

# અમદાવાદના શાહીબાગ અને નરોડામાં ૫૮ કરોડના ખર્ચે આઈકોનિક રોડ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના શાહીબાગ અને નરોડામાં આઈકોનિક રોડ બનાવવા માટે ૫૮ કરોડનું બજેટ એએમસી દ્વારા મંજૂર કરવામાં આવ્યું છે.એએમસી દ્વારા વધુ ટકાઉ અને સારા રોડ બનાવવા માટે ચાલુ વર્ષે સાત ઝોનમાં આઈકોનિક રોડ બનાવવાનું આયોજક કર્યું છે. એએમસી દ્વારા આ વર્ષે સાત ઝોનમાં આઈકોનિક રોડ બનાવવા માટે ૫૮ કરોડનું બજેટ એએમસી દ્વારા મંજૂર કરવામાં આવ્યું છે.જેમાં મેયર પ્રતિભા જૈનના શાહીબાગ વોર્ડમાં રુ. ૨૪ કરોડના ખર્ચે નમહાપ્રજ્ઞાજી બ્રિજથી ઘેવર કોમ્પ્લેક્ષથી ડફનાળા સુધીનો રોડ અને નરોડામાં રુ.૩૪ કરોડના ખર્ચે સંત ટેઉરામ બ્રિજથી નાના ચિલોડાથી રિંગ રોડ સુધીના રોડને આઈકોનિક રોડ તરીકે ડેવલોપ કરવામાં આવશે.આઈકોનિક રોડની કામગીરીમાં નક્કી કરેલા બજેટ કરતા ૩૧ થી ૩૫ ટકાનો વધુ ભાવ આપવાને પગલે વિવાદ ઊભો થયો છે.

# અમદાવાદના ગાંધીનગરમાં 'ભારત જોડો અભિયાન' અંતર્ગત રાજ્યપાલના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ

અમદાવાદઃ અમદાવાદના ગાંધીનગરમાં ભારત જોડો અભિયાન અંતર્ગત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષ સ્થાને રાજભવન ગાંધીનગરમાં સર્વધર્મ સમભાવ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં વિવિધ ધર્મના મહાનુભાવો દ્વારા ઉદ્દબોધન કરવામાં આવ્યું હતું. હાલમાં દેશ પર આવેલા સંકટ સમયમાં બધા જ ધર્મના નાગરિકો એક થઈ સરકારને સહકાર આપે અને તમામ નાગરીકો ભારતીય છે તે રીતે સરકારને સાથ આપે.આ બેઠકમાં દરેક ધર્મના વડાઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી અને ભારતના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આતંકવાદને ઝડબાતોડ જવાબ આપ્યો છે તેની સાથે આખો દેશ ઊભો છે. આપણે બધા હંમેશાં સરકાર અને સેનાની સાથે છીએ. દેશ વિરોધી લડાઈમાં સર્વધર્મના નાગરિકો એક થઈ સહયોગ આપવા કટિબદ્ધ છે. દેશની સેનાનું મનોબળ વધે અને ઈશ્વર તેમને શક્તિ આપે તે માટે અમદાવાદમાં સામુહિક પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ બેઠકમાં અલગ-અલગ ધર્મના વડાઓ દિલીપદાસજી મહારાજ, શીખ સંપ્રદાયના પ્રતિનિધિ રાજપાલસિંઘ, મુસ્લિમ સમુદાયના આરીફ મુલતાની, ઈસાઈ ધર્મના રેવરન્ટ જુલિયસ,સ્વામીનારાયણ સંપ્રદાયના સ્વામી રામકૃષ્ણદાસજી, મહામંડલેશ્વર સ્વામી રામમનોહરદાસજી, મોદી કાજી, પારસી આગેવાન ઝેર્સેક રાવ,જૈન આગેવાન શ્રીપાલજી, શીખ ધર્મના કાશ્મીરા સિંઘ વગેરે લોકોએ જણાવ્યું હતું કે, સંકટ સમયે દેશમાં કોઈ ધર્મ નથી તમામ નાગરિકો ભારતીય છે.

# શું ઉદ્ધવનું વેકેશન પર જવાનું સેના (યુબીટી)ની છબીને નુકસાન પહોંચાડશે?

મુંબઈઃ પહલગામ હુમલા દરમિયાન ઉદ્ધવ ઠાકરેનું વેકેશન પર જવાથી લઈને મહત્વપૂર્ણ સર્વપક્ષી બેઠકમાં ગેરહાજરી સુધી, શિવસેના (યુબીટી) કટોકટીના સમયે ગેરહાજરી માટે ટીકાનો સામનો કરી રહી છે, પક્ષના કાર્યકરો અને રાજકીય નિષ્ણાતો કહે છે કે વિરોધ પક્ષ પ્રત્યેની જનતાની ધારણાને અસર થઈ છે.

શિવસેના (યુબીટી)ના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઠાકરે પરિવાર વેકેશન પરથી પાછો ફરી ગયો છે.

ઉદ્ધવ ઠાકરે છેલ્લે ૧૯ એપ્રિલના રોજ એક જાહેર કાર્યક્રમમાં જોવા મળ્યા હતા જ્યારે તેમણે પક્ષના મજૂર સંઘ, ભારતીય કામદાર સેનાને સંબોધન કર્યું હતું. તેમની ગેરહાજરી જમ્મુ અને કાશ્મીરમાં પહલગામ આતંકવાદી હુમલા સાથે થઈ હતી, જેમાં બાવીસમી એપ્રિલે ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

શિવસેનાએ આ વાતનો મુદ્દો બનાવ્યો છે અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને પક્ષના વડા એકનાથ શિંદેએ ગુરુવારે ઠાકરે પર કટાક્ષ કરતા કહ્યું કે પક્ષના નેતાઓ યુરોપમાં રજાઓ ગાળી રહ્યા હતા, જ્યારે તેમના કાર્યકરો કોમામાં હતા.

શિવસેના પક્ષના નેતા અને રાજ્યસભાના સાંસદ મિલિંદ દેવરા વધુ ટીકાત્મક રહ્યા છે. ઠાકરે પરિવાર કેટલો નીચે પડી ગયો છે. જ્યારે પહલગામમાં ગોળીઓ વાગી રહી હતી, ત્યારે તેઓ યુરોપમાં વેકેશન માણી રહ્યા હતા, એમ દેવરાએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. મહારાષ્ટ્રને ફરજ પરના યોદ્ધાઓની જરૂર છે, વેકેશન પર રહેતા પાર્ટ-ટાઇમ નેતાઓની નહીં, એવો કટાક્ષ તેમણે કર્યો હતો. ભારતે પહલગામ આતંકવાદી હુમલાનો બદલો લઈને આતંકવાદી સંગઠનના ગઢ પર હુમલો કર્યાના બે દિવસ પછી, નવમી મેના રોજ બીજી એક પોસ્ટમાં, શિવસેનાના નેતાએ ફરીથી પોસ્ટ કર્યું હતું કે, નઉદાહરણ તરીકે, યુબીટીને લો. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પ્રત્યેની તેમની નફરત ભારત અને મહારાષ્ટ્ર પ્રત્યેની નફરતમાં ફેરવાઈ ગયો છે.થ શિવસેના (યુબીટી)ના એક વિધાનસભ્યે પણ સ્વીકાર્યું હતું કે વેકેશન ગાળવું એ વ્યક્તિગત બાબત હોવા છતાં, આવા સમયે તેમણે જે રજા લીધી તે પાર્ટી માટે યોગ્ય નહોતું.

નપરિવાર વેકેશન પર ગયો હતો અને તેના પર ટિપ્પણી કરવી યોગ્ય રહેશે નહીં કારણ કે તે એક પારિવારિક મામલો છે. પરંતુ હા, આવા સમયે તેમની લાંબી ગેરહાજરી પાર્ટી માટે સારી છબી નિર્માણ કરતી નથી,થ એમ તેમણે કહ્યું હતું.

પાર્ટીના એક અધિકારીએ જણાવ્યું હતું કે, અમને પ્રવાસ કાર્યક્રમની જાણકારી નથી, પરંતુ તેઓ (ઠાકરે) હવે દેશમાં પાછા ફર્યા છે.

ઉલ્લેખનીય છે કે, પહલગામ હુમલા પછી શિંદે મહારાષ્ટ્રથી પ્રવાસીઓને પરત લાવવા માટે જમ્મુ અને કાશ્મીર જવા રવાના થયા હતા.

# કુર્લા એલિવેટેડ રેલવે લાઇનનું કામ પૂરજોશમાંઃ મધ્ય રેલવેનો દાવો

મુંબઈઃ મધ્ય રેલવેમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) અને કુર્લા દરમિયાન પાંચમી અને છઠ્ઠી લાઇનનું કામ ચાલી રહ્યું છે. આ લાઇનને કરણે લોકલ સહિત માલગાડીઓને ફાયદો થશે. આ પ્રકલ્પ હેઠળ ચુનાભટ્ટીથી લોકમાન્ય ટિળક ટર્મિનસ (એલટીટી) સુધી હાર્બર માર્ગ પર લોકલ માટે એલિવેટેડ રેલવે લાઇન એટલે કે કુર્લા ફ્લાયઓવરનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું હોવાનો દાવો મધ્ય રેલવે દ્વારા કરવામાં આવ્યો છે.

આ પુલને કારણે વધુ એક લાઇન ઉપલબ્ધ થશે અને લોકલની ભીડ આંશિક રીતે ઓછી થશે તથા અકસ્માતની ઘટનાઓમાં પણ ઘટાડો થવાની શક્યતા છે. સીએસએમટી અને કુર્લા દરમિયાન પાંચમી અને છઠ્ઠી લાઇનના ૧૭.૫૦ કિલોમીટરના પ્રકલ્પના મહત્ત્વના ઘટક એવા કુર્લા એલિવેટેડ લાઇન માટે ફ્લાયઓવરનું બાંધકામ જાન્યુઆરી, ૨૦૨૪થી પૂરજોશમાં ચાલી રહ્યું છે, એમ મધ્ય રેલવેના સૂત્રોએ જણાવ્યું હતું. પ્રસ્તાવિત પુલનો વિસ્તાર ૧૩૩૯ મીટર જેટલો છે જેમાં સીએસએમટી દિશા તરફથી ૪૧૩ મીટર રૅમ્પ, પનવેલના દિશા તરફ ૪૨૨ મીટર રૅમ્પ અને ૫૦૪ મીટર એટલો સપાટ ભાગ છે. આ ફ્લાયઓવર ઉપર જ કુર્લા સ્ટેશન હશે.

## રેલવેના તાબામાં કેટલી જમીન?

કુર્લા-પરેલ વિભાગ માટે આવશ્યક ૧.૦૧૩ હેક્ટર જગ્યામાંથી એમએમઆરડીએએ ૭૧૪ પ્રકલ્પગ્રસ્તો (પીએપી)નું સ્થળાંતર કર્યા બાદ મે, ૨૦૨૫ સુધી ૦.૫૮૪૭ હેક્ટર જગ્યા (અંદાજે ૬૦ ટકા) રેલવેના કબજામાં આવશે. તેમજ પહેલાથી ૦.૨૬૫ હેક્ટર જગ્યા રેલવેના કબજા હેઠળ છે. જગ્યા સંપાદિત કરવાનું કામ ચાલુ છે.

## રાહદારીઓ માટે સ્કાયવૉક

પૂર્વ-પશ્ચિમ તરફ જનારા રાહદારીઓ માટે કુર્લા ખાતે ફૂટઓવર બ્રિજ (એફઓબી) પ્લેટફોર્મ ક્રમાંક સાત સુધી ઓછા કરવામાં આવશે. તેની જગ્યાએ ટિળકનગરના છેડા સુધી સ્ટેશનના તમામ એફઓબીને જોડનારો એક સ્કાય વૉક બનાવવામાં આવશે.

## સાયન આરઓબીનું શું?

રાહદારીઓને હાલાકીનો સામનો ન કરવો પડે તે માટે સાયન રોડ ઓવર બ્રિજ (આરઓબી)નો પચાસ ટકા ભાગ પાડવાનું કામ થઇ ગયું છે. પાલિકા દ્વારા જૂન, ૨૦૨૬ સુધી કામ પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

# ભારત આતંકવાદ સાથે સમાધાન કરશે નહીં, પાકિસ્તાનનો નાશ કરવાની ક્ષમતા ધરાવે છેઃ એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રવિવારે કહ્યું હતું કે ભારત આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાની નીતિ અપનાવે છે અને પાકિસ્તાનને વિશ્વના નકશા પરથી ભૂંસી નાખવાની ક્ષમતા ધરાવે છે.

તેમની ટિપ્પણી ચાર દિવસના તીવ્ર ક્રોસ બોર્ડર ડ્રોન અને મિસાઇલ હુમલાઓ પછી તાત્કાલિક અસરથી જમીન, હવા અને સમુદ્ર પર તમામ ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી બંધ કરવા માટે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની સમજૂતી થયાના એક દિવસ પછી આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાનને કડક સંદેશ આપ્યો છે કે આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતા અપનાવવામાં આવશે. ભારત આતંકવાદ પર કોઈપણ સમાધાન સહન કરશે નહીં,થ એમ શિંદેએ પત્રકારોને જણાવ્યું હતું.

ભારત પાસે બાહ્ય ખતરાઓનો સામનો કરવાની તાકાત છે, એમ પણ તેમણે કહ્યું હતું.

નભારત વિશ્વના નકશા પરથી પાકિસ્તાનને ભૂંસી નાખવાની ક્ષમતા ધરાવે છે. પાકિસ્તાને ભારતના મક્કમ વલણમાંથી બોધપાઠ લેવાની આવશ્યતકતા છે,થ એમ શિંદેએ કહ્યું હતું.

નાયબ મુખ્ય પ્રધાને કહ્યું કે પાકિસ્તાને પોતાની મર્યાદાઓને ધ્યાનમાં લઈને ભારત સાથે સંઘર્ષમાં ઉતરવું જોઈએ.

# આરોપ પુરવાર ન થવાથી ગેંગસ્ટર છોટા રાજન ૨૦ વર્ષ પછી એક કેસમાં નિર્દોષ જાહેર

મુંબઈઃ ગેંગસ્ટર છોટા રાજન પર એક બિલ્ડરને ધમકાવવાનો કેસ દાખલ થયાના બે દાયકા બાદ વિશેષ અદાલતે તેને નિર્દોષ જાહેર કરતા સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને નાકમિયાબી મળી છે. સાક્ષીઓની જુબાની દરમિયાન દોષી ઠેરવી શકાય તેવા કોઈ પુરાવા નહીં મળવાથી ફરિયાદ પક્ષ આ આરોપ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો છે એમ ન્યાયમૂર્તિએ જણાવ્યું હતું. જોકે, છોટા રાજન હાલ તિહાર જેલમાં છે અને તેને ત્યાં જ રાખવામાં આવશે, મુંબઈના ક્રાઇમ રિપોર્ટર જે ડેની હત્યાના ગુનામાં ગેંગસ્ટર આજીવન કારાવાસની સજા ભોગવી રહ્યો છે. ગુરુવારે છોટા રાજનને નિર્દોષ જાહેર કરતી વખતે મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ) કોર્ટના વિશેષ ન્યાયમૂર્તિ એ.એમ.પાટીલે નોંધ્યું હતું કે બિલ્ડરને ધમકાવવા માટે જે વ્યક્તિએ તેને ફોન પર ફોન કર્યો હતો તે ખરેખર છોટા રાજન હતો કે નહીં એ ફરિયાદી પક્ષનો સૌથી વિશ્વસનીય સાક્ષ ખાતરીપૂર્વક નથી જણાવી શક્યો.

આ કેસની તપાસ કરી રહેલી સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)એ જણાવ્યું હતું કે રિયલ એસ્ટેટ ડેવલપર નંદકુમાર હરચંદાનીને છોટા રાજનના નામે અનેક ધમકીઓ મળી હતી, જેમાં તેણે કેટલાક ઉદ્યોગપતિઓ પાસેથી લેણી નીકળતી રકમ ચૂકવવા જણાવ્યું હતું. (પીટીઆઈ)

# મેટ્રિમોનિયલ સાઈટ પર મળેલી યુવતીના કહેવાથી ફોરેક્સ ટ્રેડિંગ કરી વેપારીએ ૩૯ લાખ રૂપિયા ગુમાવ્યા

થાણેઃ મેટ્રિમોનિયલ સાઈટ પર કન્યાના સંપર્કમાં આવ્યા પછી તેના કહેવાથી ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરનારા ૩૫ વર્ષના વેપારીએ ૩૯.૮ લાખ રૂપિયા ગુમાવ્યા હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

આ પ્રકરણે કલ્યાણના વેપારીએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે શુક્રવારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) (છેતરપિંડી) અને અન્ય સુસંગત કલમો તેમ જ ઈન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ફરિયાદી એક લગ્ન સંબંધી વેબસાઈટ પર યુવતીના સંપર્કમાં આવ્યો હતો. ઑનલાઈન ચૅટિંગમાં બન્નેએ એકબીજાના મોબાઈલ નંબરની આપલે કરી હતી. બાદમાં બન્ને વૉટ્સઍપના માધ્યમથી સંપર્કમાં હતાં. વૉટ્સઍપ ચૅટિંગ દરમિયાન જ યુવતીએ એક કંપનીમાં ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરવા લલચાવ્યો હતો.

યુવતીએ રોકાણ પર અમેરિકન ડૉલરમાં આવક થવાની લાલચ આપી હતી, જેને પગલે ફરિયાદીએ ૧૫ માર્ચથી ૨૫ એપ્રિલ દરમિયાન ૩૯.૮ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. આ પ્રકરણે પોલીસનો સંપર્ક સાધી વેપારીએ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)

# ૨૦૧૭ના એક્સિડન્ટમાં ૮૭ લાખનું વળતર મંજૂર

થાણેઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં મોટર એક્સિડન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલ (એમએસીટી)એ ૨૦૧૭માં ટ્રક સાથે થયેલા અકસ્માતમાં મૃત્યુ પામેલી એક મહિલા અને પરિવારની બે ઈજાગ્રસ્ત વ્યક્તિને ૮૭ લાખ રૂપિયાથી વધુ રકમનું વળતર મંજૂર કર્યું હતું.

એમએસીટીના અધ્યક્ષ એસ બી અગ્રવાલે ટ્રક માલિક મુન્ના મઘાઇ યાદવ અને યુનાઇટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ વિરુદ્ધ દાખલ કરાયેલી અરજીઓની સુનાવણી કરી હતી. આઠમી મેએ આપેલા આદેશની એક નકલ શનિવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. કેસની વિગતો અનુસાર આ અકસ્માત ૨૨ એપ્રિલ, ૨૦૧૭ના દિવસે નાશિક - મુંબઈ હાઇવે પર થયો હતો. સાધવીઓનું એક જૂથ અને તેમના સેવકો નાશિકથી મુંબઈ જાત્રા કરી રહ્યા હતા. કેટલાક પગપાળા હતા અને કેટલાક વ્હીલચેરમાં જઈ રહ્યા હતા ત્યારે એક ટ્રક તેમની સાથે અથડાવાથી એકનું મૃત્યુ થયું હતું અને કેટલાકને ગંભીર ઈજા થઈ હતી. ટ્રિબ્યુનલે અકસ્માત વખતે વ્હીલચેરમાં બેઠેલા રત્નશિલાજી હીરાચંદ ચોપડા જૈન (૬૬)ને રૂ.૩૮.૫૮ લાખ રૂપિયાનું વળતર મંજૂર કર્યું હતું. ભારે ઈજા થવાથી તેઓ પથારીવશ છે. રતની ઉર્ફે રૂપણી હંસદાના પરિવારને ૨૪.૩૨ લાખનું વળતર મંજૂર કરવામાં આવ્યું હતું. સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.

# એસટીની બસોમાં દોઢ દાયકા પછી ટૂ-બાય-ટૂને બદલે થ્રી-બાય-ટૂ સીટિંગ

### આમ કરીને પ્રવાસીઓની સંખ્યા અને આવક વધારવાની નેમ

મુંબઈઃ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એમએસઆરટીસી)ની બસમાં ૧૫ વર્ષ બાદ ફરીથી હવે થ્રી બાય ટૂ સીટની વ્યવસ્થા જોવા મળશે. પ્રવાસીઓની ક્ષમતા અને મહેસૂલ વધારવા માટે એસટી પ્રશાસન દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

ગયા અઠવાડિયાની શરૂઆતમાં એસટી બોર્ડે હાલની ટૂ બાય ટૂ સીટવાળી બસના બદલે થ્રી બાય ટૂ સીટવાળી ૩,૦૦૦ બસ ખરીદી કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી, એમ તેમણે કહ્યું હતું.

થ્રી બાય ટૂ સીટવાળી બસથી એસટી પ્રશાસનને વધુ મહેસૂલ મળશે તથા પ્રવાસીઓને, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારના પ્રવાસીઓને સુવિધાપૂર્ણ પ્રવાસ ઉપલબ્ધ થશે, એમ રાજ્યના પરિવહન ખાતાના પ્રધાન પ્રતાપ સરનાઇકે જણાવ્યું હતું.

'અગાઉ બસમાં ૫૨-૫૫ સીટ હતી જે ઘટીને ૪૦ થઇ ગઇ હતી. તેથી બસની જરૂરિયાત વધી ગઇ, પણ બસની એક ટ્રિપની કમાણીમાં ઘટાડો થયો. તેથી અમે ફરી થ્રી બાય ટૂ સીટની વ્યવસ્થાવાળી બસ દોડાવવાનું નક્કી કર્યું છે', એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

સીટમાં વધારો થવાને કારણે પ્રવાસીઓની સંખ્યામાં વધારો થશે. પ્રવાસીઓ વધતા ખોટ ખાતી એસટીને વધુ આવક થશે. તેથી આ બહુ મહત્ત્વનો નિર્ણય છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

# આરોગ્ય વિભાગની આર્થિક હાલત કથળી, ભાવિ પ્રોજેક્ટ ખતરામાં

મુંબઈઃ વિવિધ મથકોના બાંધકામ પર વધુ પડતા ખર્ચને કારણે છેલ્લા કેટલાક વર્ષોમાં મહારાષ્ટ્ર જાહેર આરોગ્ય વિભાગની આર્થિક હાલત વણસી ગઈ છે. આ સંજોગોમાં નવા પ્રોજેક્ટ અટકી પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.નાણાકીય અવસ્થાનો વિચાર કર્યા વિના અનેક બાંધકામ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવતા તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગેની જવાબદારી વધવાથી અને મર્યાદિત સ્ટાફને કારણે આરોગ્ય વિભાગ ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં મુશ્કેલી અનુભવી રહ્યો છે એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

નવમા પાનાનું ચાલુ

## સિંધુદુર્ગમાં છત્રપતિ શિવાજી

અને ગર્વ સાથે ઉભી કરવામાં આવી છે. માલવણ કિલ્લા પર બનેલી કમનસીબ ઘટના પછી, અમે રેકોર્ડ સમયમાં આ પ્રતિમાને ફરીથી સ્થાપિત કરવામાં સફળ રહ્યા છીએ. હું જાહેર બાંધકામ વિભાગને અભિનંદન આપું છું. શિવેન્દ્રરાજે ભોસલે અને રવીન્દ્ર ચવાણના સમયમાં કામ ઝડપથી આગળ વધ્યું.

આઈઆઈટીના ઇજનેરો અને જે. જે. કોલેજના શિલ્પકારોએ આ પ્રતિમાના નિર્માણમાં યોગદાન આપ્યું છે. એટલા માટે, જો તોફાન આવે તો પણ, તેમની તીવ્રતાનો અભ્યાસ કરીને પ્રતિમા ઉભી કરવામાં આવી છે. આ પ્રતિમા લગભગ ૯૧ ફૂટ ઊંચી છે અને તેમાં ૧૦ ફૂટનું પ્લેટફોર્મ છે. રસપ્રદ વાત એ છે કે, આ દેશની સૌથી ઊંચી પ્રતિમા પણ છે. આગામી ૧૦ વર્ષ સુધી પ્રતિમાની જાળવણી માટે કોન્ટ્રેક્ટર જવાબદાર રહેશે એમ જણાવતાં મુખ્ય પ્રધાને એમ પણ કહ્યું હતું કે અમે કોઈપણ પરિસ્થિતિમાં મહારાજાને અનુરૂપ પ્રતિમા બનાવવાનું નક્કી કર્યું હતું અને તે કાર્ય પૂર્ણ થઈ ગયું છે.

### 'તોફાનમાં પણ પ્રતિમા ટકી રહેશે'

શિલ્પકાર રામ સુતારના દીકરા અનિલ સુતારે જણાવ્યું હતું કે પ્રતિમા પડી ગયા પછી તેઓએ તે શા માટે પડી તેનું ચોક્કસ કારણ તપાસ્યું અને પછી નવી પ્રતિમા ઊભી કરી. આ પહેલાની પ્રતિમામાં ફક્ત લોખંડનો ઉપયોગ થતો હતો, જેના કારણે તેને ૩-૪ મહિનામાં કાટ લાગી ગયો. તેથી, આ પ્રતિમા બનાવતી વખતે અમે કાંસ્ય અને જસત જેવી ધાતુઓનો ઉપયોગ કર્યો. આ તે ધાતુ છે જેનો ઉપયોગ અમે ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા બનાવવા માટે પણ કરી રહ્યા છીએ. તેથી, પ્રતિમાને ટકાઉ બનાવવા માટે તેનો ઉપયોગ કરવાનું વિચાર્યું હતું. ઉપરાંત, પ્રતિમા ચક્રવાતમાં પણ ટકી રહે તે માટે નક્કર યોજનાઓ બનાવવામાં આવી છે. દરમિયાન, મહારાજની પ્રતિમાની ઊંચાઈ ૬૦ ફૂટ છે, તલવાર સુધીની પ્રતિમાની કુલ ઊંચાઈ ૯૩ ફૂટ છે. તેમણે એમ પણ કહ્યું કે પ્લેટફોર્મ ૧૦ ફૂટ ઊંચો છે.

## બે દિવસથી ગુમ

શેખે પુત્રી ગુમ થઈ હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવી હતી.

પોલીસે સગીરાની શોધ હાથ ધરી હતી, પરંતુ તેની કોઈ ભાળ મળી નહોતી. શનિવારની રાતે નાળા પાસેથી દુર્ગંધ આવતી હોવાની ફરિયાદ સ્થાનિક રહેવાસીઓએ કરી હતી. રહેવાસીઓએ જ નાળા પાસેના કચરામાં તપાસ કરતાં સગીરાનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવની જાણ થતાં શિવાજી નગર પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સગીરાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. પોલીસ પોસ્ટમોર્ટમના અહેવાલની રાહ જોઈ રહી છે. અહેવાલ પરથી સગીરના મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાશે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## ઑપરેશન સિંદૂર માટે

બીજા કેસમાં મલાડમાં કૅબલ નેટવર્કનો વ્યવસાય ધરાવતા ૨૬ વર્ષના યુવકે શુક્રવારે માલવણી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે યુવક તેના મોબાઈલ ફોનમાંના કોન્ટેક્ટ લિસ્ટમાંના લોકોનાં વૉટ્સઍપ સ્ટેટસ જોતો હતો ત્યારે તેની નજર વાંધાજનક પોસ્ટ પર પડી હતી. સ્ટેટસ પર એવો મેસેજ હતો કે સરકાર જ્યારે આડેધડ નિર્ણયો લે છે ત્યારે બન્ને તરફના નિર્દોષોએ કિંમત ચૂકવવી પડે છે, નહીં કે સત્તાવાળાઓએ. પછી મિશન સિંદૂરના ઉલ્લેખ સાથે આ મેસેજમાં અશ્લીલ શબ્દપ્રયોગ કરાયો હતો.

ફરિયાદીના કહેવા મુજબ તેના કોન્ટેક્ટ લિસ્ટમાં બ્યુટી પાર્લરના નામે આ નંબર સેવ કરવામાં આવ્યો હતો. ફરિયાદને આધારે માલવણી પોલીસે ૪૦ વર્ષની બ્યુટિશિયન વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

## મુંબઈ યુનિવર્સિટી

માટે પણ તૈયાર રહેશે. દરિયાકાંઠાના જિલ્લાઓ અને પુણે, નાસિક અને છત્રપતિ સંભાજીનગરમાં આયોજિત મૉક ડ્રિલ બાદ સિવિલ ડિફેન્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ કવાયતોનો ઉદ્દેશ સ્વયંસેવકો અને સામાન્ય લોકોમાં જાગૃતિ લાવવાનો હતો. આ મૉક ડ્રિલમાં સિવિલ ડિફેન્સ, હોમગાર્ડ, એનડીઆરએફ અને અન્ય કટોકટી પ્રતિભાવ એજન્સીઓના લગભગ ૧૦,૦૦૦ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. એક અધિકારીએ જણાવ્યું હતું કે સરકાર સિવિલ ડિફેન્સને મજબૂત બનાવવા માટે યોગ્ય પગલાં લઈ રહી છે અને તેનું પુનર્જીવન મળી રહ્યું છે. સિવિલ ડિફેન્સ માટે મંજૂર માનવશક્તિ ૪૨૦ કર્મચારીઓની હોવા છતાં, રાજ્યભરમાં ફક્ત ૧૩૫ સ્ટાફ સભ્યો સાથે કામ ચલાવવામાં આવી રહ્યું છે.

તેમણે કહ્યું હતું કે રત્નાગિરિ અને સિંધુદુર્ગ જેવા કેટલાક એકમોમાં ફક્ત એક જ પૂર્ણ-સમયનો સરકારી કર્મચારી છે. 'કટોકટીની સ્થિતિમાં સિવિલ ડિફેન્સને તેની એમ્બ્યુલન્સ અને વાહનોની જરૂર પડે છે. જો કે, હાલનાં ઘણાં વાહનો ખરાબ સ્થિતિમાં છે, જેમાં કેટલાક સ્ક્રેપ થવાના આરે છે,' એમ અધિકારીએ નોંધ્યું હતું. સ્વયંસેવકોને હાલમાં તેમની સેવા માટે ૧૫૦ રૂપિયાનું દૈનિક ભથ્થું મળે છે. આ રકમ વધારીને ૫૦૦ રૂપિયા પ્રતિ દિવસ કરવા માટે સરકાર સમક્ષ દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

## મલાડ સબ-વેમાં ફ્લડિંગ

તેમણે જણાવ્યું હતું કે મલાડ નીચાણવાળો વિસ્તાર હોવાથી થોડા વરસાદમાં પણ મલાડ સબ-વેમાં પાણી ભરાઈને વાહનવ્યવહાર ઠપ થઈ જાય છે. તેથી અહીં પૂર્ણ ક્ષમતા સાથેના પમ્પ બેસાડવામાં આવશે પણ કાયમી ઉકેલ સ્વરૂપે અહીં રેલવે પરિસરમાં પાણી ભરાય નહીં તે માટે રેલવે હદમાં પાણીનો સંગ્રહ કરવા માટે ટેન્ક બાંધી શકાય કે નહીં તેની ફીઝિબિલિટી સ્ટડી બાદ નિર્ણય લેવામાં આવશે.

# હિન્દુ મરણ

કનૈયાલાલ ગણપતરામ નાયક મૂળ વતન કુણઘેર હાલ ભિવંડીના રહેવાસી તા. ૭-૫-૨૫ના દેવલોક પામ્યા છે. સ્વ. ભાવનાબેનના પતિ. સ્વ. બચુભાઇના ભાઇ. સ્વ. સુમનબેનના દિયર. શિલ્પા, અમિત, જીજ્ઞેશના પિતાશ્રી. કમલેશકુમાર, વર્ષા, દીપિકાના સસરા. ભરતભાઇ, અશોકભાઇ, ભાનુભાઇ, ભગીરથભાઇના બનેવી. આદિત્ય, ધ્યાના, ક્રિષ્ણાના દાદા. બેસણું અને બારમું તા. ૧૮-૫-૨૫ રવિવારે ૧૧થી ૩, (સાથે બ્રહ્મ ભોજન). ઠે. ભિવંડી માનસરોવર બિલ્ડિંગ નં.બી-૪, ફ્લેટ નં.જી-૨માં રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ કેવદ્રા હાલ વિરાર સ્વ. કુમુદબેન ચંદ્રકાંત વિઠલાણી ના પુત્ર જય વિઠલાણી (ઉં.વ.૪૫) તે સ્વ. ઉષાબેન પ્રવિણકુમાર પંડ્યા ના જમાઈ, જસ્મીના ના પતિ, રાજના પિતા, રૂપા જીજ્ઞેશ લાખાણીના ભાઈ. તા. ૧૦/૫/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

તરેડવાળા હાલ વસઇ સ્વ. કંચનબેન પ્રભુદાસ સંઘવીના સુપુત્ર વિજયકુમાર (ઉં. વ. ૮૫) તે કુંદનબેનના પતિ. સ્વ. ભાવેશભાઇ, પ્રીતિબેન, મયૂરભાઇ, ધર્મેન્દ્રભાઇના પિતાશ્રી. જતીનકુમાર, ક્રિષ્ણાબેન, જયોતિબેનના સસરા. સ્વ. દમયંતીબેનના ભાઇ. મોટા માચીયાળાવાળા સ્વ. તાપીબેન અમૃતલાલ મહેતાના જમાઇ. ગુરુવાર તા. ૮-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લોહાણા**

મૂળ ગામ ભંડારીયા હાલે કલ્યાણ ના સ્વ.જયાબેન વનમાળીદાસ તન્નાના સુપુત્ર રજનીકાંતભાઈ (ઉ.વ.૭૩) તે હંસાબેન ના પતિ તે હિતેશભાઈ, દિપ્તીબેન દીપકકુમાર કોટક, મેઘાબેન સચિન કુમાર ઉનડકટ ના પિતાશ્રી તે હરેશભાઈ, સ્વ દેવેન્દ્રભાઈ, ચંદાબેન હિતેશકુમાર કારીયાના મોટાભાઈ તે સ્વ.દામજી વીરજી મજેઠીયા ના જમાઈ તા.૯/૫/૨૫ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા.૧૨/૫/૨૫ ના રોજ સાંજે ૪.૩૦ થી ૬. ઠે. જલારામ હોલ, લોહાણા મહાજન વાડીની પાછળ, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કલ્યાણ વેસ્ટ ખાતે રાખેલ છે.

**શ્રીમાળી બ્રાહ્મણ**

મોરબી નિવાસી હાલ મુંબઇ ગં. સ્વ. નીલાબેન નાગેન્દ્ર દવે (ઉ.વ. ૯૦) તે બિંદુ, ડોલી, કિન્નરી, અલ્પા તથા ચેતનના માતુશ્રી. તે કિરણ, યતીન, ભગીરથ તથા લોપાના સાસુ. તે ઋષભ, સલોની, નિરાલી, ત્વીષા, પ્રીયા, પુરુષાર્થના નાની. તે હર્ષના દાદી. તા. ૧૦-૫-૨૫ના શનિવારે શીવધામ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# પારસી મરણ

રોશન ખુશરૂ દલાલ તે ખુશરૂ જમશેદજી દલાલના ધણિયાની. તે મરહુમો સુનામાય તથા જીવનજી વકીલના દીકરી. તે નૌઝર ને રયોમંદના મમ્મી. તે હુઝાન એન. દલાલના સાસુજી. તે મરહુમો રતી, કેકી, જાલ, રૂસી, હીરા ને હોમીના બહેન. તે મરહુમો પીલુ તથા જમશેદજી દલાલના વહુ. (ઉં. વ. ૮૯) રે. ઠે. ડી/૨૯૦૨, લોયડસ એસ્ટેટ, વિદ્યાલંકાર કોલેજ રોડ, વડાલા પૂર્વ, મુંબઇ-૪૦૦૦૩૭. પાયદસ્તઃ તા. ૧૨-૫-૨૫ના સવારે ૭.૪૫ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની ઓલબ્લેસ બંગલીમાં. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૨-૫-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની ઓલબ્લેસ બંગલીમાં.

હુતોક્ષી જાલ બાદશાહ તે મરહુમ જાલ નાદીરશાહ બાદશાહના વિધવા. તે મરહુમો ખોરશેદ તથા શેરીયાર કે. દારૂવાલાના દીકરી. તે આવા જાલ બાદશાહ ને આશીશ જાલ બાદશાહના મમ્મી. તે માહરૂખ રૂસી પટેલના બહેન. (ઉં. વ. ૭૯) રે. ઠે. ૧૭/એ/૨ રૂસ્તમ બાગ, સંત સાવતા માર્ગ, માસીના હોસ્પિટલની નજીક, ભાયખલા, (પૂર્વ), મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૨-૫-૨૫ ને બપોરે ૩.૪૫ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની ભાભા બંગલી નં-૧માં.

મીનુ શાપુરજી ભાવનગરી તે મરહુમ રતી મીનુ ભાવનગરીના ધણી. તે મરહુમો ફ્રેની તથા શાપુરજી જહાંગીરજી ભાવનગરીના દીકરા. તે શાપુર ને ફીરોઝાના પપ્પા. તે શીરીન શાપુર ભાવનગરી ને દારાયશ ખુરશેદ કાપડીયાના સસરા. તે મરહુમો જીમી શાપુરજી ભાવનગરી ને ખુરશેદ પેશી નારીયેલવાળાના ભાઇ. (ઉં. વ. ૮૯) રે. ઠે. છેડા સદન, ૩જે માળે, ૧૧૫, ચર્ચગેટ, મુંબઇ-૪૦૦૦૨૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૨-૫-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની હોડીવાલા બંગલીમાં.

કેરશી સોરાબજી બોધાનવાલા તે ફ્રેની કેરશી બોધાનવાલાના ખાવીંદ. તે મરહુમો અરનવાઝ તથા સોરાબજી ફરામજી બોધાનવાલાના દીકરા. તે નવલ, હોમી, વિરાફ ને કેશમીરા પટેલના પપ્પા. તે ફરીદા બોધાનવાલા, પરવીન બોધાનવાલા, રૂમી પટેલ, અરનવાઝ બોધાનવાલાના સસરા. તે શેહરૂ, જાલ, રતી તથા મરહુમો ડોલી, રોશન ને હોમાયના ભાઇ. (ઉં. વ. ૯૩) રે. ઠે. એન-૧૨, ભરૂચા બાગ, એસ. વી. રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૩-૫-૨૫ના બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની ભાભા બંગલી નં-૨માં.

# જૈન મરણ

ભાવનગર નિવાસી હાલ મુલુંડ સ્વ. સૂરજબેન પ્રતાપરાય પરશોતમદાસ શાહના સુપુત્ર નવીનચંદ્ર (ઉં. વ. ૮૧) ગુરુવાર, તા. ૮-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ડોલરબેનના પતિ. સેજલબેન, મીનલબેન વિજયભાઇ, મોનાલીબેન રાહિલભાઇના પિતાશ્રી. તે કેવિન, ન્યાસા, ઇવાના નાના. સ્વ. મૂળજીભાઇ ભાણજીભાઇના જમાઇ. હિંમતભાઇ, ચિમનભાઇ-ઉમરાળાવાળાના ભાણેજ. પ્રાર્થનાસભા તા. ૧૩-૫-૨૫ના ૧૦થી ૧૧.૩૦. ઠે. ધ ક્રાઉન બેન્કવેટ, ૭મે માળે, વિકાસ સેન્ટર, એન.એસ. રોડ જંકશન, સેવારામ લાલવાની રોડ, મુલુંડ (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભીંસરા હાલે સાંતાક્રુઝના શ્રી આણંદજી ધારશી દેઢીયા (ઉ.વ. ૭૩) તા. ૧૦-૫-૨૫ ના અરિહંતશરણ પામ્યા છે. ઉંમરબાઈ ધારશીના સુપુત્ર. દમયંતીબેનના પતિ. કાર્તિક, મનીષ, વૈભવીના પિતા. બિદડાના હીરબાઈ માલશી મારૂના જમાઈ. પ્રાર્થના : શ્રી માટુંગા કચ્છી મૂ.પૂ. શ્વે. જૈન સંઘ સંચાલિત નારાયણજી શામજી વાડી, બપોરે ૪ થી ૫.૩૦. નિવાસઃ આણંદજી દેઢિયા, એ-૭૦૨, પ્રભાત રેસીડેન્સી, સાંતાક્રુઝ જીમખાનાની સામે, વી.એન.દેસાઈ હોસ્પિટલની આગળ, ૬ઠ્ઠો રોડ ના કોર્નર પર, સાંતાક્રુઝ (ઈસ્ટ).

બારોઇના ચંદ્રકાંત હરખચંદ (દામજી) કેનીયા (ઉ.વ. ૬૯) તા. ૧૦-૫-૨૨૫ના અવસાન પામ્યા છે. કેસરબેન હરખચંદ હીરજીના સુપુત્ર. ભારતીબેનના પતિ. હેતલ (ડીંકી) જીનલના પિતાશ્રી. નરેન્દ્ર, જ્યોતીના ભાઈ. કસ્તુરબેન વાલજી મેઘજી નીસરના જમાઈ. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં.: કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦. નિ. ચંદ્રકાંત કેનીયા, ડી-૨૧, જીવનબહાર સોસા., એન.જી. આચાર્ય માર્ગ, ચેમ્બુર (ઈ.).

વાંકીના મનોજ કેશવજી ભાણજી છેડા (ઉ.વ. ૫૮) તા. ૧૦-૫-૨૦૨૫નાં અવસાન પામેલ છે. કેસરબેન કેશવજીના સુપુત્ર. મિનાલીના પતિ. ખુશાલીના પિતા. ચંદ્રકાંત, નયનાના નાના ભાઇ. ગુંદાલાના વિમળાબેન લાલજી શામજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મનોજ છેડા, સી/૫૦૯, રાજશ્રી સોસાયટી, સોડાવાલા લેન, બોરીવલી (વે), મું. ૯૨.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ સામખીયારીના સ્વ.જયંતિલાલ રવજી રીટા (ઉં.વ.૭૦) તા. શનિવાર તા. ૧૦.૫.૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. માતુશ્રી રત્નાબેન રવજીના સુપુત્ર, વેલુબેનના પતિ, જયા, નયના, નિકિતા, પંકજ, જીનલના પિતાશ્રી, નાનાલાલ નરેશ, મયુર, હાર્દિક, નયનાના સસરા. જીયાંસીના દાદા. નિલેશ, ક્રિષા, ક્રિસ્પી, સંયમ, હેની દ્રિષાન ના નાના. હાંસઈબેન લખધીર ગડાના જમાઈ. પ્રાર્થના સભા સોમવાર તા. ૧૨-૫-૨૫ સમય સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ સ્થળ.શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ સંચાલિત શ્રી કરશન લધુભાઈ નિસર હોલ, દાદર-વેસ્ટ.

**કચ્છી ગુર્જર જૈન**

ગામ કચ્છી માંડવીના હાલ મુલુંડ દીલીપભાઇ તે રંભાબેન તારાચંદ જગશી શાહના સુપુત્ર (ઉં. વ. ૭૦) શનિવાર, તા. ૧૦-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રેખાબેનના પતિ. તે જીનેશ-અવની, રૂપાબેન-નિલેશભાઇના પિતાશ્રી. સ્વ. અનિલભાઇ-મધુબેન, મહેશભાઇ-પ્રવિણાબેન, નિર્મળાબેન (જીવતીબેન) - સ્વ. ઇશ્વરભાઇ, કમલબેન-રજનીકાંતભાઇના ભાઇ. તે સ્વ. ગુલાબબેન દોલતભાઇ જેઠાલાલ શાહના જમાઇ. પ્રાર્થના સોમવાર, તા. ૧૨-૫-૨૫ના ૪થી ૬. ઠે. જીવરાજ ભાણજી સભાગૃહ, અશોકનગર, મેહુલ ટૉકીઝ પાસે, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ

## મનન

# મૃત્યુની પ્રતીક્ષા

હેમંત વાળા
feedback@bombay samachar.com



**જિંદગીનો** સૌથી કઠિન તબક્કો એ કહેવાય કે જ્યારે જીવવાની ઈચ્છા ન હોય અને મૃત્યુ ન આવે. જિંદગીની સૌથી કઠિન સ્થિતિ એ કહેવાય જ્યારે જીવવા માટે કોઈ કારણ ન હોય છતાં જીવનનો અંત આવતો ન હોય. જિંદગીની સૌથી મુશ્કેલ પરિસ્થિતિ એ છે કે જ્યારે મૃત્યુની ઝંખના હોય અને મૃત્યુ દૂર રહે. જ્યારે જિંદગીના બધાં જ સંબંધો નિરર્થક જણાયાં પછી પણ તે સંબંધ-યુક્ત વાતાવરણમાં અસ્તિત્વ ટકી રહે, કોઈપણ ભાવનાત્મક સંબંધ માટે કોઈ અવકાશ ન હોય, કોઈપણ પ્રકારની ક્રિયા કે પ્રવૃત્તિ માટે રસ શેષ ન હોય, શરીરના કોઈ ધર્મ માટે સભાનતા વધી ન હોય, દરેક સ્થાનેથી લગભગ મન પરત થયું હોય, બધું જ વ્યર્થ જણાતું હોય, દરેક પ્રકારની દોડ થંભી ગઈ હોય, સંબંધોની પોકળતા અને નશ્વરતા ધ્યાનમાં આવી ગઈ હોય, સ્વયંનું અસ્તિત્વ પણ ક્યારેક કંટાળાજનક લાગતું હોય, દરેક પ્રકારની ક્ષમતા ક્ષીણ થઈ ચૂકી હોય અને જીવવા માટે કોઈ કારણ ન વધ્યું હોય તો પણ મૃત્યુ ન આવે એ જીવનની સૌથી મુશ્કેલ ઘડી છે. કર્મફળનો ભોગવટો હજુ બાકી હશે.

શ્વાસ લેવાની ઈચ્છા ન હોય પણ શ્વાસ લેવાતો હોય, ટેકો જોઈતો ન હોય છતાં પણ લેવો પડતો હોય, સંબંધોના તાણાવાણા તોડવાં હોય છતાં તે સંબંધો જાણે ટકી રહેવાં માગતા હોય, દરેક પરિસ્થિતિથી છૂટા પડવાની ઈચ્છા હોય અને પરિસ્થિતિ જ જાણે જકડી રાખતી હોય, મૃત્યુનું આગમન વેંત છેટં જણાતું હોય છતાં પણ જાણે તે પહોંચની બહાર હોય, કશું જ કરવાની ઈચ્છા ન હોય છતાં પણ કરવું પડતું હોય, પોતાની નજરથી પણ ઓઝલ થઈ જવાની જલ્દી હોય છતાં પણ બધું નજરે ચડતું હોય અને બધાંની નજરે ચડી જવાતું હોય, લગભગ નિષ્ક્રિયતામાં સમય પસાર થતો હોય છતાં પણ લાગે કે સમય જાણે થંભી ગયો હોય, આંખ ખોલવાની પણ ઈચ્છા ન હોય પણ આંખ ખુલ્લી રહેતી હોય અને ક્યારેક અતિ પ્યારી લાગતી દિલની ધડકન પણ દુશ્મન સમાન જણાતી હોય, છતાં પણ મૃત્યુ દૂર રહે. જીવનની આ એક સૌથી તકલીફજનક પરિસ્થિતિ છે.

એમ કહેવાય છે કે આશા સદાય જીવંત રહે છે. વાત સાચી છે, એક સમય સુધી જીવવાની આશા હોય અને ત્યારબાદ મૃત્યુ માટે આશા બંધાય. એક સમય સુધી બંધનની આશા હોય પછી મુક્તિ માટે અપેક્ષા જાગે. જીવનના એક તબક્કા સુધી વિવિધ બાબતો પર સ્વામીત્વ સ્થાપવા માટેનાં પ્રયત્નો થાય તો ક્યારેક સ્વામીત્વના લગાવથી મુક્ત થવા માટેની ઈચ્છા જાગે. ક્યારેક સમગ્ર દુનિયા પર પ્રભુત્વ સ્થાપવા માટે પ્રયત્નશીલ રહેનાર વ્યક્તિને જીવનના અંત ભાગમાં આ પ્રભુત્વ અર્થવિહીન લાગે. પછી બધાંથી છૂટી જવું હોય, બધી પરિસ્થિતિમાંથી બહાર નીકળી જવું હોય, બધી જ માન્યતા અને ધારણાનો ત્યાગ કરવો હોય, જે અસ્તિત્વ સરસ રીતે ટકાવી રાખવા અત્યાર સુધી પ્રયત્ન કર્યો હોય તે અસ્તિત્વ હવે બિનજરૂરી જણાતું હોય. છતાં પણ મૃત્યુ દૂર રહે.

અમુક સમય પછી જીવવાની ઈચ્છા પણ નાશ પામે છે. જોકે બધાંને આમ નથી થતું હોતું. કેટલાંક લોકો છેલ્લાં શ્વાસ સમયે પણ હજુ શ્વાસ વધુ ચાલુ રહે તેવી આશા રાખતાં હોય છે. આ પણ એક કઠિન સ્થિતિ છે. મૃત્યુ ઇચ્છતા હોઈએ ત્યારે મૃત્યુ ન આવે અને મૃત્યુને દૂર ધકેલવા પ્રયત્ન કરીએ ત્યારે મૃત્યુ પોતાનું વર્ચસ્વ સ્થાપી દે, આ બંને પરિસ્થિતિમાં કદાચ એક સમાન તકલીફ પડે. સૂક્ષ્મ ભેદ હોઈ શકે, પરંતુ અસ્વીકૃતિ તો બંને પરિસ્થિતિમાં પીડાજનક જ રહેવાની. કર્મફળ ભોગવવાના હજુ બાકી હોય તો જ આમ થાય.

મૃત્યુની આ દૂરીનો તબક્કો સકારાત્મકતાથી લેવાની જરૂર છે. અહીં ઘણી અદભુત સંભાવનાઓ ઊભી થતી હોય છે. ઈશ્વર સ્મરણ માટે વધુ સમય મળી શકે, દુનિયાની અને દુનિયા સાથેનાં સમીકરણોની નિરર્થકતા વધુ ધ્યાનમાં આવી શકે, જાત પ્રત્યેનો લગાવ હજુ ઓછો થઈ શકે, વ્યર્થ બાબતોની વ્યર્થતા વધુ સમજમાં આવી શકે, પોતાનાં સમગ્ર જીવનનું વિશ્લેષણ તટસ્થતાથી વધુ વ્યવસ્થિત થઈ શકે, શ્રેય અને પ્રેયનો તફાવત વધુ સ્પષ્ટ રીતે સમજી શકાય તેવી સંભાવના ઊભી થઈ શકે, ગુરુદેવની થોડી વધુ કૃપાની અપેક્ષા જાગી શકે, શ્વાસનું વધુ ઝીણવટ ભરેલું અવલોકન શક્ય બને, શરીરની નશ્વરતા પ્રત્યે વધુ ધ્યાન જઈ શકે, મનનો પ્રપંચ વધુ સમજમાં આવી શકે અને આ બધાં સાથે સંપૂર્ણ મુક્તિ માટેની ઈચ્છા વધુ દ્રઢ બની શકે. મૃત્યુ મોડું આવે તે પણ એક વરદાન છે.

ઈશ્વર પ્રત્યેનો લગાવ ઓછો ન થવો જોઈએ, ઈશ્વરની કૃપા પ્રત્યે અવિશ્વાસ જાગ્રત ન થવો જોઈએ, સૃષ્ટિના નિયમો બાબતે શંકા ઊભી ન થવી જોઈએ, પરમ પરમાત્માની ન્યાય પદ્ધતિ માટે ફરિયાદ ઊભી ન થવી જોઈએ, 'અહમ બ્રહ્માસ્મિ'ની અવધારણા પણ ક્ષીણ ન થવી જોઈએ, નિરાશ થયા વગર અંતે શુભ થશે જ તે પ્રકારનો ઈશ્વર-વિશ્વાસ જાળવી રાખવો જોઈએ - એકંદરે એમ કહી શકાય કે ઈચ્છા હોય તો પણ મૃત્યુ ન મળે તો તેને પણ ઈશ્વરનો આશીર્વાદ સમજવો જોઈએ.


પરિસ્થિતિ માનવીને આધીન નથી હોતી. પરિસ્થિતિમાં કેવાં પ્રકારની સંભાવના સ્થાપિત કરવી તે માનવી નક્કી કરી શકે. સમય માનવીના નિયંત્રણમાં નથી પણ તે સમયનો ઉપયોગ કેવો કરવો તે વાત માનવી નિર્ધારિત કરી શકે. મૃત્યુ માનવીની ઈચ્છાનો વિષય નથી પણ મૃત્યુ સુધીનો સમય કઈ રીતે વ્યતીત કરવો તે માનવીની માનસિકતા પર ચોક્કસ આધાર રાખે છે. દરેક પરિસ્થિતિ યોગ્ય છે અને દરેક પરિસ્થિતિમાં અપાર આધ્યાત્મિક સંભાવનાઓ રહેલી હોય છે. ■

# માણસના મનને ચગદી નાખો તો એનું કેટલું પાપ લાગે?

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@
bombaysamachar.com



અદ્રોહ સર્વભૂતેષુ-મનથી પણ કોઈનો દ્રોહ ન કરો. તમને બળ બહુ મળશે. તમે જલદીથી ભક્તિમાં સફળ થશો. આજે તો સંસારમાં માનસિક ચિત્તદિશા એવી થઈ ગઈ છે કે કોઈ કોઈને માટે કહે કે ફલાણો માણસ બહુ સજ્જન છે, તો આપણા મનમાં તરત જ થશે કે તમારો કોઈ સગો હશે. એવું લાગે છે, સારો છે,એની ખાતરી શી? પણ કોઈ આપણને કહે કે ફલાણો માણસ ખરાબ છે,તો વિના વિચારે આપણે કહીએ કે હા,એ તો અમને પહેલેથી ખબર છે. આપણને એ જન્મ્યા ત્યારથી ખબર છે. તને જન્મ્યો ત્યારથી ખબર છે? મૂર્ખા ! તું આ જ ધંધો કરે છે? તારી પ્રવૃત્તિ જ આ છે? અદ્રોહઃ સર્વભૂતેષુ મનસા,કર્મણા-માનવીનું માનસિક સ્તર કેટલું નીચે છે તેનું આ પ્રમાણ છે. એટલે મેં ગઈ કાલે કહ્યું કે નિદ્રાવાળો સારો,તંદ્રાવાળો ખરાબ. નિદ્રાવાળો સારો,ક્ષમાને પાત્ર કે બિચારો સૂઈ ગયો છે,પણ તંદ્રાવાળો ખરાબ છે. અદ્રોહઃ સર્વ ભૂતેષુ...પ્રાણીમાત્રનો દ્રોહ ન કરવો. વનસ્પતિમાં પણ જીવ છે,એથી કોઈનો દ્રોહ ન કરવો. પત્થરમાંયે સુક્ષ્મ માત્રામાં જીવ છે. પરમાત્મા બધામાં હોય તો પત્થરમાં પણ હોવો જોઈએ,પરંતુ એટલું અન્વેષણ માણસ હજુ કરી શક્યો નથી. પણ ભારતે, પૂર્વનો આ દેશ, એમાંયે હિંદુ સભ્યતા, અદ્ભુત કામ કર્યું છે. પથ્થરની મૂર્તિ બનાવીને એમાં પ્રાણ પૂર્યો છે કે આમાં અમારો ઈશ્વર છે.

ભારતીયોનું આ સંશોધન છે કે પત્થરમાંયે અતિ સૂક્ષ્મ પ્રમાણમાં ક્યાંક જીવ પડ્યો છે. અને દસ-વીસ વર્ષોમાં એવી શોધ થાય કે પત્થર સાથે મીટર બાંધી એના હૃદયના ધબકારા નોંધવામાં આવે. એ પત્થર પર કોઈ જલ ચઢાવતું હોય,ચંદન ચઢાવતું હોય,ત્યારે મીટર કંઈ જુદું બતાવતું હશે અને કારણ વગર કોઈ ઘણ મારતું હશે, ત્યારે એ મીટર કંઈક જુદું બતાવતું હશે. બનવા જોગ છે. એનામાં ચેતન તત્ત્વ ન હોત તો બે પત્થરો ઘસતાં એમાંથી ચકમક નહિ ઝરતે, એમાંથી આગ ઉત્પન્ન નહિ થાત અને અગ્નિ ચેતન તત્ત્વ છે. ભલે એને પ્રકૃતિમાં જડ તત્ત્વ તરીકે ગણ્યું છે. પણ એ કંઈક પ્રકાશ કરે છે, એનો ચમકારો થાય છે, એમાંથી તણખો ઝરે છે. ચેતનતાના ગુણો એમાંથી મળે છે. વૃક્ષમાં તો લાગણી તત્ત્વ છે એવું અમેરિકામાં સંશોધન થયું જ છે. વૃક્ષને પાણી પાઓ તો એની પ્રસન્નતા મીટરમાં દેખાય, એનાં પાન વગર કારણે તોડો કે એને કુઠારાઘાત કરો તો એ નારાજ થાય છે,એવા પ્રમાણો વિજ્ઞાનીઓએ સિદ્ધ કર્યા છે. કોઈનામાં ચેતના અતિ સૂક્ષ્મ છે,તો માનવ ભાગ્યશાળી છે કે ચેતના એનામાં પ્રગટ થાય છે. કોઈનો પણ દ્રોહ ન કરો. આ દેશ દરેક પત્થરને શાલિગ્રામ કહેતો રહ્યો. કંકરને શંકર ગણ્યા છે. બધા જ પત્થરને કંઈ પૂજવાની વાત નથી,શિવતત્ત્વ છુપાયેલું છે. હરેક કંકર શંકર છે, શિલા શાલિગ્રામ છે. હિંદુઓ ઘણા બુદ્ધિમાં છે. એમનાં આચાર્યો, અન્વેષકો અદ્ભુત,એમનું અકાટ્ય દર્શન છે,જે સમાજને આપ્યું છે. એવું દર્શન આપનાર સમાજને કોમવાદી કહેવો એ અપરાધ છે. હશે કોઈ જડ વાતો કરે,એ વાત જુદી છે,પણ ભારતીય સભ્યતા છે,હિંદુસ્તાની છે,આત્મદર્શન છે. એને મૂળમાં તમે જુઓ. ઉપર ઉપરથી ન જુઓ. સકલ જડ ચેતનમાં પ્રભુ છે. આ બધું રામમય છે. કંઈ ન હોય,પણ પત્થર પર સિંદૂર લગાડી દો તો માણસો પગે લાગતા થઈ જાય! પછી ભયથી કે ગમે તે રીતે,પણ એને એમાં પ્રાણતત્ત્વ દેખાવા માંડે!

અદ્રોહઃ સર્વભૂતેષુ મનસા, કર્મણા, ગિરા-મન,કર્મથી કોઈનો દ્રોહ ન કરો તો તમે શીલવાન છો. ગઈકાલે આપણે ગાતા હતા તે પાનબાઈ જેવી ગંગાસતી, ગામડાંની સ્ત્રી કેવા સાધુનું પદ સ્વીકાર્યું ? કેવા સાધુના ચરણોમાં વારંવાર વંદન કરવા કહ્યું ? કેવા સાધુને શીલવાન કહીએ ?

શીલવાન સાધુને વારેવારે નમીએને,જેના બદલે નહિ વ્રતમાન રે,
ચિત્તની વૃત્તિ જેની રહે સદા નિર્મળ,મહારાજ થયા મેરબાન રે.
એવા શીલવંત સાધુને પાનબાઈ, વારેવારે નમીએ ને,બદલે નહિ વ્રતમાન રે... 'શીલ ન કસ અસ હોહિ' તો શીલની એવી વ્યાખ્યા છે, અદ્રોહઃ સર્વભૂતેષુ મનસા, વચસા, ગિરા-મનથી પણ કોઈનો દ્રોહ થાય એવું વિચારવું નહિ; કર્મથી કોઈને ચોટ લાગે એવું વર્તન કરવું નહીં અને વાણીથી પણ કોઈનો દ્રોહ થાય એવું વચન ઉચ્ચારવું નહીં. 'રામચરિતમાનસ'માં ગોસ્વામીજી કહે છે કે-

परम धर्म श्रुति बिदित अहिंसा ।
पर निंदा सम अध न गरीसा ।।

અહિંસા પરમ ધર્મ છે. અહિંસાનો સીધો સાદો અર્થ થાય છે, હિંસા ન કરવી. કીડીને ન મારવી એ અહિંસા;પશુ-પક્ષીને ન મારવાં એ અહિંસા, જીવ-જંતુઓને ન મારવાં એ અહિંસા, કોઈ પણ વ્યક્તિ-મનુષ્યને ન મારવાં એ અહિંસા. એ તો છે જ. આપણે ક્યાં કોઈને મારીએ છીએ ? અજાણતાં કીડી મરી જાય પણ આપણે જાણીબુઝીને ક્યાં મારીએ છીએ? તો શું આપણે અહિંસક થઇ ગયા? નહીં, અહિંસાનો અર્થ છે મન,વચન અને કર્મથી કોઈને પણ આપણે દુઃખ ન આપીએ, એ અહિંસા છે. કીડીને ન મારો એ જરૂર અહિંસા છે,પણ કોઈનું દિલ દુભાવો તો એ હિંસા છે. મનુષ્ય જન્મ મળ્યો છે તો પરમ ધર્મ એ છે કે આપણાથી કોઈનું દિલ ન દુભાય !

એક ફૂલ,એને તમે આમ મસળી નાખો ચૂંટીને,તો જોનારને પણ નહિ ગમે,તમને પણ નહિ ગમે અને ફૂલને શું થતું હશે એ તો ફૂલ જાણે! ફૂલને આમ ચગદી નાંખો તો ફૂલનું શું થતું હશે? એક સુમનને ચગદવાનું આટલું પાપ લાગે તો માણસના મનને ચગદી નાંખો તો એનું કેટલું પાપ લાગે? કોઈના મનને મુરઝાવી નાંખવાનું કેટલું પાપ થાય? કોઈના મનની હત્યા કરવાનું કેટલું પાપ લાગે? અને તેથી સત્સંગ કરનારાઓએ મનના વિચારો પણ એવા નહિ કરવા કે કોઈનું મન દુઃખી થાય; એવી પ્રવૃત્તિ નહિ કરવી,એવું વર્તન નહિ કરવું કે કોઈનો દ્રોહ થાય.

(સંકલન : જયદેવ માંકડ)■

# શિવતાંડવ એટલે સંહારરૂપી નૃત્ય - લીલા

## અલૌકિક દર્શન

ભાણદેવ
bhandev@bombay
samachar.com



(ગતાંકથી ચાલુ)

૬. શિવતાંડવ :

તાંડવ શિવજીનું નૃત્ય છે, તેથી તે શિવતાંડવ કહેવાય છે. શિવ તાંડવનૃત્ય ઘણા ઉગ્ર સ્વરૂપનું નૃત્ય છે. શિવ પ્રલયકાળે આ નૃત્ય કરે છે, તેથી શિવતાંડવ-નૃત્યને પ્રલયકાળનું નૃત્ય પણ કહે છે.

શિવજી સંહારના દેવ પણ ગણાય છે અને પ્રલયકાળે બ્રહ્માંડના સંહાર માટે શિવ તાંડવનૃત્ય કરે છે. નૃત્ય તો એક લીલા છે. અહીં નૃત્ય અને સંહારને એકરૂપ ગણ્યાં છે. શા માટે? એમ સૂચવવા માટે કે સર્જન જેમ એક લીલા છે, તેમ સંહાર પણ તેની લીલા જ છે.

જેને આપણે સંહાર ગણીએ છીએ, મહાપ્રલય ગણીએ છીએ તે પણ શિવ માટે તો એક નૃત્ય છે, એક લીલા છે. આમ, શિવતાંડવ એટલે સંહારરૂપી નૃત્ય, સંહારરૂપી લીલા.

૭. શિવરાત્રિ અને મહાશિવરાત્રિ :

કાળનો પ્રવાહ અખંડ સ્વરૂપે વહી રહ્યો છે. કાળના આદિ અને અંત જાણી શકાય તેમ નથી. કાળનો પ્રવાહ સમભાવે અને સમાન સ્વરૂપે વહી રહ્યો છે. આમ છતાં કાળનો કોઈક ખંડ વિશિષ્ટ પણ હોય છે. કાળના આવા ખંડને વિશિષ્ટ કાળ પણ કહે છે. શ્રીઅરવિંદ આવા વિશિષ્ટ કાળને ભાગવતી ક્ષણો (Hour of God) કહે છે.

પ્રત્યેક માસની કૃષ્ણપક્ષની ત્રયોદશીને શિવરાત્રિ ગણવામાં આવે છે. આ એક એવો સમય છે, જ્યારે શિવતત્ત્વ સાથે સંપર્ક સાધવાની ઘટના સરળ બને છે. સાધક માટે શિવતત્ત્વ માટે સંપર્ક સ્થાપિત કરવા માટે આ સમય વધુ અનુકૂળ સમય છે. તેથી આ તિથિને શિવરાત્રિ ગણવામાં આવે છે. પ્રત્યેક માસની કૃષ્ણપક્ષની ત્રયોદશીને આ કારણસર શિવરાત્રિ કહેલ છે. શિવરાત્રિ એટલે શિવ સાથે સંપર્ક સ્થાપિત કરવા માટેની રાત્રિ.

માઘમાસની શિવરાત્રિ આ બધી અર્થાત્ બારે શિવરાત્રિઓમાં પણ વિશિષ્ટ સ્થાન ધરાવે છે, સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે, તેથી તેને મહાશિવરાત્રિ ગણવામાં આવે છે, જે સમયનો સદુપયોગ કરી લે, તે ડાહ્યો માણસ ગણાય છે.

**શિવજીનાં નામઃ**

શિવજીનાં અનેક નામ છે. 'અષ્ટાધ્યાયી રુદ્રી'ના પાંચમાં અધ્યાયમાં શિવજીનાં અનેક નામો ગણાવેલ છે. આ ઉપરાંત પુરાણો તથા શિવસ્તોત્રોમાં પણ શિવજીનાં અનેક નામ ગણાવેલ છે. શિવજીનાં અનેક નામો અને તેમનો અર્થ શિવસ્વરૂપને સમજવામાં મહત્ત્વપૂર્ણ સહાય કરે તેમ છે. તેવાં કેટલાક નામ અને તેમના અર્થ અહીં પ્રસ્તુત છેઃ

| | | | |
|---|---|---|---|
| ૧. | શિવ | = | મંગલસ્વરૂપ |
| ૨. | શંકર | = | કલ્યાણ કરનાર |
| ૩. | ગિરીશ | = | કૈલાસગિરિના અધિપતિ |
| ૪. | ભોળાનાથ | = | સરળ કે ઋજુ સ્વભાવના |
| ૫. | મહાકાલ | = | કાલના અધિપતિ અર્થાત્ કાલાતીત |
| ૬. | ત્ર્યંબક | = | ત્રિનેત્રયુક્ત |
| ૭. | નીલકંઠ | = | વિષ ધારણ કરવાને લીધે જેમના કંઠનો વર્ણ નીલ થયો છે તે |
| ૮. | ચંદ્રશેખર | = | મસ્તક પર ચંદ્રને ધારણ કરનાર |
| ૯. | ત્રિપુરારિ | = | ત્રિપુરાસુરનો નાશ કરનાર |
| ૧૦. | પશુપતિ | = | સો જીવના અધિપતિ |
| ૧૧. | શૂલપાણિ | = | જેમના હાથમાં ત્રિશૂલ છે તે |
| ૧૨. | આશુતોષ | = | તરત પ્રસન્ન થનાર |

જ્યોતિર્લિંગ :

જ્યોતિર્લિંગ પણ શિવલિંગ જ છે, પરંતુ તેનું મહત્ત્વ વિશિષ્ટ છે, તેથી સૌ શિવમંદિરોમાં જ્યોતિર્લિંગનું વિશેષ સ્થાન ગણાય છે.

જ્યોતિર્લિંગની ઉત્પત્તિ વિશે અનેક કથાઓ પ્રચલિત છે. સૌથી સંતોષજનક અને પ્રતીતિકર ખુલાસો આ પ્રકારે છેઃ

પ્રાચીનકાળમાં મહાન યજ્ઞો થતા. કોઈ વાર આ મહાન યજ્ઞના સ્થાન પર તે મહાયજ્ઞની સ્મૃતિમાં શિવલિંગની સ્થાપના કરવામાં આવતી હતી, જે સ્થાન પર યજ્ઞનો અગ્નિ હોય, યજ્ઞજ્યોતિ હોય, તે સ્થાન પર જ લિંગની સ્થાપના કરવામાં આવતી હતી, તેથી તે લિંગને જ્યોતિર્લિંગ કહેવામાં આવેલ છે. આ રીતે જ્યોતિર્લિંગ તે મહાન યજ્ઞના અવશેષરૂપ કે સ્મૃતિરૂપ છે. અગ્નિને જ્યારે ભારી દેવામાં આવે ત્યારે તેનો જે આકાર થાય છે, તેવો જ આકાર શિવલિંગનો પણ છે. આ સમાનતા સૂચક અને નોંધનીય છે.

જ્યોતિર્લિંગ યજ્ઞના અવશેષરૂપ હોવાથી તેની પૂરી પરિક્રમા થાય છે, કારણ કે યજ્ઞના અગ્નિકુંડની પૂરી પરિક્રમા થાય છે. જ્યોતિર્લિંગનો પ્રસાદ ગ્રહણ કરી શકાય છે, કારણ કે યજ્ઞનો પ્રસાદ-યજ્ઞપ્રસાદ ગ્રહણ કરી શકાય છે. આમ મહાયજ્ઞના અવશેષરૂપ હોવાથી જ્યોતિર્લિંગ પરિક્રમા અને પ્રસાદની બાબતમાં અન્ય શિવલિંગોથી ભિન્ન છે તે હકીકત નોંધનીય પણ છે અને સૂચક પણ છે.

ભારતમાં બાર જ્યોતિર્લિંગ છે.

૧. સોમનાથ - પ્રભાસક્ષેત્ર સૌરાષ્ટ્ર

૨. મલ્લિકાર્જુન - શ્રીશૈલ, આંધ્ર પ્રદેશ

૩. મહાકાલ - ઉજ્જૈન, મધ્ય પ્રદેશ

૪. ઓમ્કારમમલેશ્વર - ઓમ્કારેશ્વર, નર્મદાતટ, મધ્ય પ્રદેશ

૫. વૈદ્યનાથ : ૧. મરાઠાવાડા - મહારાષ્ટ્ર, પરભણી જંક્શનથી પરલી જવાય છે. પરલી ગામ પાસે છે.

૨. જસીડીહ કે ભાગલપુરથી જવાય છે. બિહાર રાજ્યમાં છે.

૩. હિમાચલ પ્રદેશ.

નોંધઃ આમ વૈદ્યનાથ ત્રણ છે.

૬. ભીમાશંકર - મહારાષ્ટ્ર - મુંબઈ અને પૂનાથી બસ દ્વારા જઈ શકાય છે.

૭. રામેશ્વર - તમિળનાડુ

૮. નાગનાથ - ૧. મહારાષ્ટ્ર રાજ્યના મરાઠાવાડા વિસ્તારમાં ઔઢાગ્રામ પાસે છે.

૨. દ્વારિકા પાસે છે.

૩. અલમોડા (હિમાલય)થી થોડે દૂર જાગનાથ મંદિર છે. તે પણ નાગનાથ ગણાય છે.

નોંધ : આમ નાગનાથનાં ત્રણ મંદિર છે

૯. વિશ્વનાથ - વારાણસી, ઉત્તર પ્રદેશ

૧૦. ત્ર્યંબકેશ્વર - નાસિક પાસે ત્ર્યંબકેશ્વર છે

૧૧. કેદારનાથ - ઉત્તરાખંડ, હિમાલય

૧૨. ઘુશ્મેશ્વર - ઈલોરા પાસે છે. ઔરંગાબાદ (મહારાષ્ટ્ર)થી જવાય છે.

શંકાનિવારણઃ

૧. શિવ અનાર્ય દેવ છે?

કેટલાક પશ્ચિમી વિદ્વાનોએ આ વિચાર વહેતો મૂક્યો અને તેમના અનુકરણમાં કેટલાક વામણા ભારતીય

વિદ્વાનોએ પણ એ વાત સ્વીકારી લીધી કે શિવ મૂલતઃ અનાર્ય દેવ છે અને આર્યોએ પાછળથી તેમને પોતાના દેવ તરીકે સ્વીકારેલ છે.

વસ્તુતઃ આ આક્ષેપ સાવ તથ્યહીન છે, આ આશંકા અર્થહીન છે.

શિવ અનાર્ય દેવ છે તેમ માનનારા વિદ્વાનો પોતાની આ માન્યતાના સમર્થનમાં આવી દલીલો કરે છેઃ

(૧) શિવનો અમંગળ વેશ તેમની અનાર્યતા સૂચવે છે.

(૨) શિવનો પ્રસાદ ગ્રહણ ન કરવાની પરંપરા તેમની અનાર્યતા સૂચવે છે.

(૩) હડપ્પા અને મોહેં-જો-દડોના અવશેષોમાં શિવલિંગ મળ્યાં છે. આ બંને નગરો અનાર્ય પ્રજાનાં નગરો મનાય છે.

(૪) શિશ્નપૂજા અને યોનિપૂજા અનાર્ય પરંપરાની સૂચક છે. શિવલિંગ શિવશિશ્ન છે, તેથી શિવ અનાર્ય દેવ હોય તેમ કહી શકાય. આ ચારે દલીલોના પ્રત્યુત્તર આ પ્રમાણે છેઃ

૧. શિવના સ્વરૂપમાં ભસ્મ, વ્યાઘ્રચર્મ, નાગ, ખોપરી આદિ છે. તેમનો સાંકેતિક અર્થ આપણે જોઈ ગયા છીએ. આ પદાર્થોને સ્થૂળ અર્થમાં લઈએ તો શિવના બ્રહ્મસ્વરૂપને સમજી શકાય તેમ નથી, તેથી આ પદાર્થોનો સૂક્ષ્મ અને સાંકેતિક અર્થ જ લેવો જોઈએ અને તો શિવને અમંગલવેશધારી કહી શકાય તેમ નથી.

એ ન ભૂલવું જોઈએ કે ભારતીય પરંપરામાં શિવને બાહ્ય દૃષ્ટિથી અમંગલ-વેશધારી ગણેલ હોવા છતાં સર્વમંગલદાયી ગણેલ છે. (શિવમહિમ્નસ્તોત્રઃ ૨૪)

(ક્રમશઃ)■

# સત્યમેવ જયતે



ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

ગત અંકમાં સત્ત્વશુદ્ધિને સમજાવીને હવે ભગવાન કૃષ્ણ સત્યને પણ દૈવી ગુણોમાં પ્રમુખ સ્થાન આપે છે, તે સમજીએ.

સત્ય એક સંસ્કૃત શબ્દ છે. જેનો ગુજરાતી અનુવાદ સાચું થાય છે. તે માનવજીવનનો એક અગત્યનો સદ્‌ગુણ છે, જે વ્યક્તિના વિચારો, વાણી અને કાર્યમાં પ્રમાણિકતા દર્શાવે છે. જે મનુષ્ય સાચા અને પ્રામાણિક હોય તે સત્યવાદી મનુષ્ય કહેવાય. અને જે મનુષ્ય સત્યવાદી હોય છે તે વાણી, વિચાર અને વર્તનમાં એકતા રાખે છે.

સત્ય એટલે જીવનનો સૌથી મોટો ધર્મ. જે વ્યક્તિ સત્યને ધ્યેય બનાવે છે, તેનું જીવન સફળ અને સુખી બને છે. સત્યની મહત્તા બહુઆયામી છે. શાસ્ત્રો કહે છે કે સત્ય વ્યક્તિને આત્મવિશ્વાસ આપે છે. સત્ય વ્યક્તિને સમાજમાં આદર અને માન આપે છે. સત્ય એ માનવજીવનનું મૌલિક તત્ત્વ છે, જે દરેક વ્યક્તિના આચાર-વિચારો અને જીવનશૈલીને પ્રભાવિત કરે છે. સત્ય જીવન જીવવાની વાસ્તવિક અને પ્રાકૃતિક પદ્ધતિ છે. સત્યનું પરિણામ એ છે કે સત્યના પાલન દ્વારા વ્યક્તિ પોતાની અંદર શાંતિ અને સંતોષ અનુભવવા માંડે છે.

સત્યને સમજવું એ સાચા અર્થમાં જીવનના મર્મને સમજવા જેવી વાત છે. મહાત્મા ગાંધી, જેમને સત્યાગ્રહના માર્ગદર્શક તરીકે ઓળખવામાં આવે છે, જીવનભર સત્યના પ્રયોગો કરતા રહ્યા. તેમનું માનવું હતું કે સત્ય એ પરમેશ્વર છે અને તે દરેકના જીવનમાં અતિ મહત્ત્વનું છે. એટલે જ તો મહર્ષિ વેદવ્યાસે કહ્યું છે,''સત્યમ હિ પરમો ધર્મ:''સત્ય એ પરમ ધર્મ છે. વેદવ્યાસના મતે ધર્મનું આદર્શ છે સત્ય. સત્યથી વિમુખ થતા ધર્મનું કોઈ અસ્તિત્વ રહી શકતું નથી. સત્ય પરમ ધર્મનો આધાર છે. જો ધર્મથી સત્ય અલગ થઈ જાય તો તે પાપ બની જાય છે. મહાભારતમા ઘણાં પાત્રો દ્વારા સત્યના માળખાનું દર્શન કરાવવામાં આવ્યું છે, તેમાં પણ યુધિષ્ઠિર સત્યની જ અભિવ્યક્તિ છે. યુધિષ્ઠિર રાજાએ દરેક પરિસ્થિતિમા સત્યનો માર્ગ અપનાવ્યો, ભલે તે તેમને મુશ્કેલીમા નાખતું હોય. આ બાજુ દુર્યોધન અને શકુનીએ અસત્યનો માર્ગ અપનાવ્યો. પણ અંતે સત્યનો જ વિજય થયો.

સત્યનો દાર્શનિક અર્થ છે- તે જે હંમેશાં કાયમ રહે છે અને ક્યારેય બદલાતું નથી. સત્યનો આ દાર્શનિક અર્થ તેના મૂળ સ્વરૂપમાં અભિવ્યક્ત થાય છે- ''વાસ્તવિકતા અથવા એવાં તથ્ય જે અનુસંધાનમાં, અનુભૂતિમાં અથવા વિચારમાં અભિપ્રેત હોય.'' આ અર્થમાં સત્ય એ માત્ર વિશ્વમાં જોવા મળતી તથ્યકારી વસ્તુઓનો ઉલ્લેખ નથી કરતો, પરંતુ તે વિષયના મૂળ તત્વોની છાનબિન કરવાના દાર્શનિક અભિગમ સાથે સંકળાયેલ છે. વેદાંતમાં ''સત્યમ, શિવમ, સુંદરમ'' સ્વરૂપે સત્યની વ્યાખ્યા થાય છે, જ્યાં તે દિવ્ય અને શાશ્વત છે.

જોકે લોકમાં તો પ્રમાણિકતા અને સચ્ચાઈ સાથે જ સત્યની મૂલવણી થાય છે. પરંતુ આધુનિક સમયમાં સત્યનો અભાવ એક મોટી ચિંતાનો વિષય છે. લોકો ઘણા વખતથી લોભ, મોહ અને શોર્ટકટ તરફ વળતા રહ્યા છે, જેના પરિણામે અસત્ય વધુ વ્યાપક થયું છે. પરંતુ સત્યને જીવનમાં સ્થાન આપવા માટે નિયમિત પ્રયત્નો જરૂરી છે. દરેક વ્યક્તિએ પોતાના જીવનમાં સત્યને આદર્શ તરીકે અપનાવવા અને તેનો પાલન કરવા પ્રયત્ન કરવો જોઈએ.

સત્ય માટે પ્રેરણા મેળવવી હોય, તો આપણે મહાન વ્યકિતઓના જીવનમાંથી શીખી શકીએ છીએ. ચાણક્ય, ભગવાન રામ, મહાત્મા બુદ્ધ અને મહાત્મા ગાંધી જેવા આદર્શ વ્યક્તિત્વોનું જીવન સત્ય માટેની તેમની અડગ પ્રતિબદ્ધતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

મહંત સ્વામી મહારાજ સમજાવે છે કે જ્યાં સુધી વ્યક્તિગત જીવનમાં સત્યનું આચરણ છે, ત્યાં સુધી સમાજ પણ નૈતિક અને આદર્શમય બની શકે છે. સત્યના અભાવમાં પેદા થતી અસત્યતા અને ભ્રમ હંમેશાં સમાજને નુકસાન પહોંચાડે છે. સત્યનો અભાવ ભ્રષ્ટાચાર, અન્યાય અને નિરાદર જેવી નકારાત્મક પ્રવૃત્તિઓનું કારણ બને છે. તેથી, જો આપણે સત્ય પર ચાલીએ, તો સમાજ વધુ સુખમય અને સંવેદનશીલ બને છે.

એટલે જ તો સ્વામીશ્રીએ સ્વહસ્તે લિખિત ગ્રંથ, ''સત્સંગદિક્ષા''માં ભક્તોને આજ્ઞા આપી કે, સત્ય, હિત અને પ્રિય વાણી બોલવી. કોઇ મનુષ્ય પર ક્યારેય મિથ્યા અપવાદનું આરોપણ ન કરવું.


આમ, સત્ય એ જીવનનું શ્રેષ્ઠ મૌલિક તત્ત્વ છે. તે વ્યક્તિગત જીવનમાં શાંતિ લાવે છે, તો સમાજમાં ન્યાય અને શિસ્તનું સ્થાપન કરે છે. જો આપણે સત્યના માર્ગે ચાલવાનું નક્કી કરીએ, તો જીવનમાં મળતી પરેશાનીઓનો સામનો સરળતાથી કરી શકીએ છીએ અને પોતાના તેમજ સામાજિક જીવનમાં સુખ અને શાંતિ પ્રાપ્ત કરી શકીએ છીએ. સત્યમેવ જયતે એ માત્ર ઉક્તિ નથી; તે જીવન જીવવાનો અને સુધારવાનો મંત્ર છે.

---

ફોકસ

ભારતી શાહ
feedback@bombaysamachar.com

# પ્રબુદ્ધ પાટણની પ્રતિભા





ઉ.ગુજરાતનાં બનાસકાંઠે વહેતી સરસ્વતી નદીના કિનારે વસેલી જાજરમાન, જાહોજલાલી ધરાવતી એક ઐતિહાસિક નગરી, આજે પણ તેની ભવ્ય અને દિવ્ય સંસ્કૃતિનો પાયો બુલંદ છે. આ નગરમાં અનેકાનેક પરમાત્માનાં જિનાલયોમાં સમી સાજે, ગોધૂલીની વેળાએ ઝાલરોનાં નાદ રણકી રહ્યાં છે. શિખરોની ધજાઓ આન, બાન, શાન સાથે નભોમંડળમાં લહેરાઈ રહી છે. કંઈક કેટલાય પવિત્ર પુણ્યશાળી પનોતા પુત્રોએ આ નગરમાંથી પ્રવજ્યાંનાં પંથે પ્રયાણ કર્યું છે. માતા સરસ્વતી અને મા લક્ષ્મીજી ક્યારેય સાથે રહેતાં નથી એવી લોકવાયકા છે. પણ ના! આ લોકવાયકા આ નગરી માટે ખોટી સાબિત થઈ છે. અહીં લક્ષ્મીનંદનો અને સરસ્વતી પુત્રો સાથે જ રહે છે. કલાકારીગરી ક્ષેત્રે પણ પાટણનો જોટો જડે તેમ નથી. યાદ આવે છે ને ઐતિહાસિક રાણકીવાવ જેનું નામ સમગ્ર વિશ્વમાં ચર્ચાઈ રહ્યું છે. ફિલ્મ સ્ટાર અમિતાભ બચ્ચને બ્રાન્ડ એમ્બેસેડર બની પાટણની શાનને સુંદરતામાં અભિવૃદ્ધિ કરી છે. તો બીજી તરફ ગુજરાતી ગાયકો પોતાનાં ગીતોની યાદીમાં પાટણનાં પટોળાને યાદ કર્યા વગર રહી શકતા નથી. પાટણનાં પાંચ સ્વાદિષ્ટ પકવાનોનો સ્વાદ જે ન કરે તે પટણી જ ના કહેવાય.

માતા જ્યારે ગર્ભમાં બાળક સાથેનો સંબંધ જોડે છે ત્યારથી એ સંબંધ જીવનના અંતિમ શ્વાસ સુધી સચવાઈ રહે છે. તેવી જ રીતે દરેક જૈન શાસનને પામેલા આપણા સહુનો હોવો જોઈએ. આ ભૂમિના જાજરમાન સંસ્કૃતિનાં વારસાને આપણે જાળવવા પ્રયત્ન કરીએ.

આ છે કુમારપાળ રાજા.

નિત્ય પ્રભાતે પરમાત્માની પૂજા કરતાં, પુષ્પ પૂજા કરતાં જ સૌ પ્રથમ નામ શ્રી કુમારપાળનું જ લેવામાં આવે છે. શા માટે?

''પાંચ કોડીને ફુલડે, પામ્યાં દેશ અઢાર,
રાજા કુમારપાળનો, વત્યો જય જયકાર.''

એ સમયે પાટણમાં સોલંકી યુગ ચાલતો હતો. રાજા સિદ્ધરાજની આણ વર્તાતી હતી, પરંતુ રાજાને કોઈ જ સંતાન યોગ નહોતો. સર્વજ્ઞ કલિકાલ હેમચંદ્રાચાર્ય પણ તે સમયે પાટણમાં જ હતા. રાજાએ ખૂબ જ ઉત્કંઠાથી ગુરુદેવની પાસે આવીને વંદન કર્યા, વિનયપૂર્વક ગુરુની આજ્ઞા લઈને સ્થાન ગ્રહણ કરતાં પૂછ્યું; ''હે ગુરુદેવ! મારાં મૃત્યુ પછી ગુજરાતનો રાજા કોણ થશે?'' સર્વજ્ઞ તો જ્ઞાનનાં અપ્રતિમ ભંડાર હતા. જ્ઞાનની લબ્ધિ તેઓશ્રીને વરેલી હતી. અંબિકાદેવી પણ તેમના પર સદાય પ્રસન્ન રહેતા. ગુરુદેવ આ પ્રશ્નનો ઉત્તર જાણતા હતા. તેમ છતાં ક્ષણિક પોતાનાં નેત્રો બંધ કરીને મા અંબિકાદેવીનું સ્મરણ કરી તેમની પાસેથી જવાબ માગ્યો. મા એ પણ કહ્યું; ત્રિભુવનપાળનો પુત્ર કુમારપાળ સિદ્ધરાજ પછી પોતાનું રાજ્ય સંભાળશે. ત્યારે હેમચંદ્રસૂરિજીને ખ્યાલ આવી ગયો કે, કુમારપાળ રાજા બનશે એ વાત સિદ્ધરાજને જરાય નહીં ગમે, તે જરૂરથી કુમારપાળને મારી નખાવવા પ્રયત્નો કરશે. એ જ સમયે સિદ્ધરાજને આ જાણ થતાં તે સમજી ગયો કે હવે પુત્રપ્રાપ્તિની ઈચ્છા પૂર્ણ નહીં થાય, પોતાનું ધ્યાન કુમારપાળનો કાંટો કાઢી નાખવા પર ગયું અને પોતાની રીતે કાર્ય આરંભ્યું.

ત્રિભુવનપાળ અને રાજા સિદ્ધરાજ બંને સગા કાકાના દીકરા ભાઈઓ હતા. બંને વચ્ચે અનન્ય પ્રેમ હતો અને બંને ભાઈઓ એકબીજાને ખૂબ માન આપતા. પરંતુ હવે સિદ્ધરાજનું મન બદલાવા માંડ્યું. ત્રિભુવનપાળની પત્ની કાશ્મીરાદેવીના પેટમાં એક ઉત્તમ જીવ આવ્યો. નવ મહિના પૂર્ણ થતાં કાશ્મીરાદેવીએ એક સુંદર અને તંદુરસ્ત પુત્રને જન્મ આપ્યો. એ વખતે આકાશમાં દેવવાણી થઈ. આ બાળક વિશાળ રાજ્ય પ્રાપ્ત કરશે અને તેમાં ધર્મનું સામ્રાજ્ય સ્થાપિત કરશે. ત્રિભુવનપાળ શૈવ ધર્મ પાળતા. સમયનાં વહેતા વહેણ સાથે વ્યવહારિક શિક્ષણ અને યુદ્ધકાળમાં કુમારપાળ નિષ્ણાત બન્યો. યૌવન અવસ્થામાં આવતા ભોપળદેવી સાથે તેનાં લગ્ન થયા એ સમયે તેઓ દધિસ્થલીમાં રહેતાં હતાં.

એકવાર ત્રિભુવનપાળની સાથે કુમારપાળ પણ પાટણ ગયા. તેમણે શ્રી હેમચંદ્રાચાર્યની ખૂબ પ્રશંસા સાંભળી હતી. ઉપાશ્રયે પહોંચીને મસ્તક નમાવી ગુરુવંદન કર્યું, સુખશાતા પૂછીને પોતાનો અલ્પ પરિચય આપ્યો. ગુરુદેવે ધર્મલાભ કહી આર્શીર્વાદ આપ્યા. કુમારપાળ અત્યંત પ્રભાવિત થયા તે જ ઘડીએ તેમનાં હૈયામાં શ્રી હેમચંદ્રાચાર્ય માટે અનેરો આત્મીય ભાવ અને સાહજિક આકર્ષણ જાગ્યું. ગુરુ તરીકે સ્વીકાર કરીને તેમની પાસેથી નિયમ લીધો કે, ''જીવનમાં પરદારા સેવન કદાપિ નહીં કરું.''

કુમારપાળે શ્રી હેમચંદ્રાચાર્યને પૂછ્યુંઃ ''ભગવત ! મનુષ્ય કયા ગુણ વડે શોભે?'' ગુરુએ ફરમાવ્યું; સત્વ વડે. કુમારપાળે આ જવાબ બરોબર યાદ રાખી લીધો, જાણે તેને જીવનમંત્ર લાધ્યો. આચાર્ય દેવે કુમારપાળને ભાવિ જીવન અંગે નિર્દેષ આપ્યો અને કહ્યુંઃ ''જો જે કુમાર તારા માથે દુ:ખના ડુંગર તૂટી પડવાનાં છે, પણ તું હિંમત નહીં હારતો, તારા સત્વનો પરિચય કરાવજે.''

કુમારપાળ ગુરુદેવનાં વચનો સાનમાં સમજી ગયો. માત્ર ૨૪ વર્ષની ઉંમરે કુમારપાળ વેશપલટો કરીને રાન-રાન રખડ્યો. મહાભારત અને રામાયણનાં વનવાસ કરતાં પણ વધુ કારમો વનવાસ આ કુમારપાળે વેઠ્યો છે. એમ કરતાં એક વખત તે ખંભાત આવી ચડ્યો. શ્રી હેમચંદ્રાચાર્ય પણ આ સમયે ખંભાતમાં જ હતા, તે જાણીને કુમારપાળ ઉપાશ્રયમાં ગુરુભગવંતને વંદન કરવા પહોંચી ગયા. અને કહ્યું કેઃ ''હે! આચાર્ય ભગવંત! આપ તો જ્ઞાની છો, રાજાનાં ઘરમાં જન્મ લેવા છતાં હું વન-વન ભટકી રહ્યો છું, મને કહો કે મારાં આ અસહ્ય દુ:ખનો અંત ક્યારે આવશે? મારાં પ્રારબ્ધમાં સુખ છે કે નહીં?''

ગુરુભગવંત ધ્યાનસ્થ બન્યા તેમની દેવી અંબિકાના શબ્દો યાદ આવ્યા. કુમારપાળને કહ્યું; ''વત્સ! તને થોડા વખત પછી રાજ્ય મળશે, તું આ ગુજરાતનો રાજા બનીશ.'' કુમારપાળ આ જવાબ સાંભળી હસી પડ્યો... તેણે કહ્યુંઃ જ્યાં એક જ ભિખારી કરતાંય મારી ખરાબ દશા છે, બે-ત્રણ દિવસ સુધી તો ખાવા અન્ન નથી મળતું એવો અભાગી હું રાજા ક્યાંથી બનવાનો? તે સમયે મહામંત્રી ઉદયન ત્યાં આવીને બેઠા. કુમારપાળે ફરીથી એક પ્રશ્ન કર્યો, હે ગુરુદેવ! આપ મને કહી શકશો કે કયાં વર્ષમાં, ક્યા મહિનામાં ને કઈ તિથિના દિવસે હું રાજા થઈશ? ગુરુદેવે આ માટેનું ભવિષ્ય કથન પોતાના શિષ્ય પાસે બે કાગળમાં લખાવ્યું. એક કાગળ કુમારપાળને આપ્યો અને બીજો કાગળ મહામંત્રી ઉદયનને આપ્યો. તેમાં જણાવ્યું હતું કે, ''વિ.સ. ૧૧૯૯, માગસર વદ ચોથના દિવસે કુમારપાળને રાજગાદી મળશે.''

આચાર્યદેવે ઉદયન મંત્રીને બાજુમાં લઈ જઈ કુમારપાળની તકલીફ સમજાવી અને કહ્યું; ''આ ભવિષ્યના રાજા છે. તેની પ્રાણ રક્ષા કરવાની છે. સિદ્ધરાજ તેને મારવા પ્રયત્નશીલ છે તેને તમારી હવેલીમાં કોઈને ખબર ન પડે તેમ રાખજો.'' ગુરુદેવની આજ્ઞા શિરે ચઢાવી મંત્રી કુમારપાળને પોતાને ત્યાં લઈ ગયા. ઘણાં વખતે કુમારપાળે ભોજન કર્યું. સ્નાન કર્યું અને ઘણાં લાંબા સમયની ઊંઘ ખેંચી કાઢી. સિદ્ધરાજ ખંભાતમાં આવી પહોંચ્યા છે. તેની જાણ થતાં જ ઉદયન મંત્રી તેને ફરીથી ઉપાશ્રયમાં મૂકી આવ્યા. ત્યાં ગુરુદેવે એને ભોંયરામાં પુસ્તકોનાં ભંડાર પાછળ સંતાડી દીધા. સિદ્ધરાજ અને તેના સૈનિકો ત્યાંથી પાછા ફરતા કુમારપાળને ભોંયરામાંથી બહાર કાઢ્યો. કુમારપાળે ગુરુદેવનો અશ્રુભરી આંખોથી ઉપકાર માન્યો અને કહ્યુંઃ ''આજથી હું તમારો દાસ છું. શ્રી હેમચંદ્રાચાર્ય આશિષ વચનો આપતાં કહ્યું, રાજ્ય મળે ત્યારે જેને ધર્મનો પ્રચાર કરજે, ભવિષ્યમાં અસંખ્ય જીવોની તું રક્ષા કરજે.'' ગુરુ ભગવંતે ખૂબ જ ચાલાકી વાપરીને કુમારપાળને આ ઉપદેશ આપ્યો હતો. આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય જુદા જુદા ત્રણ અવસરોએ કુમારપાળનો જીવ બચાવ્યો હતો.

જે રીતે મહાવીર અને ગૌતમ, કૃષ્ણ અને અર્જુન, રામ અને હનુમાનની જોડી હતી તેવી જ રીતે સર્વજ્ઞ કલિકાલ હેમચંદ્રાચાર્ય અને કુમારપાળની જોડી બંધાઈ ગઈ હતી એટલું જ નહીં પણ વિશ્વમાં અમર થઈ ગઈ છે. વિ. સંવત ૧૧૯૯ આવતાં કુમારપાળ પાટણ આવી પહોંચ્યા. તેમની બહેન પ્રેમલદેવીના ઘરે રહ્યા. બનેવી કૃષ્ણદેવે તેને યોગ્ય સન્માન સાથે સાચવ્યા.

(ક્રમશઃ)

---

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# સુકૃત્યની સુગંધ ચારે દિશામાં મહેક પ્રસરાવતી હોય છે



જગતની મોહમાયાથી દૂર રહેનાર, આશ્ચર્ય-અચંબો જેને માર્ગથી ભટકાવી શકતો નથી એવા ઈશ્વર સ્મરણમાં લીન રહેતા એક સૂફી-સંત-મહાત્માએ રાજ્યના શહેનશાહની નોંધપોથીમાં એવી તે કઈ વાસ્તવિકતા લખી જે મૃત્યુલોક સુધી દરેક માટે બોધ આપનારી સનાતન સત્ય બની રહી.

- રાજ્યના એક શહેનશાહે પોતાના રાજમહેલમાં એક સ્નાનગાર બનાવ્યું હતું. એ બાથરૂમની દીવાલો પર 'રત્નો' જડાયેલાં હતાં.

* અતિ મૂલ્યવાન પથ્થરોનો દૂરથી ઉપયોગ કરવામાં આવ્યો હતો.

* તેમાં જે હોજ હતો તેની આસપાસ સોના-ચાંદીના પંખીઓ એ રીતે ગોઠવ્યાં હતાં કે, એ પંખીઓની ચાંચમાંથી જુદી જુદી જાતના અત્તરોનો ફૂવારો ઊડતો હતો.

- શહેનશાહ દિવસમાં બે વાર તેમાં સ્નાન કરવા જતા હતા, બાકીના વખતમાં હમામ જોવા માટે લોકોને છૂટ આપી હતી. દેશ-વિદેશના લોકો જોવા આવતા હતાં.

- શહેનશાહે ત્યાં એક નોંધપોથી મૂકી હતી. તેમાં આવનારા પોતાનો અભિપ્રાય લખતા હતા.

- લગભગ દરેક જણે સ્નાનગારની પાછળ લખલૂટ ખર્ચ કર્યો હતો તેના વખાણ જ લખતા.

- એક દિવસ અચાનક એક ઈશ્વરના ઓલિયા-સંત ફકીર શહેરમાં આવ્યા. તેમને પણ લોકોએ આ અચંબો પમાડે તેવો સ્નાનગાર જોવા કહ્યું. મહાત્માએ ના કહી.

- છેવટે શહેનશાહને વાવડ મળ્યા તો તેણે સામે ચઢીને સ્નાનગાર જોવાની વિનંતી સાથે જમણનું પણ આમંત્રણ આપ્યું.

- આ તો શહેનશાહોના શહેનશાહ સમાન સંત-ઈશ્વરના ઓલિયા હતા.

- તેમણે બાદશાહને જમવાની ના પાડી દીધી અને કહ્યું કે,

* 'જો તેઓ જમવા બેસશે તો સત્ય વાત કહી શકશે નહીં માટે તેમને એ વાતની સ્વતંત્રતા આપવામાં આવે કે તેઓ વાસ્તવિક હક્ક અર્થાત્ સત્યવાત છે તેને રજૂ કરવાની છૂટ આપવામાં આવે જે-મૃત્યુલોક સુધી મિથ્યા થનાર નથી. ખોટી પડતી નથી...!'

- શહેનશાહે મહાત્માના આ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો.

- દુનિયાની મોહમાયાથી પર,

* અચંબો-આશ્ચર્ય જેને ચલિત કરી શકતા નથી એવા પ્રભુ સ્મરણમાં લીન રહેતા સંતે સ્નાનગારનું નિરીક્ષણ કર્યું અને તેમની સામે નોંધપોથી મૂકવામાં આવી તો તેમણે સૃષ્ટિના સર્જનહાર ઈશ્વરના નામથી લખવાનું શરૂ કર્યું.

- 'દુનિયાના પથ્થરોથી થોડા વધારે સફાઈદાર સફેદ પથ્થરોને ઉપરાઉપરી ખડકોમાં ગોઠવીને આ એક નાહવાની ઓરડી એટલે સ્નાનગાર બાંધવામાં આવેલ છે.

* તેમાં બગીચાનાં ફૂલો જેવા આકારના થોડાક ચમકદાર રંગબેરંગી પથ્થરના ટુકડાઓ ગોઠવવામાં આવ્યા છે;

- તેની પાછળ
* સત્તાનો મદ,
* શિરજોરી
* ત્રાસ
* બળ
* ભયંકર અમાનુષતા
* કુકર્મો અને
* હિંસા છુપાયેલા છે.

- રંગબેરંગી પક્ષીઓના ભ્રામક આકારો ફુવારાના રૂપમાં ફરીને અત્તરો છાંટી સુગંધના ઊંડાણમાં મડદાની દુર્ગંધ ફેલાવી રહ્યાં છે.

- ઘણાંને લૂંટીને એક જ ધનભંડારમાં ભેગા કરેલા દુર્વ્યયનો આ ઓરડામાં ઢોલ પીટનારો એક કાળો પથ્થર જાણે ફરિયાદ કરે છે કે 'સ્નાનગારમાં દેખાતા સોનાના અક્ષરોની નીચે ભયંકર અંધકાર અને દર્દ છુપાયેલું છે. આમાં સ્નાન કરનારો રાઈના દાણા જેટલો પણ માલ સાથે લઈ જનાર નથી. છેવટે તો તેનો અંત એ જ છે કે કહેવાતી સુગંધનો આનંદ માણનારાને ફના થનારા-નાશ પામનારા શરીરને દો ગઝ ઝમીં કે નીચેની અંધકારભરી ઓરડીમાં જ સૂવું પડશે!'

- થોડા જ દિવસમાં શહેનશાહને લડાઈનો મુકાબલો કરવો પડ્યો.

- તે હાર્યો.

- જાન બચાવવા જખ્મી હાલતમાં જંગલ તરફ ભાગી ગયો.

- છેવટે તેની શોધમાં નીકળેલા લોકોએ તેની લાશને જોઈ.

- દુર્ગંધ મારતી બદબૂદાર લાશ પાસે કોઈ જવા તૈયાર નહોતું.

- અચાનક એ સાધુમહારાજ ત્યાં આવી ગયા, અને કહ્યું,

- 'અત્તરના સ્નાનથી થોડીક ખુશ્બૂ-સુગંધ-મહેક ફેલાય છે પણ જો સુકૃત્ય કર્યા હોય તો તેની ફોરમ સદા સુગંધ આપતી રહેતી હોય છે.

**બોધઃ**

***- આજે એ શહેનશાહની કબર પર ઘુવડો રડી રહ્યાં છે, પણ હમદર્દીનાં આંસુ સારવા કોઈના દિલમાં દર્દ નથી, કારણ કે તેણે કદી કોઈના આંસુ લૂછ્યાં નહોતાં.***

# સૌથી જરૂરી છે મનની શાંતિ

ચિંતન
હેમુ ભીખુ
feedback@bombaysamachar.com



જીવનમાં સૌથી જરૂરી મનની શાંતિ છે, ખુશી નહીં. જો મન શાંત હોય તો બધી જ વસ્તુ વ્યવસ્થિત લાગે, કશા માટે કશી ફરિયાદ ન રહે, ક્યાંય કોઈ પ્રકારનો અસંતોષ કે ઉદ્વેગ ન રહે, દરેક બાબતની સ્વીકૃતિ શક્ય બને, તટસ્થતા સ્થાપિત થઈ શકે, કોઈપણ પ્રકારનું બિનજરૂરી ખેંચાણ ઊભું ન થાય, રાગદ્વેષને દૂર કરવાની શક્યતા ઊભી થાય, ક્યાંક અહંકારનો પણ નાશ થઈ શકે, ભક્તિ કરવામાં સરળતા રહે, જ્ઞાનના માર્ગમાં કોઈ અવરોધ ન આવે, ધ્યાન તથા સાધનામાં સરળતાથી સંમિલિત થઇ શકાય, સત્યનું સ્વરૂપ યથાર્થ સ્વરૂપે સમજી શકવાની સંભાવના વધે, વિવેક જાગ્રત રહે, સંયમમાં વિક્ષેપ ઉભો ન થાય, સૃષ્ટિનાં વાસ્તવિક સ્વરૂપ પ્રત્યે ધ્યાન જઈ શકે અને આ બધાં કારણોસર પરમ તરફની ગતિ શક્ય બને.

મન શાંત હોય તો અસ્તિત્વની ચારે બાજુ જાણે શીતળતા છવાઈ જાય. મન શાંત હોય તો ગુરુદેવની કરુણા સ્પષ્ટપણે પ્રતિત થઈ શકે. મન શાંત હોય તો બધું જ શાંત થવાની શક્યતા વધી જાય. મન શાંત હોય તો મનની શાંતિ જાણે ચારે તરફ પ્રસરી જાય.

આ સાથે પ્રેય તથા શ્રેય, નિત્ય તથા અનિત્ય, નૈતિક તથા અનૈતિક, પવિત્ર તથા મલિન, સાત્વિક તથા તામસી, વિદ્યા તથા અવિદ્યા, મુક્તિ તથા બંધન - જેવી બાબતોની યથાર્થ સમજ સ્થપાવાની સંભાવના વધે. એમ કહી શકાય કે મનની શાંતિ એ શૂન્ય અને અનંત વચ્ચેનો સેતુ છે.

એકવાર મન શાંતિ અનુભવે પછી બીજા કોઈ પણ પ્રકારની અનુભૂતિ માટે તેને રસ ન જાગે. શાંતિની અનુભૂતિ થયાં પછી બધી જ કામનાઓ, બધી જ અપેક્ષાઓ, બધી જ ધારણાઓ, બધી જ માન્યતાઓ જાણે શૂન્યતામાં પ્રવેશી જાય. મન શાંત થાય ત્યારે કશું જ કરવાપણું બાકી ન રહે અને ન કરવાપણાં માટેનો પણ આગ્રહ ન રહે. મન શાંત થાય ત્યારે કર્તાપણું, કર્મ અને તે પાછળનાં ઉદ્દેશ્યનું અસ્તિત્વ જ ન રહે. અન્ય રીતે પણ મનની શાંતિ માનવ જીવનમાં અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મન શાંત હોય તો આધ્યાત્મિક ઉન્નતિ તો શક્ય બને જ, પણ સાથે સાથે શરીર અને મગજ-બુદ્ધિની તંદુરસ્તી પણ સુધરી શકે.

શાંત વ્યક્તિ જીવનની સમસ્યાઓનો વધુ અસરકારકતાથી અને ધીરજપૂર્વક સામનો કરી શકે છે. મન શાંત હોય તો માનસિક તણાવ, ચિંતા, હતાશા કે સંભવિત વિફળતાનો પ્રભાવ ઓછો થઈ શકે.

મન શાંત હોય તો લોહીના દબાણના, હૃદયની અનિયમિતતાના, અનિદ્રાના, માથાના દુખાવાના, કે આવાં અન્ય સ્વાસ્થ્યના પ્રશ્નો દૂર રહે. મન શાંત હોય તો તટસ્થતાથી પ્રતિભાવ આપી શકાય, પ્રતિભાવમાં સંયમ જાળવી શકાય, યોગ્ય-અયોગ્યનો યોગ્ય નિર્ણય લઈ શકાય અને આ બધાંને કારણે સામાજિક તેમજ કૌટુંબિક સંબંધ સકારાત્મક રીતે જળવાઈ જવાની સંભાવના વધે. શાંત મનને કારણે એકાગ્રતા વધી શકે જેનાથી સરળતાથી કાર્યમાં સફળતા પ્રાપ્ત થઈ શકે. આ બધું જો એકત્રિત થાય તો સ્વાભાવિક છે કે જાત ઉપર આત્મવિશ્વાસ વધે. શાંતિની સ્થિતિમાં ક્રોધ આવવાની સંભાવના નહિવત થઈ જાય. જ્યારે મન શાંત હોય ત્યારે કામનાનો આવેગ પણ ન ઉદ્‌ભવે. શાંતિ એ સુખ નથી પરંતુ સુખનું કારણ છે, અને તેથી શાંતિથી સુખની અનુભૂતિ પણ થઈ શકે.

આથી જ શાંતિ નું મહત્ત્વ જીવનમાં સૌથી વધુ છે. શાંતિ હોય તો જ અમુક પ્રકારની સકારાત્મક સંભાવનાઓ ઉભરી શકે.

ધ્યાન અને પ્રાણાયામ, શ્વાસનું નિયમન, પરિસ્થિતિને સ્વીકારી લેવાની માનસિકતા, સંતુલિત જીવન શૈલી, સકારાત્મક વિચારોની સ્વીકૃતિ, નૈતિક બાબતોનું અનુસરણ, સાત્વિક ભક્તિ, સેવાવૃત્તિ વાળી કેટલીક પ્રવૃત્તિઓ તથા ધાર્મિક મનન-ચિંતન જેવી બાબતો મનને શાંત રાખવામાં મદદરૂપ બની શકે. સદગુરુ સાથે સંવાદ સ્થાપવાથી પણ શાંતિ મળી શકે.

સંપત્તિથી શાંતિ ન મળી શકે. સંપત્તિથી સગવડતા મળી શકે અને એશોઆરામ પ્રાપ્ત કરી શકાય, પણ તેનાથી શાંતિ ન મળે. સામાજિક પદ અને પ્રતિષ્ઠા પણ શાંતિ ન આપી શકે. તેનાથી તો અહંકાર પ્રગાઢ થઈ શકે. ચોક્કસ પરિસ્થિતિમાં આ અહંકાર અશાંતિનું કારણ બની શકે. પદ અને સંપત્તિથી હું અને મારુંની ભાવના વધુ દ્રઢ બને. શાંતિ માટે આ એક જોખમી સ્થિતિ ગણાય. સૃષ્ટિમાં એવી એક પણ બાહ્ય સ્થિતિ નથી કે જે શાંતિનું કારણ બની શકે. ક્યારેક એમ કહેવામાં આવે છે કે કુદરતની નજીક રહેવાથી શાંતિ પ્રાપ્ત થઈ શકે. પણ તેમ ત્યારે જ શક્ય બને કે જ્યારે શાંતિના બીજ મનમાં રોપાઈ ગયાં હોય.

શાંતિ એ મનનો વિષય છે. શાંતિ એ મનની ભૂમિકામાં સ્થાપિત થતી પરિસ્થિતિ છે. શાંતિ એ કોઈપણ પ્રકારની સંલગ્નતા કે આશય વગર પરિસ્થિતિને જેમની તેમ સ્વીકારવાની તૈયારી છે. શાંતિ એટલે પ્રવૃત્તિ અને નિવૃત્તિ, બંને પ્રત્યે લગાવનો અભાવ. ગીતામાં કહેવાયું છે કે અશાન્તસ્ય કુતઃ સુખમ્ અર્થાત અશાંતને સુખ ક્યાંથી. શાંતિ અને સુખ પરસ્પર સંકળાયેલી બાબત છે, તેમ અહીં સ્થાપિત થાય છે. સુખ માટે શાંતિ એ ભૂમિકા સમાન છે. સુખ માટે શાંતિ એ પૂર્વ શરત છે. સુખ માટે શાંતિની આવશ્યકતા છે.

સૌથી જરૂરી મનની શાંતિ છે. જો મન શાંત હોય તો જ પરિસ્થિતિ યથાર્થ સ્વરૂપે સમજાઈ શકે. મન શાંત હોય તો જ પરમ-માર્ગ પર દ્રષ્ટિ પડી શકે.

મન શાંત હોય તો જ ગુરુદેવની ગેરહાજરીમાં પણ તેમની વાણી સંભળાઈ શકે. મન શાંત હોય તો જ ગુરુદેવ સાથે સૂક્ષ્મ સંવાદ સ્થાપિત થવાની સંભાવના ઊભી થઈ શકે. મન શાંત હોય તો જ પ્રકૃતિ, જીવાત્મા અને પરમાત્મા વચ્ચેનાં સમીકરણની અનુભૂતિ થઈ શકે. ■

# પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીનું તપ ને તેજ

ભજનનો પ્રસાદ
ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com



શ્રીજી મહારાજે પૂછ્યું ‘વિપ્ર ક્યાં રહો છો? અને કઈ વિદ્યા ભણ્યા છો ?’ વિપ્ર સેવકરામ કહે પહેલાં તો ઓગળ ગામમાં રહેતો. હમણાં ઘણાં વખતથી અમદાવાદ રહું છું. ‘મહારાજ વિદ્યામાં તો મને માતાજીના ધોળ અને ગરબા ગાતા આવડે છે.’

મહારાજ કહે ‘ગાઓ’.

સેવકરામે ભારે કર્ણપ્રિય ઢાળમાં મીઠા અવાજે ગાયું :

*‘માજી મારે ગરબે રમવા આવો,*
*ભવાની માતા કાળકા રે લોલ.’*

આખો ગરબો સાંભળી મહારાજ પ્રસન્ન થયા અને સભામાં પોતાની સમીપ બેઠેલા પ્રેમાનંદ સામું જોઈને કહે ‘સ્વામી આ ભુદેવે ગાયું એવા ઢાળમાં કીર્તન રચી શકો ?’

પ્રેમાનંદ સ્વામી કહે, ‘આપની આજ્ઞા હોય તો કશું અશક્ય નથી, સાંભળો’ કહીને સદ્ય રચાયેલું કીર્તનગાન ત્યારે ગરબાના ઢાળ અને મૂળ ઢંગથી પ્રસ્તુત કર્યું. તે કીર્તન આસ્વાદીએ.

*‘વંદુ સહજાનંદ રસરૂપ,*
*અનુપમ સારને રે લોલ,*
*જેને ભજતાં છૂટે ફંદ’*
*કરે ભવ પારને રે લોલ-૧*
*સમરું પ્રગટરૂપ સુખધામ,*
*અનુપમ નામને રે લોલ,*
*જેને ભવ બ્રહ્માદિક ભજે,*
*તીજ કામને રે લોલ...૨*
*જે હરિ અક્ષરબ્રહ્મ આધાર,*
*પાર કોઈ નવ લહે રે લોલ,*
*જેને શેષ સહસ્ત્ર મુખ ગાય,*
*નિગમ નેતિ કહે રે લોલ...૩*
*વર્ણવું સુંદર રૂપ અનુપ,*
*જુગલ ચરણે નમી રે લોલ,*
*નખશિખ પ્રેમસખીનાં નાથ,*
*રહો ઉરમાં રમી રે લોલ...૪*

(ક્રમાંક ૧૭૯૫)

સેવકરામ, સુનંદા, આખી સભા અને ખુદ સહજાનંદ સ્વામી પણ રસલીન થઈને સાંભળી રહેલા.

પછી શ્રીહરિએ પ્રસન્નતા વ્યક્ત કરીને સેવકરામ સામે જોઈને કહે. બીજું કાંઈ આવડે છે ! વિપ્રે હા ભણીને બીજો ગરબો ગાયો :

*‘મા પાવા તે ગઢથી ઉતર્યા મા કાળી રે,*
*મા પરવરિયા ગુજરાત, પાવાગઢ વાળી રે’.*

ગરબો પૂર્ણ થયો એટલે પુનઃ પ્રેમાનંદ સ્વામી સામું જોઈને શ્રીહરિએ કહ્યું, ‘આ ઢાળમાં બીજું કીર્તન રજૂ કરો.’

પ્રેમાનંદ સ્વામીએ નિમિલિત નયને સદ્ય આરંભ્યું.

‘પુરુષોત્તમ પુરણ બ્રહ્મ, સહજાનંદ સ્વામી
*જેને ભજતા છૂટે ફંદ, સહજાનંદ સ્વામી... ૧*
*હરિકૃષ્ણ નારાયણ દેવ, સહજાનંદ સ્વામી*
*કરીએ નિત્ય જેની સેવ,*
*સહજાનંદ સ્વામી...૨*
*જેનો ગોલોકમાં વાસ, સહજાનંદ સ્વામી,*
*સમરીએ શ્વાસ ઉશ્વાસ,*
*સહજાનંદ સ્વામી...૩*
*જેને નિગમ નેતિ કરી ગાયે,*
*સહજાનંદ સ્વામી,*
*જેને શિવ બ્રહ્માદિક ધ્યાયે,*
*સહજાનંદ સ્વામી...૪*
*જેનો પાર ન પામે શેષ, સહજાનંદ સ્વામી,*
*કીધો નર નાટક વેશ, સહજાનંદ સ્વામી...૫*
*થયા સદ્‌ગુરુ રૂપે આજ, સહજાનંદ સ્વામી,*
*હરિ પ્રેમાનંદને કાજ, સહજાનંદ સ્વામી...*
*(ક્રમાંક ૬૭)*

આખું પદ અદ્‌ભુત રાગ, તાલ, લયથી શ્રીહરિ સમેત સભાજનોને મોહ પમાડી ગયું. શ્રીહરિ કહે, ‘ભગવાનની મૂર્તિનું જેણે આવું ચિંતવન કર્યું એવા સાધુને દંડવત પ્રણામ કરીએ’.

પછી સેવકરામ સામે જોઈને કહે ‘ભુદેવ તમારે કંઈ સંતાન છે?’

સેવકરામનું મોઢું પડી ગયું. ખિન્ન થઈને કહે. ‘ભગવાને એક બાળક આપેલો પણ ખોટી શંકા કરીને મેં એને ત્યજી દીધેલો પરમેશ્વરનું એક દાન પાછું ઠેલ્યું પછી બીજું દાન કેમ મળે?’

*શ્રીહરિ કહે ‘ત્યજી દીધેલા છોકરાને ઓળખો ખરા.’*

સેવકરામ કહે ‘ચહેરો તો કેમ ઓળખી શકું પણ તરછોડતા પહેલાં મેં તેના હાથ-પગની રેખાઓ અવલોકી હતી એટલું યાદ છે.’

મહારાજ કહે ‘તો આ સ્વામીના હાથ-પગની રેખાઓને જુઓ’ કહીને ‘પ્રેમાનંદ સ્વામી તરફ અંગુલિનિર્દેશ કરતાં કહ્યું.

સેવકરામે હાથમાં ધ્વજ અને ચંદ્ર, ચરણમાં ઊર્ધ્વરેખા અને ભાલમાં ઉન્નત ભાગ્યરેખાના દર્શન કરીને કહે ‘મહારાજ કંઈ સમજ્યામાં નથી આવતું ત્યજી દીધેલો દીકરો જીવતો ક્યાંથી હોય પણ આ એ જ લાગે છે.’

શ્રીહરિ કહે ‘એ જ છે.’

સેવકરામ શ્રીહરિએ ચરણે પડીને કહે, ‘વાહ કેવું સદ્‌ભાગી સંતાન આપના શરણે.’(ક્રમશઃ)■

# આ એક રોટલાથી શું થાય? મારા કુટુંબમાં અમે ત્રણ જણ છીએ

શિવ રહસ્ય
ભરત પટેલ
feedback@bombaysamachar.com



અચાનક એક દિવસ ધર્માત્મા નંદભદ્રનો પુત્ર મૃત્યુ પામ્યો. પુત્રના મૃત્યુનો આઘાત સહન ન કરી શકતા થોડા દિવસ બાદ નંદભદ્રની પત્ની કનકા પણ મૃત્યુ પામી. તે પ્રખર શિવભક્ત હોવાથી પોતાના મનને મનાવ્યું કે જેવી ભગવાન શિવની ઇચ્છા. તેણે પોતાના ધર્મ પરની શ્રદ્ધા જરાય ડગવા ન દીધી. પત્નીના મૃત્યુ બાદ ગૃહસ્થધર્મ નિભાવવાનું કપરું હતું, પણ પોતે અડગ રહ્યો. એક દિવસ મોકો મળતાં જ મિત્ર સત્યવ્રત નંદભદ્રને કહે છે કે, ‘મિત્ર નંદભદ્ર તમારા પર જે વિપત્તી આવી પડી છે તે જોતાં તો મને એમ લાગે છે કે ધર્મ ફક્ત આઘાત આપવાનું સાધન છે, જ્યારથી તમે પથ્થર પૂજવાનું શરૂ કર્યું છે ત્યારથી તમારી દુર્દશા થઈ છે. તમારો વહાલસોયો દીકરો અને પત્ની તમને નોંધારા મૂકીને ચાલી ગયાં, આવું ફળ તો કુકર્મીઓને મળવું જોઈએ, તમારા જેવા ધર્મનિષ્ઠોને નહીં. હાલમાં તમે બ્રાહ્મણોને જમાડો છો તે શું મૃત્યુ પામેલા તમારા પુત્ર કે પત્નીને મળતું હશે.’ બુદ્ધિશાળી નંદભદ્ર કહે છે, ‘મિત્ર તારું નામ સત્યવ્રત છે. તમે કહો છો કે ધર્મનું આચરણ કરનાર હંમેશા દુ:ખી રહે છે તે વાત તદ્દન અસત્ય છે, ધર્મનું પાલન કરનાર હંમેશાં પૂર્ણ સુખને પામે છે, મનને અપાર શાંતિ મેળવે છે. ધર્મની ભૂમિકા શુદ્ધ હોય છે. ધર્મનું બીજ એ પવિત્ર ભૂમિમાં જ પલ્લવિત થાય છે. ધર્મી મનુષ્ય સાચો શ્રીમંત છે. ધર્મ નિત્ય છે. સર્વ શત્રુઓનો ધર્મ નાશ કરે છે. ધર્મની શુદ્ધભાવના જે માનવ ધારણ કરે છે તે નિર્મળ અને પુનિત બને છે. ધર્મ દ્વારા મેળવેલી કમાણી આલોક અને પરલોકમાં પણ કામ આવે છે. ધર્મ વિનાનું જીવન પ્રાણ વિનાના શરીર જેવું છે, શબ સમાન છે. શિવકથા કે ધર્મકથા મનુષ્યના પાપને બાળી નાખે છે અને તન મનને શાંતિ આપે છે. ધર્મમાં અજબ પ્રકારની તાકાત છે, જે કોઈ માનવ ઇષ્ટદેવની આરાધના કે ઉપાસના કરે તો તે જીવ મોક્ષે જાય છે. ધર્મ જીવન જીવવાની કળા શીખવે છે. હું પૂછું છું કે શું આંધળો સૂર્યદેવને જોઈ શકે છે? બ્રહ્માથી માંડીને સર્વ દેવતાઓ, મહાત્માઓ, ઋષિમુનિઓ અને ચક્રવર્તી રાજાઓ પણ પોતાના ઇષ્ટદેવની આરાધના - ઉપાસના કરે છે. હજારો વર્ષ અગાઉ એમના દ્વારા સ્થાપિત મૂર્તિઓ આજેય મોજૂદ છે. ધાર્મિક વ્યક્તિનું કામ સૂતેલાને જગાડવાનું અને અનીતિ આચરનારને ઢંઢોળવાનું છે. ધાર્મિક થવું તે સાધન છે. ધાર્મિક દેખાવું તે વિલાસ છે અને ધાર્મિક બનવું તે પોતાના આત્મહિતાર્થ માટે જ છે. નારાયણના નામનું નાણું જેની પાસે છે તેનો ખજાનો ક્યારેય ખૂટતો નથી.’

ધર્માત્મા નંદભદ્રની સામે લૂચ્ચો સત્યવ્રત ભોઠો પડી ગયો. સત્યવ્રતને ધર્માત્મા નંદભદ્રએ પંચાક્ષર મંત્ર ‘ઓમ નમઃ શિવાય’ આપ્યો અને તે દિવસથી સત્યવ્રતના જીવનમાં આમૂલાગ્ર પરિવર્તન આવી ગયું. નંદભદ્ર ભગવાન શંકરના સાક્ષાત દર્શન કરવાના હેતુથી કપિલેશ્વર મંદિરમાં ગયો અને પ્રાર્થના કરતાં કહ્યું, ‘પ્રભુ, જ્યાં સુધી આપ મને દર્શન નહીં આપો ત્યાં સુધી હું અહીં ઊભા રહીને નામ સ્મરણ કરતો રહીશ.’

સ્કંદપુરાણ આ કથાને સુપેરે આલેખતાં કહે છે કે નંદભદ્રને ચોથે દિવસે ભગવાન શિવે બાળસ્વરૂપે દર્શન આપ્યા હતા. ભગવાન શિવના સાક્ષાત દર્શનથી નંદભદ્ર કૃતકૃત્ય થઈ ગયો.

---

ભગવાન શિવ નંદભદ્રને દર્શન આપી કૈલાસ પરત ફર્યા. માતા પાર્વતી ભગવાન શિવને કહે છેઃ

માતા પાર્વતીઃ ‘પ્રભુ, ઘણા સમયથી પૃથ્વીલોક પર ભક્તોની પરિસ્થિતિથી અજાણ છીએ, તમે સાથ આપતા હોવ તો જઈને જોઈએ તેઓ શું કરી રહ્યા છે.’

ભગવાન શિવઃ ‘ચાલો દેવી! હું પણ મારા ભક્તોને જોવા ઉત્સુક છું.’

ભગવાન શિવ અને માતા પાર્વતી પૃથ્વીલોક પર ભ્રમણ કરતા હોય છે એ જ સમયે માતા પાર્વતીનું ધ્યાન એક ભૂખ્યા ભક્તને સ્મશાનમાં ચિતાના અંગારા પર રોટલો શેકતા જોઇ તેમનું હૃદય દ્રવી ઉઠયું.

માતા પાર્વતીઃ ‘સ્વામી મને લાગે છે કે આપનું કઠોર હૃદય આપના ભાવિક ભક્તોની દુર્દશા જોઈને પણ પીગળતું નથી. ઓછામાં ઓછું ભૂખ્યાજનો માટે ખાવાની વ્યવસ્થા તો કરવી જોઈતી હતી, પેલો બીચારો ભર્તૃહરિ પિંડ માટે આપવામાં આવેલ લોટના રોટલા સ્મશાનમાં શેકી રહ્યો છે.

ભગવાન શિવઃ ‘દેવી તમને તો ખબર જ છે કે, બ્રહ્મા ઉત્પત્તિ કરે છે, વિષ્ણુ પોષણ કરે છે અને હું શિવ સંહાર કરું છું, અનન્ય ભક્તો માટે મારા દ્વાર હંમેશા ખુલ્લાં જ છે, પરંતુ કોઈ આવે તો ને? કોઈ વસ્તુ આપવામાં આવે તો પણ ક્યાં લે છે? દુઃખ સહન કરી લેશે પણ લાંબો હાથ નહિ કરે.’

માતા પાર્વતીઃ ‘તો શું તમારા અનન્ય ભક્તોને આજીવિકાની પણ નથી પડી, કોઈપણ ભક્તની આકરી કસોટી કરવાની તો તમારી આદત છે. જો વિશ્વાસ ન બેસતો હોય તો જાતે જ જઇને પરિક્ષા લઈ જુઓ, પણ દેવી પરિક્ષા વખતે જરા સાવધાની રાખશો.’

ભગવાન શિવનો આદેશ મળતાં જ માતા પાર્વતી ભિખારણનું રૂપ ધારણ કરી ભર્તૃહરિ પાસે પહોંચી કાકલૂદીભરી વાણીમાં કહ્યું.

માતા પાર્વતીઃ ‘બેટા હું ઘણા દિવસથી ભૂખી છું મને થોડુંક ખાવાનું આપે તો તારી મહેરબાની, ભગવાન તારી બધી મનોકામના પૂર્ણ કરશે.’

ભર્તૃહરિએ ત્રણેક રોટલા પિંડ માટે આપવામાં આવેલ લોટમાંથી ચિતા પર ચડાવીને તૈયાર કર્યા. તેમાંથી એક રોટલો આ માતા પાર્વતીને આપ્યો

માતા પાર્વતીઃ ‘બેટા, આ એક રોટલાથી શું થાય? મારા કુટુંબમાં અમે ત્રણ જણ છીએ, વળી કેટલાક દિવસથી અમે ભૂખ્યા પણ છીએ.’

ભર્તૃહરિએ બાકીના બચેલા બે રોટલા પણ માતા પાર્વતીને આપી દીધા અને વિચાર્યું કે, ‘પોતાની પાસેના રોટલા બીજા ભૂખ્યા માણસોના પેટની આગ બૂઝાવશે.’ પોતે કમંડળમાંથી છોડું પાણી પી લીધુ અને ચાલવાની તૈયારી કરી.

માતા પાર્વતીઃ ‘બેટા, તું ક્યાં જાય છે, હું જગદંબા ભવાની તને દર્શન આપવા આવી છું,’ હું તારા પર પ્રસન્ન છું, તને જોઈતું વરદાન માગ.’

ભર્તૃહરિ (બે હાથ જોડી) : ‘માતા તમે હમણાં જ તમારી અને તમારા પરિવારની ભૂખ મટાડવા મારી પાસેથી રોટલા માગ્યાં, જે કોઈ અન્ય પાસેથી ભીખ માગીને પોતાનું ગુજરાન કરે, તે શું આપી શકે? તમારા જેવી ભિખારણ પાસે હું શું માગું?’

પ્રસન્ન માતા પાર્વતી પોતાના મૂળ સ્વરૂપે પ્રગટ થાય છે, ભર્તૃહરિ મસ્તક નમાવી પ્રણામ કરે છે અને કહે છેઃ

ભર્તૃહરિઃ ‘હે જગત જનની માતા પાર્વતી, આપ જો પ્રસન્ન થયાં હો તો એવું વરદાન આપો કે મને જે કાંઇ મળે તે દીન દુ:ખીયાઓમાં વહેંચી શકું.’

માતા પાર્વતીઃ ‘તથાસ્તુ’ કહી વરદાન આપે છે. માતા પાર્વતી અને ભગવાન શિવ આગળ વધે છે.

ભગવાન શિવઃ ‘હે દેવી! મારા ભક્તોને કંઈ જ મળતું નથી, માટે દરિદ્ર હોય છે એમ ન માનશો, ભક્તિની સાથોસાથ ઉદારતા તેમને દાન આપવા પ્રેરે છે. માનવ વ્યક્તિત્વને આકર્ષક બનાવવાવાળી કોઈ પણ વસ્તુ હોય તો તે ‘ઉદારતા’ છે. ઉદારતા એ પ્રેમનું રૂપ છે. પ્રેમમાં પણ ક્યારેક સ્વાર્થ ભાવના છુપાઈ રહેલ હોય છે. ઉદાર વ્યક્તિ અન્યનું દુઃખ જોઈ પોતે દુઃખી થાય છે. ઉદારતા માનવમાત્રનું કર્તવ્ય છે. (ક્રમશઃ) ■

# આઈપીએલ ૧૬ કે ૧૭ મેએ ફરી શરૂ થવાની સંભાવના

નવી દિલ્હીઃ આઇપીએલની અધૂરી રહેલી ૧૮મી સીઝનના કરોડો ચાહકોને ખુશ કરી દે એવા અહેવાલ બહાર આવ્યા છે. પ્લે-ઑફ રાઉન્ડની નજીક પહોંચી રહેલી આ ટી-૨૦ સ્પર્ધા (ભારત-પાકિસ્તાન વચ્ચેના યુદ્ધવિરામને ધ્યાનમાં લેતાં) આઠમી મેએ પંજાબ-દિલ્હીની મૅચની અધવચ્ચે જ અટકાવી દેવામાં આવી હતી, પણ હવે એ ફરી શરૂ કરવા ચક્રો ગતિમાન થયા છે અને આ ટૂર્નામેન્ટ આગામી ૧૬ કે ૧૭મી મેએ પાછી શરૂ થવાની સંભાવના છે.

બીસીસીઆઇએ ૧૦માંથી નવ ટીમના તમામ વિદેશી ખેલાડીઓ (જેઓ યુદ્ધવિરામ પહેલાં પોતપોતાના દેશમાં જવા રવાના થઈ ગયા હતા તેમને) ભારત પાછા આવી જવાનું કહી દેવાની નવેનવ ફ્રેન્ચાઇઝીઓને સૂચના આપી છે. પંજાબના વિદેશી ખેલાડીઓ સ્વદેશ જવાને બદલે ભારતમાં જ રહી ગયા હતા.

ગુજરાત (૧૬ પૉઇન્ટ) પ્રથમ નંબરે, બેંગલૂરુ (૧૬) બીજા નંબરે, પંજાબ (૧૫) ત્રીજા નંબરે, મુંબઈ (૧૪) ચોથા નંબરે અને દિલ્હી (૧૩) પાંચમા નંબરે છે. બીસીસીઆઇ આઇપીએલ ગમે એમ કરીને પચીસમી મે સુધીમાં પૂરી કરવા માગે છે. ૧૨ લીગ અને ચાર પ્લે-ઑફની મૅચ સહિત કુલ ૧૬ મૅચ રમાવાની બાકી છે. ■

# ભારતે મહિલાઓનો ત્રિકોણિયો જંગ આસાનીથી જીતી લીધો

## શ્રીલંકા સામે ફાઇનલમાં ૯૭ રનથી વિજયઃ મંધાનાના ૧૧૬ રન, સ્નેહની ચાર વિકેટ

કોલંબોઃ ભારતની મહિલા ટીમે અહીં ગઈ કાલે વાઇસ કૅપ્ટન સ્મૃતિ મંધાના (૧૧૬ રન, ૧૦૧ બૉલ, બે સિક્સર, પંદર ફોર)ની ૧૧મી વન-ડે સેન્ચુરી તેમ જ પેસ બોલર અમનજોત કૌર (૮-૦-૫૪-૩) તેમ જ સ્પિનર સ્નેહ રાણા (૯.૨-૧-૩૮-૪)ના બોલિંગ પર્ફોર્મન્સની મદદથી શ્રીલંકાને ટ્રાયેન્ગ્યૂલર ટૂર્નામેન્ટની ફાઇનલમાં ૯૭ રનથી હરાવીને ટ્રોફી જીતી લીધી હતી. આ ટૂર્નામેન્ટમાં સાઉથ આફ્રિકાએ પણ ભાગ લીધો હતો.

ભારતે બૅટિંગ પસંદ કર્યા બાદ મંધાનાના ૧૧૬ રન તેમ જ ઓપનર પ્રતીકા રાવલ (૩૦ રન) અને મિડલ-ઑર્ડરની ત્રણ બૅટર્સ હર્લીન દેઓલ (૪૭ રન), જેમાઇમા રૉડ્રિગ્સ (૪૪ રન) તેમ જ કૅપ્ટન હરમનપ્રીત કૌર (૪૧ રન)ના યોગદાનોની મદદથી ૫૦ ઓવરમાં સાત વિકેટે ૩૪૨ રન કર્યા હતા. શ્રીલંકા વતી ત્રણ બોલરે બે-બે વિકેટ લીધી હતી. જોકે તેઓ ખૂબ ખર્ચાળ સાબિત થઈ હતી.

શ્રીલંકાની ટીમ ૪૮.૨ ઓવરમાં ૨૪૫ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી જેમાં કૅપ્ટન ચમારી અથાપથ્થુ (૫૧ રન)નું સૌથી મોટું યોગદાન હતું. બીજી કોઈ બૅટર હાફ સેન્ચુરી નહોતી કરી શકી. ભારતની સાત બોલરના આક્રમણમાં શ્રીલંકાની બૅટર્સ દબાણમાં આવી ગઈ હતી અને ૩૪૩ રનના લક્ષ્યાંક સામે ૨૫૦ રન પણ નહોતી બનાવી શકી.

મંધાનાને પ્લેયર ઑફ ધ ફાઇનલનો અને ટૂર્નામેન્ટમાં સૌથી વધુ ૧૫ વિકેટ લેનાર સ્પિનર સ્નેહ રાણાને પ્લેયર ઑફ ધ સિરીઝનો પુરસ્કાર મળ્યો હતો. આ સ્પર્ધામાં સાઉથ આફ્રિકાની ઍનરી ડર્કસેનના ૨૭૬ રન સૌથી વધુ હતા અને મંધાના ૨૬૪ રન સાથે બીજા નંબરે હતી.

શ્રીલંકામાં ભારતીય મહિલા ક્રિકેટરોનો રેકૉર્ડ બહુ સારો છે. શ્રીલંકામાં ભારતીય મહિલાઓ ૩૩માંથી ફક્ત ત્રણ વન-ડે હારી છે. ■




સ્પિનર સ્નેહ રાણાએ ૩૮ રનમાં ચાર વિકેટ લીધી હતી. પેસ બોલર અમનજોતે ત્રણ વિકેટ મેળવી હતી. (બીસીસીઆઇ)

# ટીમની તમામ ૧૦ બૅટરને રિટાયર-આઉટ કરી દેવાઈ!

બૅંગકૉકઃ મહિલાઓના આગામી ટી-૨૦ વર્લ્ડ કપ માટેની એશિયા પ્રાન્તની એક ક્વૉલિફાઇંગ મૅચમાં શનિવારે એક અજબ ઘટના બની. એવું દોઢસો વર્ષના ક્રિકેટના ઇતિહાસમાં (પુરુષો અને મહિલાઓ) બેમાંથી કોઈના પણ કોઈ પણ ફૉર્મેટની મૅચમાં નથી બન્યું. એક ટીમની તમામ ૧૦ બૅટરને રિટાયર-આઉટ કરી દેવામાં આવી હતી.

યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઇ) અને કતાર વચ્ચેની મૅચમાં આ અભૂતપૂર્વ બનાવ બન્યો હતો. અગાઉ ક્યારેય કોઈ ક્રિકેટ મૅચમાં બેથી વધુ ખેલાડીને રિટાયર-આઉટ નહોતી કરવામાં આવી. પુરુષોની ક્રિકેટમાં પણ ક્યારેય બેથી વધુ બૅટ્સમૅનને રિટાયર-આઉટ નથી કરવામાં આવ્યો.

યુએઇની ટીમની ૨૭ વર્ષની ઉંમરની ભારતીય મૂળની કૅપ્ટન અને રાઇટ-હૅન્ડ બૅટર ઇશા રોહિત ઓઝાએ ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી. ઇશા અને બીજી ભારતીય મૂળની વિકેટકીપર તીર્થ સતીશ નામની વિકેટકીપર ઓપનિંગમાં રમી હતી. ઇશાએ પંચાવન બૉલમાં પાંચ સિક્સર અને ૧૪ ફોરની મદદથી ૧૧૩ રન કર્યા હતા, જ્યારે તીર્થએ ૪૨ બૉલમાં અગિયાર ફોર સાથે ૭૪ રન કર્યા હતા. બન્ને વચ્ચે પ્રથમ વિકેટ માટે ૧૯૨ રન બન્યા હતા. તેમણે આ ૧૯૨ રન ૧૬ ઓવરમાં કર્યા હતા. જોકે આ સ્કોર વખતે યુએઇની ટીમે પોતાની ઇનિંગ્સ રોકી દેવાનું નક્કી કર્યું હતું. મર્યાદિત ઓવરની ક્રિકેટમાં દાવ ડિક્લેર કરવાની છૂટ ન હોવાથી યુએઇના ટીમ મૅનેજમેન્ટે (કતાર સામે ૧૯૨ રન પૂરતા હોવાનું લાગતાં તેમ જ બાકીની ચાર ઓવર રમવાની જરૂર ન જણાતાં) ઇશા ઓઝા તથા તીર્થને રિટાયર-આઉટ જાહેર કરી દીધી હતી. ત્યાર બાદ બાકીની આઠ બૅટરને (એકેય બૉલનો સામનો કરવા દીધા વગર) રિટાયર-આઉટ જાહેર કરી દેવાઈ હતી. એ રીતે, રેકૉર્ડ-બુકમાં યુએઇની ટીમને ૧૬ ઓવરમાં ૧૯૨ રને ઑલઆઉટ બતાવવામાં આવી હતી. નવાઈની વાત એ છે કે યુએઇની ટીમ ઑલઆઉટ થઈ હોવા છતાં કતારની સાતમાંથી એક પણ બોલરના નામે એકેય વિકેટ નહોતી નોંધાઈ.

કતારની ટીમ જવાબમાં ૧૧.૧ ઓવરમાં ફક્ત ૨૯ રનમાં ઑલઆઉટ થઈ હતી. સાત બૅટર ઝીરોમાં આઉટ થઈ હતી. યુએઇની સ્પિનર મિશેલ બોથાને ત્રણ વિકેટ અને કૅટી થૉમસનને બે વિકેટ મળી હતી. ■

# ‘મધર્સ ડે’ નિમિત્તે અનુષ્કાને પણ વિરાટની શુભેચ્છા

## કિંગ કોહલીએ મમ્મીને અને સાસુજીને પણ શુભકામના આપી, સચિનની પણ મમ્મીને શુભેચ્છા

નવી દિલ્હીઃ દુનિયાભરમાં ગઈ કાલે ‘મધર્સ ડે’ ઉજવવામાં આવે છે એવામાં ક્રિકેટરો પણ તેમની મમ્મીને યાદ કરવાનું અને શુભેચ્છા આપવાનું નથી ભૂલ્યા. વિરાટ કોહલીએ માત્ર તેના મમ્મીને જ નહીં, પણ પોતાના બાળકોની મમ્મી એટલે કે પત્ની અનુષ્કા શર્માને પણ વિશ કરવાનું નથી ચૂક્યો.

વિરાટે ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ મૂકી છે જેમાં તેણે તેના મમ્મી, અનુષ્કા શર્મા અને અનુષ્કાના મમ્મીનો ફોટા શૅર કર્યો છે. સચિને પોતાના મમ્મીને શુભેચ્છા આપી છે.

પહેલી તસવીરમાં અનુષ્કા પુત્રી વામિકાને ખોળામાં લેતી જોવાં મળે છે. બીજી તસવીરમાં વિરાટના મમ્મી અને વિરાટની બાળપણની ઝલક જોવાં મળી શકે છે. ત્રીજી તસવીર અનુષ્કા બાળપણની તસવીરમાં તેના મમ્મી સાથે જોવાં મળે છે.

વિરાટે આ ફોટો શૅર કરવાની સાથે કૅપ્શનમાં લખ્યું છે, ‘દુનિયાની તમામ માતાઓને મધર્સ ડેની શુભેચ્છા. મેં એક માની કોખમાં જન્મ લીધો, એક માએ મને પુત્રની જેમ અપનાવ્યો અને એક મમ્મીને મેં અમારા બાળકોને એક મજબૂત, પાલનપોષણ કરવાવાળી અને તેમની ખૂબ જ કાળજી રાખનારી વ્યક્તિ તરીકે ઊભરતી જોઈ છે. અનુષ્કા શર્મા, અમે બધા તમને દરરોજ વધુને વધુ પ્રેમ કરીએ છીએ.’ અનુષ્કા શર્માએ પણ મધર્સ ડે નિમિત્તે એક પોસ્ટ મીડિયામાં મોકલી છે. એમાં તેણે પોતાની મમ્મી અને સાસુજીની એક-એક તસવીર શૅર કરવાની સાથે લખ્યું છે, ‘ દુનિયાભરની તમામ ખૂબસૂરત મમ્મીઓને હૅપી મધર્સ ડેની શુભકામના.’

સચિને પોતાના મમ્મીને શુભકામના આપતી પોસ્ટમાં લખ્યું છે, ‘આજે હું જે કંઈ છું એ બધું મારી મમ્મીની પ્રાર્થનાથી શરૂ થયું હતું. મારી મમ્મી હંમેશાં મારો સહારો બની છે. અસ્સલ એવી રીતે જેવી રીતે દરેક મમ્મી પોતાના સંતાનો માટે બની રહેતી હોય છે. દુનિયાની તમામ માતાઓને હું મધર્સ ડેની શુભેચ્છા આપું છું.’ ■

# પૉન્ટિંગ વિમાનમાંથી ઊતરીને ભારતમાં જ રહી ગયોઃ વિદેશી ખેલાડીઓને પણ ભારતમાં રહેવા સમજાવ્યા

નવી દિલ્હીઃ આઇપીએલની પંજાબ કિંગ્સ (પીબીકેએસ) ટીમના વિદેશી હેડ-કોચ અને વિદેશી ખેલાડીઓએ શનિવારે પહેલાં જે કંઈ કર્યું એ અસાધારણ કહેવાય.

ભારત અને પાકિસ્તાન વચ્ચે આઠમી મેએ મોટા પાયે જંગ શરૂ થઈ જતાં હિમાચલ પ્રદેશના ધરમશાલામાં (દિલ્હી સામે પંજાબના ૧૦.૧ ઓવરમાં બનેલા ૧૨૨/૧ના સ્કોર વખતે) મૅચ રદ કરી નાખવામાં આવી હતી અને બન્ને ટીમના ખેલાડીઓને સ્પેશિયલ ટ્રેનમાં દિલ્હી લઈ જવામાં આવ્યા હતા. ત્યાર બાદ ખેલાડીઓ માટે હોટેલમાં જવાની વ્યવસ્થા કરાયા બાદ તેમને પોતાના દેશમાં પાછા જવાનું કહેવામાં આવ્યું હતું. ૧૦માંથી નવ ટીમના વિદેશી પ્લેયરો સ્વદેશ પાછા જવા રવાના થયા, પરંતુ શનિવારે રાત્રે પંજાબના હેડ-કોચ રિકી પૉન્ટિંગ અને એ ટીમના ખેલાડીઓ યુદ્ધવિરામની જાહેરાત બાદ ભારતમાં જ રહી ગયા હતા.

પૉન્ટિંગ પણ ઑસ્ટ્રેલિયા ભેગો થઈ શક્યો હોત, પણ તેણે ચિંતાજનક સ્થિતિમાં મુસાફરોથી ભરાયેલા વિમાનમાંથી છેલ્લી ઘડીએ ઊતરી ગયો હતો અને પંજાબના ફ્રૅન્ચાઇઝીના અધિકારીઓ સાથે સંપર્ક કર્યા બાદ દિલ્હીની હોટેલમાં જ રહી ગયો હતો. એટલું જ નહીં, તેણે પંજાબની ટીમના વિદેશી ખેલાડીઓને પણ દિલ્હીમાં જ રહી જવા સમજાવ્યા હતા. પંજાબ કિંગ્સના સીઇઓ સતીશ મેનને પીટીઆઇને કહ્યું હતું કે ‘પૉન્ટિંગની આ જ ખાસિયત છે. તેના જેવો પ્રભાવશાળી ખેલાડી જ આવું કરી શકે.’

પંજાબના વિદેશી ખેલાડીઓ માર્કસ સ્ટોઇનિસ, આરૉન હાર્ડી, જૉશ ઇંગ્લિસ અને ઝેવિયર બાર્ટલેટ (તમામ ઑસ્ટ્રેલિયાના) આઠમી મેએ ધરમશાલાથી (બાય રોડ) કાર/બસમાં અને ત્યાર બાદ ટ્રેનમાં પ્રવાસ કરીને ખૂબ થાકી ગયા હતા એટલે ઑસ્ટ્રેલિયા પાછા જતી વખતે વિમાનમાં ભરપૂર આરામ કરવાના મૂડમાં હતા, પરંતુ તેમણે પૉન્ટિંગનું માનીને ભારતમાં જ રહી જવાનું પસંદ કર્યું હતું. પંજાબની ટીમમાંથી સાઉથ આફ્રિકાનો માર્કો યેનસેન જ ભારતથી રવાના થયો હતો, પણ તે સ્વદેશ જવાને બદલે દુબઈ ગયો હતો એટલે વહેલાસર પાછો ભારત આવી જશે. ■

# ઇંગ્લૅન્ડનો ઑલરાઉન્ડર ટૉમ કરૅન જયારે બાળકની જેમ રડવા લાગ્યો!

કરાચીઃ ભારત સાથે યુદ્ધનું સાહસ કરીને પાકિસ્તાન તો પસ્તાઈ જ રહ્યું છે, પરંતુ એની ટી-૨૦ ક્રિકેટ લીગમાં ભાગ લેનાર કેટલાક વિદેશી ખેલાડીઓ (ખાસ કરીને ઇંગ્લૅન્ડનો ઑલરાઉન્ડર ટૉમ કરૅન અને ન્યૂ ઝીલૅન્ડનો ડેરિલ મિચલ) પણ હેરાન-પરેશાન છે. પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં રોમાંચક મૅચો રમાઈ રહી હતી ત્યાં પાકિસ્તાને કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલો કરાવ્યા બાદ ભારત સાથે યુદ્ધ કરવાનું દુસાહસ સ્વીકારી લેતાં પીએસએલ સ્પર્ધા સાવ ખોરવાઈ ગઈ છે. એ તો ઠીક, પણ આ સ્પર્ધા દુબઈમાં રાખવાની પાકિસ્તાનની વિનંતીને યુએઇએ ઠુકરાવી દીધી એટલે પીએસએલને મોકૂફ રાખી દેવી પડી છે.

એટલું જ નહીં, વિદેશી ખેલાડીઓએ પાકિસ્તાનમાંથી રવાના થઈને દુબઈ પહોંચ્યા બાદ જે કંઈ ભાવ વ્યક્ત કર્યા એ જોતાં પાકિસ્તાનનું નાક કપાઈ ગયું એમ કહી શકાય.

પાકિસ્તાને ભારત સાથેથી યુદ્ધ વધારી દેતાં


ડેરિલ મિચલ


ટૉમ કરૅન

પીએસએલના વિદેશી ખેલાડીઓને પહેલાં યુએઇમાં પહોંચાડવામાં આવ્યા હતા અને ત્યાંથી તેમને પોતપોતાના દેશમાં પાછા જતા રહેવા કહેવાયું હતું.

બાંગ્લાદેશના લેગ-સ્પિનર રિશાદ હોસૈન પીએસએલની લાહોર કલંદર્સ ટીમમાં છે. રિશાદે હેરાન થયેલા આ ટીમના સાથી વિદેશી ખેલાડીઓની વાત એક ઇન્ટરવ્યૂમાં કરી છે. શનિવારે પાકિસ્તાનના ઍરપોર્ટ પરથી ચાર્ટર પ્લેનમાં પીએસએલના વિદેશી ખેલાડીઓને દુબઈ પહોંચાડવામાં આવ્યા હતા. રિશાદે મુલાકાતમાં કહ્યું, ‘અમે બધા ખૂબ ડરી ગયા હતા. અમે સાંભળ્યું કે અમે પાકિસ્તાનના જે ઍરપોર્ટ પરથી રવાના થયા હતા ત્યાં (અમારા ગયા બાદ) ૨૦ મિનિટ પછી એ ઍરપોર્ટ પર મિસાઇલ હુમલો થયો હતો.’

## ડેરિલ મિચલ કહે છે કે ‘હું ફરી ક્યારેય પાકિસ્તાન નહીં જાઉં’

રિશાદે એક ક્રિકેટ વેબસાઇટને એવું પણ જણાવ્યું હતું કે ‘હું વિદેશી ખેલાડીઓ ટૉમ કરૅન, ડેરિલ મિચલ, સૅમ બિલિંગ્સ, કુસાલ પરેરા, ડેવિડ વીસની સાથે પાકિસ્તાનથી દુબઈ પહોંચ્યો હતો. દુબઈ પહોંચતાં જ મેં જોયું કે બધા વિદેશી પ્લેયરો ખૂબ ભયભીત હતા. ડેરિલ મિચલે તો હતાશામાં મને ચોખ્ખું કહી દીધું કે હું ફરી ક્યારેય પાકિસ્તાન નહીં જાઉં.

ટૉમ કરૅનનો નાનો ભાઈ સૅમ કરૅન ભારતની આઇપીએલમાં ચેન્નઈ વતી રમી રહ્યો છે. પીએસએલમાં ટૉમનો કિસ્સો જુદો હતો. તે પાકિસ્તાનમાં હૉટેલ પરથી (દુબઈ આવવા માટે) ઍરપોર્ટ પર પહોંચ્યો ત્યારે તેણે જોયું કે ઍરપોર્ટ તો બંધ કરી દેવામાં આવ્યું છે. એ જાણીને ટૉમ બાળકની જેમ રડવા લાગ્યો હતો. બે-ત્રણ માણસોએ તેને શાંત પાડ્યો હતો અને સમજાવીને ઍરપોર્ટની અંદર મોકલ્યો હતો.’ ■




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| નર્તકો | STAFF |
| ખલાસીઓ | CLASS |
| વિદ્યાર્થીઓ | CREW |
| ખેલાડીઓ | TROUPE |
| કર્મચારીઓ | TEAM |

## ઓળખાણ પડી?



દેશના વિવિધ સ્થળે આવેલી શક્તિપીઠનું અનેરું મહાત્મ્ય છે. શ્રી બ્રિજેશ્વરી માતા મંદિર શક્તિપીઠ દેશના કયા રાજ્યમાં છે એની ઓળખાણ પડી?

અ) રાજસ્થાન બ) હિમાચલ પ્રદેશ ક) મધ્ય પ્રદેશ ડ) કર્ણાટક

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ દિ | વ્યાં | ૨ ગ | ■ | ૩ આ | સ | ૪ પા | ૫ સ | ■ | ૬ અ |
| વા | ■ | ૭ ર | હી | શ | ■ | ૮ ર | ક | ઝ | ક |
| ૯ સ્વ | ધા | મ | ■ | ક | ■ | ૧૦ સ | ળ | ■ | સ્મા |
| પ્ન | ■ | ૧૧ ર | ૧૨ ડો | ■ | ૧૩ હિ | મ | ■ | ૧૪ કાં | ત |
| ■ | ૧૫ હા | ■ | ૧૬ સા | વ | ર | ણિ | ■ | ડી | ■ |
| ૧૭ હા | જ | ર | ■ | ■ | ક | ■ | ૧૮ હો | ■ | ૧૯ અ |
| ૨૦ નિ | ત | ■ | ૨૧ શિ | ૨૨ વા | ■ | ૨૩ મ | ય | ૨૪ ખા | નું |
| કા | ■ | ૨૫ પ્રે | ક્ષા | ઘ | ૨૬ ર | ■ | ■ | ૨૭ તા | સ |
| ૨૮ ર | ૨૯ ગો | ■ | તી | ■ | ૩૦ જ | ૩૧ મ | ણ | વા | ર |
| ૩૨ ક | લા | વં | ત | ■ | ૩૩ ત | ન | ■ | ૩૪ ર | ણ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ■ | ૪ | | ૫ |
| ૬ | | ■ | | ■ | ■ | ૭ | | ■ | |
| | ■ | ૮ | ■ | ૯ | ૧૦ | | | ■ | |
| ■ | ૧૧ | | | ■ | ૧૨ | | ■ | ૧૩ | ■ |
| ૧૪ | | | ■ | ૧૫ | | | ■ | ૧૬ | ૧૭ |
| ૧૮ | | ■ | ■ | ૧૯ | | | ૨૦ | ■ | |
| | ■ | ૨૧ | | ■ | | ■ | ૨૨ | | |
| ૨૩ | ૨૪ | | ■ | ૨૫ | ■ | ૨૬ | | ■ | |
| ■ | | ■ | ૨૭ | | ૨૮ | | ■ | ૨૯ | |
| ૩૦ | | | | ■ | ૩૧ | | | | ■ |

આડી ચાવી

૧. વિમાનો દ્વારા આક્રમણ (૬)
૪. આપણા સ્વભાવને --- વ્યક્તિ બધે ના મળે (૩)
૬. મેદસ્વી (૨)
૭. રસોઈ (હિ.) (૨)
૯. યુવાની (૪)
૧૧. એકદમ સાફ (૩)
૧૨. ભારતની બહાદુર કોમ (૨)
૧૪. ચાર પંક્તિની કવિતા (૪)
૧૫. તીવ્ર, સખત, અસહ્ય (૩)
૧૬. ઈસ્વી સન (૨)
૧૮. સરદારજી હાથમાં પહેરે (૨)
૧૯. દૂરનું જોવાનું યંત્ર (૪) (જો.છૂ.)
૨૧. ઊંચુ લાંબુ વૃક્ષ (૨)
૨૨. ઈચ્છા (૩)
૨૩. રૉકેટ મોકલતી ભારતીય સંસ્થા (૩)
૨૬. શ્રેષ્ઠ (૨)
૨૭. કૃષ્ણ, રણ છોડી ભાગી જનાર (૪)
૨૯. --- લેવો એટલે હોડમાં ઉતરવું (૨)
૩૦. નીમેલું, સત્તાવાર (૪)
૩૧. એકદમ ભરેલું (૪)

ઊભી ચાવી

૧. સહસ્ર (૩)
૨. ફળોનું ખેતર (૨)
૩. આંકડો (૨)
૪. બાધા (૩)
૫. તણખો, અંગારો (૩) (જો.છૂ.)
૭. સત્યાનાશ (૫)
૮. વફાદારી (૩)
૧૦. જાદુ, વશ કરવું તે (૫)
૧૧. આભાર, પાડ, વગ (૩)
૧૩. વિશિષ્ટ (૨)
૧૪. સાવધાની, ખાતરી (૪)
૧૫. એક કંદ, જેની સૂંઠ બને (૨)
૧૭. જડમૂળથી નાશ પામેલું (૫)
૨૦. ના પાડવી તે (૩)
૨૧. તારક (૨)
૨૪. ઊંડું ધ્યાન (૩)
૨૫. ટેક્ષ, કર (૨)
૨૬. એક મોટું વૃક્ષ (૩)
૨૭. ઋતુ (૨)
૨૯. એક કઠોળ (૨)

## ગુજરાત મોરી મોરી રે

ગણેશજીના મંદિર દેશમાં અનેક ઠેકાણે છે. ગણપતપુરા ગણેશ મંદિર તરીકે જાણીતું બાપ્પાનું ધર્મ સ્થાનક કઈ જગ્યાએ સ્થિત છે એ કહી શકશો?

અ) નડિયાદ બ) વરતેજ
ક) રાજકોટ ડ) ધોળકા

## માતૃભાષાની મહેક

બાપનું તોલડુંનો અર્થ થાય છે કશું જ નહીં, ખાલીખમ. મૃતદેહ સ્મશાનમાં લઈ જાય ત્યારે સંબંધી હાથમાં તોલડી (સ્મશાનમાં લઈ જવામાં આવતી આગની હાંલ્લી) લઈને આગળ ચાલે છે. એ તોલડી કોઈના મરણની મોકાણના સમાચાર કહે છે. આવડતના ભાવે સોંપાયેલા કામમાં નિષ્ફળતા મળે એના ઉપરથી જે કાંઈ સારું કામ ન કરી શકે તેવા માણસને માટે આ પ્રમાણે બોલાય છે.

## સુડોકુ-૮૦૮૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | | | | | | ૭ |
| | ૫ | ૯ | | | | ૬ | ૩ | |
| | ૧ | ૩ | | ૫ | | ૯ | ૮ | |
| | ૭ | | ૯ | | ૪ | | ૧ | |
| | | ૧ | | | | ૭ | | |
| | ૮ | | ૧ | | ૩ | | ૪ | |
| | ૪ | ૭ | | ૮ | | ૩ | ૬ | |
| | ૯ | ૫ | | | | ૪ | ૨ | |
| ૨ | | | | | | | | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | ૮ | ૭ | ૫ | ૧ | ૬ | ૯ |
| ૭ | ૮ | ૧ | ૩ | ૬ | ૯ | ૪ | ૫ | ૨ |
| ૯ | ૫ | ૬ | ૨ | ૧ | ૪ | ૮ | ૭ | ૩ |
| ૫ | ૯ | ૨ | ૭ | ૮ | ૩ | ૬ | ૪ | ૧ |
| ૮ | ૬ | ૭ | ૪ | ૨ | ૧ | ૩ | ૯ | ૫ |
| ૧ | ૪ | ૩ | ૯ | ૫ | ૬ | ૭ | ૨ | ૮ |
| ૬ | ૭ | ૯ | ૧ | ૩ | ૨ | ૫ | ૮ | ૪ |
| ૪ | ૧ | ૮ | ૫ | ૯ | ૭ | ૨ | ૩ | ૬ |
| ૩ | ૨ | ૫ | ૬ | ૪ | ૮ | ૯ | ૧ | ૭ |

## ઈર્શાદ

મોત તારી કારી નિષ્ફળતા ઘડીભર જોઈ લે,
કેટલાં હૈયે સ્મરણ મારા બિછાવી જાઉં છું.
-હરીન્દ્ર દવે

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

‘આટલી વસ્તુઓમાંથી તમારા ખપની કઈ છે?’માં ખપ શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) નકામી બ) ખાવાની ક) ટકાઉ ડ) ઉપયોગી

## માઈન્ડ ગેમ

ચૂનાના ખડકોમાં કંડારવામાં આવેલી અને વિશિષ્ટ શિલ્પાંકન ધરાવતી ખૂબસૂરત બૌદ્ધ ગુફાઓ કયા ગામમાં સ્થિત છે એ ખબર છે ખરી?

અ) લખપત બ) ડાભી
ક) પીપરાળા ડ) ખંભાલીડા

## ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ઉમંગ | DELIGHT |
| ઉદાસ | GLOOMY |
| ઉત્તર | ANSWER |
| ઉઘાડ | SUNSHINE |
| ઉંબરો | THRESHOLD |

ઓળખાણ પડી?
ભડકેશ્વર મહાદેવ

માઈન્ડ ગેમ
હસ્તિનાપુર

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ગાંડાઘેલા

ગુજરાત મોરી મોરી રે
વેરાવળ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ડૉ. પ્રકાશ કટકિયા (૩) સુભાષ મોમાયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) કિશોરકુમાર જીવણદાસ વેદ (૭) ધીરેન ઉદેશી (૮) ગીતા ઉદેશી (૯) પ્રતિમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) લજિતા ખોના (૧૩) મહેન્દ્ર લોઢાવિયા (૧૪) મહેશ દોશી (૧૫) પુષ્પા પટેલ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) શ્રદ્ધા આશર (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) હર્ષા મહેતા (૨૧) પ્રવીણ વોરા (૨૨) મીનળ કાપડિયા (૨૩) કિશોર બી. સંઘરાજકા (૨૪) ભાવના કર્વે (૨૫) તાહેર ઔરંગાબાદવાલા (૨૬) શીરીન ઔરંગાબાદવાલા (૨૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૮) મનીષા શેઠ (૨૯) ફાલ્ગુની શેઠ (૩૦) નુતન વિપીન શાહ (૩૧) હેમા હરીશ ભટ્ટ (૩૨) અલકા વાણી (૩૩) અંજુ ટોલિયા (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) પુષ્પા ખોના (૩૬) નિતિન જયંતિલાલ બજરિયા (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) રમેશ દલાલ (૪૦) ઈનાક્ષી દલાલ (૪૧) હેમા દલાલ (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૪) વિણા સંપટ

# મુંબઈ યુનિવર્સિટી હવે ભણાવશે સિવિલ ડિફેન્સ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે મુંબઈ યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં સિવિલ ડિફેન્સના કોર્સને સામેલ કરવાનો નિર્ણય લીધો છે. ભારત-પાકિસ્તાન વચ્ચેના તાજેતરના સંઘર્ષને ધ્યાનમાં લેતાં સ્વયંસેવક આધારિત ઈમરજન્સી રિસ્પોન્સ મિકેનિઝમ (તાકીદમાં સહાયરૂપ યંત્રણા) તરીકે સિવિલ ડિફેન્સના મહત્ત્વને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રના નાગરી સંરક્ષણ વિભાગે તાજેતરમાં રાષ્ટ્રવ્યાપી કવાયતના ભાગ રૂપે મૉક ડ્રિલનું આયોજન કર્યું હતું, ભલે એજન્સી પાસે માનવશક્તિની અને તાલીમ સાધનોની અછત હોવા છતાં તેમણે સારી રીતે ડ્રિલ પાર પાડી હતી.

ભારત અને પાકિસ્તાન વચ્ચેના લશ્કરી મુકાબલા વચ્ચે સિવિલ ડિફેન્સની મુખ્ય ભૂમિકાને સમજીને સરકારે નજીવા દૈનિક ભથ્થાથી લઈને અપૂરતા સાઈરન અને એમ્બ્યુલન્સ સુધીના મુદ્દાઓને ઉકેલીને એજન્સીને મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહી છે.

મહારાષ્ટ્ર સરકારના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, સિવિલ ડિફેન્સ પર ધ્યાન કેન્દ્રિત કરીને આગામી શૈક્ષણિક વર્ષથી એન્જિનિયરિંગ કોલેજના અભ્યાસક્રમમાં એક અભ્યાસક્રમ દાખલ કરવામાં આવશે.



સિવિલ ડિફેન્સના ડિરેક્ટર પ્રભાત કુમારે જણાવ્યું હતું કે, સિવિલ ડિફેન્સના ડિરેક્ટર અને મુંબઈ યુનિવર્સિટીએ તાજેતરમાં એક સમજૂતીના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં શૈક્ષણિક અભ્યાસક્રમમાં સિવિલ ડિફેન્સના અભ્યાસક્રમનો સમાવેશ કરવાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

આ કોર્સ મુંબઈ યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ એન્જિનિયરિંગ કોલેજોમાં ભણાવવામાં આવશે અને તેમાં પચીસ માર્ક મળશે.

'જે વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે સાથે રાષ્ટ્રની સેવા કરવા માગે છે તેમને આ કોર્સ દ્વારા તક મળશે,' એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, વિદ્યાર્થીઓને કટોકટી દરમિયાન બચાવ કામગીરી અને જીવન બચાવવાની તાલીમ આપવામાં આવશે.

તેઓ ખાસ કરીને કટોકટી અને યુદ્ધ જેવી પરિસ્થિતિઓમાં, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, ફાયર બ્રિગેડ અને હોસ્પિટલો જેવી સરકારી અને પાલિકાની એજન્સીઓ સાથે કામ કરવા

(જુઓ પાનું ૪) ▶▶



**સિંધુદુર્ગમાં છત્રપતિ શિવાજી મહારાજની નવી પ્રતિમાનું અનાવરણ**

## તોફાનો આવશે તોય ૯૧ ફૂટ ઊંચી પ્રતિમા ૧૦૦ વર્ષ સુધી ટકી રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ માલવણના કિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા ધરાશાયી થવાની કમનસીબ ઘટના બાદ રાજ્યભરના છત્રપતિ શિવાજીના ભક્તોએ ગુસ્સો વ્યક્ત કર્યો હતો. આક્રોશના મોજાને જોઈને સરકારે કહ્યું હતું કે પહેલી પ્રતિમા કરતાં વધુ સારી અને પ્રભાવશાળી પ્રતિમા ટૂંક સમયમાં બનાવવામાં આવશે. તે મુજબ, રવિવારે સિંધુદુર્ગના માલવણ કિલ્લા પર છત્રપતિ શિવાજી મહારાજની ૯૧ ફૂટ ઊંચી નવી પ્રતિમા સ્થાપિત કરવામાં આવી હતી. મુખ્ય પ્રધાન, નાયબ મુખ્ય પ્રધાન અને જાહેર બાંધકામ ખાતાના પ્રધાનની હાજરીમાં આ પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. શિલ્પકાર રામ સુતાર અને અનિલ સુતાર દ્વારા એક સુંદર પ્રતિમા બનાવી છે. આ પ્રતિમા તોફાનોની તીવ્રતાનો અભ્યાસ કર્યા પછી બનાવવામાં આવી હતી એવી માહિતી પ્રતિમા અનાવરણ સમારોહ પછી આપતા, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે આ પ્રતિમા કોઈપણ વાતાવરણમાં ઓછામાં ઓછા ૧૦૦ વર્ષ સુધી ટકી રહેશે.

છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ આપણા માટે સંતોષની વાત છે, અને આ પ્રતિમા પણ એટલી જ તેજસ્વીતા

(જુઓ પાનું ૪) ▶▶

**ઑપરેશન સિંદૂર માટે વાંધાજનક પોસ્ટ**

## કુર્લાનો યુવક પકડાયો, મલાડની યુવતીની શોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)


મુંબઈઃ પહલગામના આતંકવાદી હુમલાને પગલે ભારતે હાથ ધરેલા ઑપરેશન સિંદૂર બાદ ભારત-પાકિસ્તાન વચ્ચેની લડાઈ જેવી સ્થિતિના સંદર્ભમાં સોશ્યલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ પ્રકરણે મુંબઈ પોલીસે શનિવારે બે એફઆઈઆર નોંધ્યા હતા. એક કેસમાં 'જો યુદ્ધ થાય તો ભારત માટે આ છેલ્લું યુદ્ધ હશે' એવી પોસ્ટ કરવા બદલ પોલીસે કૉલેજ સ્ટૂડન્ટની ધરપકડ કરી હતી, જ્યારે બીજા કેસમાં બ્યુટિશિયનની શોધ ચાલી રહી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ચુનાભટ્ટી પોલીસે કુર્લાના કુરેશી નગરમાં રહેતા કૉલેજના વિદ્યાર્થી સાહિલ ખાન (૨૦) વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ખાને શુક્રવારે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર વાંધાજનક મેસેજ પોસ્ટ કર્યો હતો.

જો યુદ્ધ થાય તો ભારત માટે છેલ્લું યુદ્ધ હશે, એવું ખાને તેની પોસ્ટમાં લખ્યું હતું. ખાને કોમવાદ ભડકાવતી ભાષામાં પોસ્ટ મૂકી હતી. આ પોસ્ટ પોલીસની નજરમાં આવી હતી. પોલીસે જાતે જ ફરિયાદ નોંધી ખાનને શોધી કાઢ્યો હતો અને તેની ધરપકડ કરી હતી.

આ વિવાદાસ્પદ પોસ્ટ ભારતીય પ્રજામાં ભયનું વાતાવરણ ઊભું કરવા, લોકોને દેશની વિરુદ્ધમાં ઉશ્કેરવા કે સાર્વજનિક શાંતિનો ભંગ કરવા માટે તૈયાર કરાઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. ખાન વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

(જુઓ પાનું ૪) ▶▶



**ગોખલે પુલ થયો શરૂઃ** અંધેરી પૂર્વ-પશ્ચિમને જોડનારો ગોપાળકૃષ્ણ ગોખલે બ્રિજ નવેસરથી વિક્રમી સમયમાં બાંધીને રવિવારે ઉદ્‌ઘાટન બાદ મોડી રાતના વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ત્રણ જુલાઈ, ૨૦૧૮ના બ્રિજનો અમુક હિસ્સો તૂટી પડતા બેનાં મોત અને ત્રણ જખમી થયા હોવાની દુર્ઘટના બાદ છેક નવેમ્બર, ૨૦૨૨માં તેને જોખમી જાહેર કરીને બંધ કરવામાં આવ્યો હતો. ટેક્નિકલી અનેક અડચણો વચ્ચે પણ બ્રિજ બાંધીને ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૪માં બ્રિજની એક તરફ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો અને રવિવારે તેને પૂર્ણ ક્ષમતાએ વાહનવ્યહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આખો બ્રિજ ૨૮ મહિનામાં બાંધવામાં આવ્યો હતો. (અમય ખરાડે)

## બીકેસીના ટ્રાફિકને પહોંચી વળવા સાઈકલ ટ્રેકને રસ્તામાં ભેળવી દેવાશે, વન-વે સિસ્ટમ લવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બાન્દ્રા-કુર્લા-કૉમ્પ્લેક્સ (બીકેસી)માં રહેલી ટ્રાફિકની સમસ્યાથી રાહત મેળવવા માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજનલ ડેવપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ ડિટેઈલ ટ્રાફિક મેનેજમેન્ટ પ્લાન બનાવ્યો છે, જે હેઠળ સાઈકલ ટ્રેકનું ટ્રાફિક લેનમાં રૂપાંતર કરીને રસ્તા પહોળા કરવામાં આવશે. એ સાથે જ વન-વે સિસ્ટમ હેઠળ પીક-અવર્સમાં અમુક રસ્તાઓને વન વે કરવામાં આવશે.

લગભગ ૩૭૦ હેક્ટરમાં ફેલાયેલા અને મહત્ત્વના કમર્શિયલ અને ફાઈનાન્શિયલ હબ ગણાતા બીકેસીમાં દરરોજ બે લાખ કર્મચારી અને ચાર લાખ વિઝિટરોની આવ-જાવ હોય છે, તેને કારણે દિવસેને દિવસે ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે. સાયન બ્રિજ બંધ થવાને કારણે મોટાભાગનો ટ્રાફિક બીકેસી તરફ ડાઈવર્ટ થયો છે. બીકેસીના રસ્તાઓ નાનાં વાહનો માટે ડિઝાઈન કરવામાં આવ્યો હતો પણ હવે અહીંથી ટ્રક અને અન્ય ભારે માલવાહકો પસાર થઈ રહ્યા છે, તેને કારણે ટ્રાફિક જૅમની સ્થિતિ વધુ ગંભીર બની છે.

તાજેતરમાં એમએમઆરડીએની થયેલી બેઠકમાં ડિટેઈલ ટ્રાફિક મેનેજમેન્ટ પ્લાન મંજૂર કરવામાં આવ્યો હતો, જેમાં મુંબઈ ટ્રાફિક પોલીસ સાથે મળીને એમએમઆરડીએ તાત્કાલિક ધોરણે અમલમાં આવે તે પ્રકારની તથા લાંબા ગાળાની યોજના અમલમાં મૂકવાની છે. બીકેસીમાં ખાસ કરીને કલાનગર જંકશનથી ભારત ડાયમંડ બુર્સ સુધી ફેલાયેલા બાન્દ્રા-કુર્લા લિંક રોડ પર ભારે ટ્રાફિક રહેતો હોય છે.

એમએમઆરડીએના જણાવ્યા મુજબ બીકેસીમાં અનેક જગ્યાએ બનાવેલા સાઈકલ ટ્રેક જેનો ખાસ ઉપયોગ થતો નથી તેને હવે રોડમાં ફેરવી નાખવામાં આવશે. તે માટે સ્ટ્રીટલાઈન, સાઈનબોર્ડ, ઝાડ, બસ સ્ટોપ સાથે જોડાયેલી વસ્તુઓને ફૂટપાથની તરફ સ્થળાંતર કરવામાં આવશે જેથી રસ્તાની પહોળાઈ વધશે અને લેનની ક્ષમતા ટૂ+ટૂથી વધીને થ્રી+થ્રીની થઈ જશે અને પ્રતિ લેન ૬૦૦થી ૯૦૦ વધારાના વાહનો પસાર થશે. પીક-અવર્સમાં પ્રવાસનો સમય પચીસ મિનિટથી ઘટીને ૧૫ મિનિટ થવાની શક્યતા છે.

બીકેસીમાં આંતરિક વેહીક્યુલર મુવમેન્ટ અને રોડ પર વાહનોના તથા કંજેશનને ઘટાવા માટે અત્યંત વ્યસ્ત રહેતા રસ્તો માટે વન-વે ટ્રાફિક સિસ્ટમ અમલમાં મુકાશે. જે હેઠળ ટ્રાફિકના ફ્લો કેવો છે તે પ્રમાણે પીક-અવર્સમાં રસ્તાઓને વન-વે કરવામાં આવશે. ■

## મહારાષ્ટ્રભરના આરટીઓ બોર્ડર ચેકપોસ્ટ બંધ કરવામાં આવશે, કિંમત ૫૦૪ કરોડ ચૂકવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે રાજ્યભરમાં તમામ બોર્ડર ચેક પોસ્ટ્સ (આરટીઓ બોર્ડર ચેક પોસ્ટ્સ) કાયમી ધોરણે બંધ કરવાનો નિર્ણય લીધો છે. રાજ્યના પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈકે આ જાહેરાત કરી હતી, તેમણે પુષ્ટિ કરી હતી કે પરિવહન વિભાગે તમામ વહીવટી ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા પછી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની કચેરીને સકારાત્મક દરખાસ્ત રજૂ મોકલી છે.

હવે પરિવહન ખાતું તેમના પ્રસ્તાવને મુખ્ય પ્રધાન અને કેબિનેટની માન્યતાની રાહ જોઈ રહી છે. આ નિર્ણય લેવાથી હવે મહારાષ્ટ્ર દેશના ૧૮ રાજ્યોમાં સામેલ થઈ ગયું છે, જ્યાં આરટીઓ ચેક પોસ્ટ બંધ કરી દેવામાં આવી છે. ■

### શું છે નિર્ણય?

આ સીમાચિહ્નરૂપ નિર્ણય ટ્રાન્સપોર્ટ યુનિયનો, હિસ્સેદારો અને કેન્દ્ર સરકાર દ્વારા વારંવાર કરવામાં આવેલી અપીલ અને ફોલો-અપના પ્રતિભાવમાં લેવામાં આવ્યો છે. આ પગલાનો ઉદ્દેશ આંતરરાજ્ય પરિવહનમાં આવતી અડચણો દૂર કરવાનો માર્ગ સલામતી વધારવાનો અને 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' માળખાને અનુરૂપ પેપરલેસ, ટેકનોલોજી-આધારિત મોનિટરિંગ સિસ્ટમ લાગુ કરવાનો છે.

પ્રક્રિયાના ભાગ રૂપે ૫૦૪ કરોડ રૂપિયાનું અગાઉ સંકલિત ચેકપોસ્ટના સંચાલન માટે નિયુક્ત કરાયેલી ખાનગી એજન્સીને વળતરપેટે ચૂકવવામાં આવશે, ત્યારબાદ તમામ તકનીકી અને ભૌતિક માળખાકીય સુવિધાઓ પરિવહન વિભાગને ટ્રાન્સફર કરવામાં આવશે. ■

### શું છે આરટીઓ ચેક પોસ્ટ?

બોર્ડર ચેક પોસ્ટ ૧૯૬૬માં સ્થાપિત કરવામાં આવી હતી અને તેમનો મૂળ હેતુ વાહનોની અવરજવર પર નિયંત્રણ રાખવું, પરિવહન કાયદાનો અમલ કરવો અને રોડ ટેક્સ વસૂલ કરવાનો હતો. જોકે, જીએસટી અને ડિજિટલ મોનિટરિંગ અદ્યતન બની ગયા બાદ હવે ચેક પોસ્ટની આવશ્યકતા રહી નથી. ■

## બે દિવસથી ગુમ સગીરાનો મૃતદેહ નાળામાંથી મળ્યો

મુંબઈઃ બે દિવસથી ગુમ ૧૫ વર્ષની સગીરાનો મૃતદેહ ઘર નજીકના નાળામાંથી મળી આવ્યો હોવાની ઘટના ગોવંડીમાં બની હતી.

શિવાજી નગર પોલીસના જણાવ્યા અનુસાર સગીરાની ઓળખ ઝૈનાબ શેખ તરીકે થઈ હતી. ગોવંડીના શિવાજી નગર વિસ્તારમાં દુર્ગા સેવા સંઘ નજીકના નાળામાંથી શનિવારની રાતે તેનો મૃતદેહ મળ્યો હતો.

મળતી માહિતી અનુસાર મૃતદેહ મળ્યાના બે દિવસ પહેલાં રાતે ૧૦ વાગ્યાની આસપાસ કચરો ફેંકવા શેખ ઘરથી બહાર નીકળી હતી. ખાસ્સો સમય વીત્યા છતાં તે પાછી ન ફરતાં પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી. આખરે પિતા ઈકબાલ

(જુઓ પાનું ૪) ▶▶

## ભાવ ગગડયાઃ કાંદા ખેડૂતોને રડાવે છે

મુંબઈઃ તમારા ઘરમાં કાંદા સસ્તા આવે કે ન આવે, પણ જથ્થાબંધ માર્કેટમાં કાંદાનો ભાવ તળિયે બેસી ગયો છે અને ખેડૂતોએ રડવાનો વારો આવ્યો છે. નાસિકની લાસલગાંવ બજાર સમિતિમાં ડુંગળીના ભાવ ગગડી ગયા છે, જેના કારણે ખેડૂતો માટે સંકટ સર્જાયું છે. ડુંગળીના ભાવ ઘટીને ૧,૦૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગયા છે. બજાર સમિતિમાં ડુંગળીની આવક વધી છે. ભાવમાં ઘટાડાને કારણે ખેડૂતોને મોટો આર્થિક ફટકો પડ્યો હોવાનું મીડિયા અહેવાલો જણાવી રહ્યા છે. મહારાષ્ટ્રના ઘણા ભાગોમાં કમોસમી વરસાદ અને કરા પડવાથી મુશ્કેલીમાં મુકાયેલા ખેડૂતોને પોતાની પેદાશોના ભાવ મળતા નથી. છેલ્લા કેટલાક દિવસોથી ડુંગળીના ભાવમાં ભારે ઘટાડો થઈ રહ્યો છે. અમુક નિષ્ણાતોના કહેવા અનુસાર સરહદ પર વણસી રહેલી સ્થિતિને કારણે પણ ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ સાથે બાંગ્લાદેશમાં થતી નિકાસ અટકી છે જેના કારમે પણ માલ વધ્યો છે. ભરપૂર આવક અને નિકાસ ઘટતા ખેડૂતોએ સહન કરવાનો વારો આવ્યો છે. વિશેષ માહિતી અનુસાર નાફેડ એનસીસીએફે હજુ સુધી ડુંગળી ખરીદવાનું શરૂ કર્યું નથી. ખેડૂતો નાફેડ અને એનસીસીએફ તરફથી કાંદાની લેવાલી ક્યારે શરૂ થાય તેની પણ રાહ જોઈ રહ્યા છે. બજારમાં નાસિક જિલ્લાના લાસલગાંવ બજારમાં કાંદાનો ભાવ ૧૧૫૧ રૂપિયા હતો. નાસિક બજાર સમિતિમાં દર રૂપિયો, ૯૦૦. યેઉલામાં રૂ.૮૫૧. મનમાડ, પિંપળગાંવ બજારોમાં ભાવ ૧૧૦૦ રૂપિયા રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. જોકે ખેડૂતોને ભાવ મળતો ન હોવા છતાં સામાન્ય નાગરિકોને કંઈ સસ્તા ભાવે મળતી નથી ત્યારે આ માલ ક્યા જાય છે તે વિચારવાની વાત છે. ■

## ઉલ્હાસનગર પાલિકાની વેબસાઈટ હૅક

થાણેઃ થાણે જિલ્લાની ઉલ્હાસનગર પાલિકાએ પોલીસમાં ફરિયાદ નોંધાવીને દાવો કર્યો છે કે તેની સત્તાવાર વેબસાઇટ હૅક કરવામાં આવી છે. આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર અને પીઆરઓ અજય સાબળેએ જણાવ્યું હતું કે શનિવારે બપોરે ૧૨.૩૦ કલાકે સાયબર હુમલો કરાયો હતો. હૅકરે પાલિકાની વેબસાઇટ પર એક શંકાસ્પદ ઇમેજ અપલોડ કરી હતી.

હૅકર દ્વારા વધુ ઘૂસણખોરી કરવામાં આવે તે પહેલા જ વેબસાઇટને સુરક્ષિત કરી દેવાઇ હતી અને તમામ માહિતીઓ જેમ કે સર્વર લોગ્સ, સ્ક્રીનશોટ્સ અને અન્ય ફોરેન્સિક ડેટાઓ પણ સુરક્ષિત કરી દેવામાં આવ્યા છે, એમ સાબળેએ જણાવ્યું હતું.

પાલિકા દ્વારા પોલીસને આ સાયબર હુમલા અંગે તપાસ કરવાની વિનંતી કરવામાં આવી છે. (પીટીઆઇ)■

## સુનાવણી વિના લાંબો સમય અટકાયતને લીધે જેલમાં કેદીઓનો ભરાવોઃ હાઇ કોર્ટ

મુંબઈઃ જામીનનો સિદ્ધાંત એ નિયમ છે અને ઇનકાર એક અપવાદ છે એવી સ્પષ્ટતા કરી બોમ્બે હાઈકોર્ટે જણાવ્યું હતું કે સુનાવણી વિના કેદીની લાંબા સમય સુધી અટકાયતમાં રાખવો એ ખટલા પહેલા સજા કરવા બરાબર છે.

ન્યાયમૂર્તિ મિલિંદ જાધવની ખંડપીઠે નવમી મેએ રાજ્યની હકડેઠઠ ભરાયેલી જેલોની પણ નોંધ લઈ જણાવ્યું હતું કે અદાલતોએ સંતુલન જાળવવાની જરૂર છે. ખંડપીઠે ૨૦૧૮માં ભાઈની હત્યાના આરોપમાં ધરપકડ કરવામાં આવેલા વિકાસ પાટીલને જામીન આપતી વખતે આ નિરીક્ષણ કરી ન્યાયમૂર્તિ જાધવે નોંધ્યું હતું કે આજકાલ ખટલો પૂર્ણ થવા માટે બહુ લાંબો સમય લાગી રહ્યો છે અને પરિણામે કેટલીક જેલમાં કેદીઓનો ભરાવો થઈ રહ્યો છે.

ખંડપીઠે આપેલી જાણકારી અનુસાર ખટલો શરૂ થવાનો બાકી હોય એવા કેદીઓ લાંબા સમયથી જેલમાં ગોંધી રાખવામાં આવ્યા હોય એવા અનેક કેસ તેની સમક્ષ રજૂ થાય છે.

ન્યાયમૂર્તિ જાધવે આર્થર રોડ જેલ અધિક્ષકના ડિસેમ્બર ૨૦૨૪ના અહેવાલનો ઉલ્લેખ કર્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે જેલની ક્ષમતાથી છ ગણા વધુ કેદીઓ રાખવામાં આવ્યા છે. દરેક બેરેકમાં ફક્ત ૫૦ કેદીઓને રહેવાની મંજૂરી આપવામાં આવી હોવા છતાં આજની તારીખમાં, ૨૨૦ થી ૨૫૦ કેદીઓ છે. (પીટીઆઈ)■

## મલાડ સબ-વેમાં ફ્લડિંગ રોકવા અન્ડરગ્રાઉન્ડ ટૅન્ક બંધાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલાડ સબ-વેમાં વરસાદી પાણી ભરાવવાની સમસ્યાથી કાયમી છૂટકારો મળે તે માટે રેલવે પરિસરમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે અન્ડરગ્રાઉન્ડ ટેન્ક બાંધવાનો વિચાર મુંબઈ મહાનગરપાલિકા કરી રહી છે. મુંબઈમાં હજી પણ ૩૮૬ ફ્લડિંગ સ્પોટ હોવાથી (પાણી ભરાઈ જતા નીચાણવાળા વિસ્તાર) જુદા જુદા સ્થળે ૪૮૨ પમ્પ બેસાડવાની સાથે જ વરસાદની પાણીનો નિકાલ કરવા મોબાઈલ પમ્પનો ઉપયોગ આ વર્ષે ચોમાસામાં સુધરાઈ કરવાની છે.

ચોમાસું નજીક હોઈ મુંબઈમાં નાળાસફાઈથી લઈને ગટરો પહોળી કરવી તથા રસ્તાઓના કામ ઝડપથી પૂરા કરવામાં આવી રહ્યા છે, જેથી પૂરજનક પરિસ્થિતિનો સામનો કરવો પડે નહીં. છતાં જો મુંબઈમાં ચોમાસા દરમ્યાન પાણી ભરાયાં તો તે માટે કૉન્ટ્રેક્ટર જ નહીં પણ અધિકારી પણ જવાબદાર હશે એવું એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું.

પશ્ચિમ ઉપનગરમાં ચાલી રહેલા નાળાસફાઈના કામનાં નિરીક્ષણ દરમ્યાન અભિજિત બાંગરે જણાવ્યું હતું કે મુંબઈમાં હજી ૩૮૬ નીચાણવાળા વિસ્તારો છે, જયાં હળવાથી મધ્યમ વરસાદમાં પણ પાણી ભરાઈ જવાની શક્યતા છે. ગયા વર્ષે આ વિસ્તરોમાં ૪૮૨ પમ્પ બેસાડવામાં આવ્યાં હતા. જોકે છેલ્લા એક વર્ષ દરમ્યાન વરસાદી પાણીનો નિકાલ કરનારી પાઈપલાઈનના જાળાનું વિસ્તારીકરણ કરવામાં આવ્યું હોવાથી પમ્પની સંખ્યા ઘટાડીને ૪૧૭ કરી નાખવામાં આવી છે. પી-ઉત્તર વોર્ડમાં મલાડમાં રામચંદ્ર નાળાની ચાલી રહેલી સફાઈનું નિરીક્ષણ કર્યા બાદ

(જુઓ પાનું ૪) ▶▶

**મુંબઈમાં ૩૮૬ સ્થળ પર પાણી ભરાય છેઃ ૪૮૨ પમ્પ બેસાડવાની યોજના**

### ખાર અને અંધેરી સબ-વેમાં વધુ ક્ષમતાના પમ્પ બેસાડાશે

ઈર્લા અને અને મોગરા નાળું ઓશિવરા નદીને મળે છે. ભરતીના સમયમાં મોગરા નાળાના પ્રવાહને અસર થઈને ચોમાસામાં નીચાણવાળા રહેલા અંધેરી સબ-વેમાં પણ પાણી ભરાવાની શકયતા છે. ચોમાસામાં અંધેરી સબ-વે બંધ થાય નહીં તે માટે વધુ ક્ષમતા પમ્પ બેસાડવામાં આવવાના છે. ■

### લોખંડની જાળીનો શું ફાયદો?

એસએનડીટી અને ગઝધરબંધ નાળાઓની આજુબાજુ લોંખડની જાળી લગાવવાથી ઘરનો કચરો નાળામાં ઠાલવવાનું પ્રમાણ ૯૦ ટકા જેટલું ઓછું થયું છે. તેથી હવે મુંબઈમાં જુદા જુદા વિસ્તારમાં લોકવસતીમાં રહેલા નાળાઓની આજુબાજુ લોખંડની જાળી બેસાડવામાં આવશે.

ગયા વર્ષે આ પરિસરમાં ૨૪ ઠેકાણે પાણી ભરાતા હતા તેમાં હવે ઘટાડો થઈને તેની સંખ્યા ૧૩ થઈ ગઈ છે. ■

## પુણેમાં પાર્ક કરેલા ટૂ-વ્હિલર્સ પર જીપ ઘસી જતા ખળભળાટ

પુણેઃ પુણે શહેરના કોથરુડ વિસ્તારમાં પાર્ક કરેલા ટૂ-વ્હીલર્સમાં એક અજાણી જીપ ઘૂસી ગયા બાદ પુણે પોલીસે કેસ નોંધ્યો છે એમ પોલીસે રવિવારે જણાવ્યું હતું.મ શનિવારે નિંબાળકર ચોકમાં બનેલી આ દુર્ઘટનાના સીસીટીવી ફૂટેજ સોશ્યિલ મીડિયા પર આવ્યા છે. એક જીપ ટૂ-વ્હીલર્સ સાથે અથડાઇ રહી છે અને ત્રણથી ચાર વાહનોને નુકસાન થયું હોવાનું ફૂટેજમાં જોવા મળે છે.

અલંકાર પોલીસ સ્ટેશનના એક અધિકારીએ આ સંદર્ભે માહિતી આપતા જણાવ્યું હતું કે રાત્રે ૮.૪૫ વાગ્યાની આસપાસ એક જીપ પાર્ક કરેલા ટૂ-વ્હીલર્સમાં ઘૂસી ગઈ હતી અને પછી ઘટનાસ્થળેથી બહાર નીકળી ગઈ હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈને ઈજા થઈ ન હતી. અજાણ્યા ડ્રાઇવર સામે કેસ નોંધવામાં આવ્યો છે અને તેને પકડવાની શોધ ચાલુ છે. ભારતીય ન્યાય સંહિતા અને મોટર વાહન અધિનિયમની કલમ ૨૮૧ (બેફામ ડ્રાઇવિંગ) અને અન્ય સંબંધિત જોગવાઈઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. (પીટીઆઈ)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કચ્છમાં ગરમીના આક્રમણ વચ્ચે વંટોળિયા સાથે એકથી દોઢ ઈંચ વરસાદ


(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આ વર્ષે વહેલી શરૂ થઇ ગયેલી પ્રિ-મોન્સૂન એક્ટિવિટીના પગલે હવામાન વિભાગે આગામી દિવસો દરમ્યાન રાજ્યની સાથે રણપ્રદેશ કચ્છનાં કેટલાંક સ્થળોએ તોફાની પવનો સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે ત્યારે સારા ચોમાસાનાં આગમનના એંધાણ આપતાં વરસાદી ઝાપટાઓના દોરમાં સતત વધારો થઇ રહ્યો છે.

ભુજ અને તેની આસપાસના વિસ્તારો તેમજ અંજાર, આદિપુર, ભચાઉ સહિત દિવસભરના અસહ્ય ઉકળાટના આતંક બાદ સાંજના ચારેક વાગ્યાના સુમારે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને તેજ પવનો અને વીજળીના ચમકારા સાથે જોરદાર વરસાદનું આગમન થતાં રસ્તાઓ પરથી પાણી વહી નીકળ્યાં હતાં લોકોએ પણ રવિવારની સોહામણી સાંજને માણી હતી.

દરમ્યાન, આગામી બુધવાર સુધી રાજ્યમાં કેટલાંક સ્થળે કમોસમી વરસાદ વરસવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે, ત્યારે કચ્છમાં ગાજવીજ અને પવન સાથે કમોસમી માવઠું વરસવાની સંભાવના હોવાનું હવામાન વિભાગના વર્તારામાં જણાવાયું છે.

# જૂનાગઢ જિલ્લામાં ચારથી પાંચ ઈંચ વરસાદ વરસ્યોઃ ખેડૂતોમાં પાકને લઈને ચિંતા વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લામાં ભરઉનાળે ૪ થી ૫ ઈંચ કમોસમી વરસાદ પડ્યો હતો. જૂનાગઢમાં ગઈકાલે સવારથી અસહ્ય બફારા વચ્ચે વાદળછાયું વાતાવરણ છવાયું હતું. બપોર પછી વાતાવરણમાં પલટો આવતા મેઘરાજાની પધરામણી થઈ હતી.

જૂનાગઢ જિલ્લામાં સતત ચોથા દિવસે વરસાદ પડયો હતો. જૂનાગઢ શહેરમાં એક ઈંચ અને માણાવદર સહિત ગ્રામ્ય પંથકમાં ત્રણથી ચાર ઈંચ વરસાદ પડ્યો હતો. ખેતરોમાં પાણી ભરાયા હતા.માળિયાહાટીના પંથકમાં વરસાદથી વૃજમી નદીમાં પૂર આવ્યું હતું. જ્યારે ભેસાણમાં એક, જૂનાગઢમાં અડધો ઈંચ કમોસમી વરસાદ થયો હતો. હાલ કમોસમી વરસાદના લીધે ઉનાળુ પાક, કેરી, રાવણાના પાકને નુકસાન થવાની શક્યતા છે. મે મહિનામાં અસહ્ય ગરમી અને તાપના બદલે કમોસમી વરસાદ વરસે છે. અસહ્ય બફારા વચ્ચે વાદળછાયું વાતાવરણ છવાયું હતું. બપોરબાદ વાતાવરણમાં પલટો આવતા ભારે વરસાદ પડ્યો હતો. જૂનાગઢ જિલ્લાના સારંગ, પીપળી અને આસપાસના ગામોમાં ચારથી પાંચ ઈંચ તેમજ પાજોદ, સરાડિયા, લીંબુડા, સરદારગઢ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ પડતાં ખેતરોમાં પાણી ભરાયા હતા.ઉનાળુ પાકને લઈને ખેડૂતો ચિંતામાં મૂકાયા હતા.

ગિરનાર પર્વત અને ભવનાથ મંદિરના આસપાસના વિસ્તારોમાં વરસાદ પડતાં સોનરખ નદીમાં નવા નીરની આવક થઈ હતી. જૂનાગઢ અને ભેસાણમાં એક ઈંચ જ્યારે મેંદરડામાં ત્રણ મિમી વરસાદ પડ્યો હતો. આ સિવાય સાસણ-મેંદરડામાં વરસાદ વરસ્યો હતો. જૂનાગઢ જિલ્લામાં છેલ્લા ચાર પાંચ દિવસથી કમોસમી વરસાદ પડતાં કેરી, રાવણા,ચીકુ સહિતના બાગાયતી પાક અને ઉનાળુ તલ, મગ, બાજરી સહિતના પાક નિષ્ફળ જતા ખેડૂતોમાં ચિંતાના વાદળ ઘેરાયા હતા.

# પેટિયું રળવા કચ્છ આવેલા હજારો પરપ્રાંતીયોએ વતન તરફ પલાયન શરૂ કર્યુંઃ રેલવે અને બસપોર્ટમાં ભારે ભીડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલ પ્રવર્તી રહેલી તણાવભરી પરિસ્થિતિ વચ્ચે સીમાવર્તી કચ્છના ખાવડા ખાતેના સોલાર એનર્જી પાર્ક, મુંદરા, કંડલા બંદર અને અબડાસા સહિતના સ્થળોએ રોજગારી મેળવવા આવેલા પરપ્રાંતીય નાગરિકોમાં, આ સરહદી વિસ્તાર પર યુદ્ધ દરમ્યાન પાકિસ્તાને વિસ્ફોટક પદાર્થોથી લેસ ડ્રોન-મિસાઈલ વડે અગિયારથી વધારે વાર હુમલાનો નિષ્ફળ પ્રયાસ કર્યા બાદ ગભરાટ ફેલાતા આ શ્રમિકોએ કચ્છમાંથી પલાયન શરૂ કરી દીધું છે.

ભુજના મૉડેલ રેલવે સ્ટેશન અને બસ પોર્ટ પર છેલ્લા બે-ત્રણ દિવસથી શ્રમિકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે અને પ્લેટફોર્મ કે ટ્રેનોમાં પગ મૂકવાની પણ જગ્યા રહેતી નથી. આ રેલવે મથકની મુલાકાત લેતાં રાજધાની દિલ્હી માટેની બરેલી ટ્રેનના તમામ કોચ હાઉસ ફૂલ અને લોકલ ડબ્બામાં શૌચાલય અને કોચના સાંકડા પગથિયાઓ સુધી ફફડેલા પરપ્રાંતીયો બેઠેલા જોવા મળતાં કોરોના વખતે જે રીતે આવા શ્રમિકોની હિજરત જોવા મળી હતી એ દ્રશ્યોની યાદ માનસપટ પર તાજી થઇ ગઈ હતી.

મુંબઈને કચ્છ સાથે જોડનારી કચ્છ એક્સપ્રેસ ટ્રેન પ્લેટફોર્મ પર આવતાવેંત પરપ્રાંતીયો ક્ષણવારમાં અંદર ઘૂસી જતાં કોચમાં જવાની પણ જગ્યા ન હતી. સીઝફાયરના પાકિસ્તાન દ્વારા ભારત પર ડ્રોન હુમલા દ્વારા ઉલ્લંઘન થયા બાદ સંપૂર્ણ બ્લેકઆઉટની અગાઉથી જાહેરાત થતા સાંજે જ બન્ને ટ્રેનના મુંબઈના મુસાફરો પહોંચી આવ્યા હતા. અજંપાભરી સ્થિતિ વચ્ચે માદરે વતન જવા લોકોના ચહેરા પર આનંદને બદલે માયુસી જોવા મળી હતી. ભયથી ફફડેલા પરપ્રાંતીય શ્રમજીવીઓ તેમજ દેશના અન્ય વિસ્તારોથી કચ્છમાં આવેલા હજારો લોકો બસપોર્ટ પર એકઠા થવા માંડતા અહીં પણ ભારે અફરાતફરીનો માહોલ ખડો થયો હતો.

કલેકટરના આદેશ બાદ સજજડ બંધ પાડી દેવાતાં સૌએ પોતપોતાના ઘરે જવા રીતસરની દોટ લગાવી હતી. લોકડાઉન જેમ તમામ કાર્યસ્થળો બંધ થઇ જતાં બેકાર બનેલા પરપ્રાંતીય શ્રમજીવીઓએ પણ પોતપોતાના બિસ્તરા-પોટલા બાંધી લીધા હતા અને વતનમાં ચિંતિત પરિવાર પાસે જે હાથવગું સાધન મળે તેમાં જવા માટે હેરાન થતા જોવા મળ્યા હતા.

# ભાવનગરમાં બે પેઢી સામે ખોટા બિલથી ચાર કરોડથી વધુ વેરા શાખ મેળવનાર ભાગીદારોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગરમાં સેન્ટ્રલ જીએસટી વિભાગ એકશન મોડમાં આવી હતી. ભાવનગરના સ્ટેશન રોડ પર આવેલી ખોટી વેરા શાખ મેળવનારી બે પેઢીઓના પ્રોપ્રારાઈટર અને ભાગીદારોની ધરપકડ કરી છે.મેસર્સ ક્રિષ્ના મશીન ટૂલ્સ અને મેસર્સ આર.આર. એન્ટરપ્રાઈઝના જીએસટી નોંધણી નંબર રદ્દ કરવાની કાર્યવાહી કરી છે.

ભાવનગર સેન્ટ્રલ જીએસટી વિભાગ દ્વારા ત્રણ દિવસ અગાઉ રૂ.આઠ કરોડથી વધુ રકમની ખોટી વેરા શાખ મેળવનારી અલંગની મેસર્સ રુચી સ્ટીલના પ્રોપ્રાઈટર ચંદ્રભાણ મૌર્યની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ દ્વારા વધુ તપાસ કરતા ખોટા બિલીંગની વાત પણ જાણવા મળી હતી. શહેરના સ્ટેશન રોડ પર આવેલી મેસર્સ ક્રિષ્ના મશીન ટૂલ્સના પ્રોપ્રાઈટર અને મેસર્સ આર.આર.એન્ટરપ્રાઈઝના પાર્ટનર રાકેશ ગણપતભાઈ રાઠોડની ખોટા બિલ દ્વારા રૂ.૪.૨ કરોડથી વધુ વેરા શાખ મેળવવા બાબતે ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસે પૂછપરછ કરતા આરોપીએ જણાવ્યું હતું કે, તે જુદાં-જુદાં સપ્લાયર્સને ચાર ટકાના કમિશનના આધાર પર ખોટા બિલ આપતો હતો અને પેઢીના બૅન્ક એકાઉન્ટમાં જમા કરી બાદમાં રોકડ ઉપાડી કમિશન લઈને ઈંચેટિયાને આપી દેતો હતો. આ ઉપરાંત રિટર્ન ભરવા માટે સીએ ને ૦.૫ ટકાના કમિશન પર ખોટા બિલિંગ અને રિટર્ન ફાઈલ કરવા માટે અલગ એકાઉન્ટની વ્યવસ્થા પણ કરી હતી.

સેન્ટ્રલ જીએસટી વિભાગે આ મામલે સીએ,ઈંચેટિયા, શ્રોફ તથા આંગડિયા પેઢીની તપાસ શરૂ કરી છે. જીએસટી વિભાગ દ્વારા બોગસ બિલિંગથી ખોટી વેરા શાખા મેળવનારી મેસર્સ ક્રિષ્ના મશીન ટૂલ્સ અને મેસર્સ આર.આર. એન્ટરપ્રાઈઝના જીએસટી નોંધણી નંબર રદ કરવાની કાર્યવાહી કરી છે.

# નર્મદા યોજનાની પાઈપલાઈનમાં બાકોરું પાડી પાણીની તસ્કરી કરવા બદલ રાપરના બેલા પંથકના દસ શખ્સ વિરુદ્ધ કાર્યવાહી

ભુજઃ મેઘતૃષ્ણાનાં મુલક સમા ભાતીગળ પ્રદેશ કચ્છમાં પાણીને શુદ્ધ સોના બરાબર માન આપવામાં આવે છે ત્યારે આ જીવાદોરી સમાન પાણીની ચોરી પણ વ્યાપક બની રહી છે. સમયાંતરે અહીંથી પાણીચોરો પકડાતા રહે છે તેવામાં સીમાવર્તી રાપર તાલુકાના બેલા ગામમાં ૩૯,૩૧૨૪૮ની કિંમતના પાણીની તસ્કરી કરતા દસ જેટલા શખ્સો વિરુદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી.

# ભાવનગરમાં મેગા રક્તદાન કેમ્પમાં નગરજનો મોટી સંખ્યામાં જોડાયા, ૧૦૦૦થી વધુ રક્ત બોટલો એકત્રિત કરાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં યોજાયેલા મહારક્તદાન મોટી સંખ્યામાં નગરજનોએ રક્તદાન કર્યું હતું. હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન તથા રોટરી કલબ તેમજ નગરજનો દ્વારા મેગા રક્તદાન કેમ્પમાં ૧૦૦૦થી વધુ રક્ત બોટલો એકત્રિત કરાઈ હતી.


(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

ઓપરેશન સિંદૂર અંતર્ગત ભાવનગરના નગરજનો દ્વારા મેગા રક્તદાન શિબિર (બ્લડ ડોનેશન કેમ્પ)નું આયોજન કરવામા આવ્યુ છે.ભાવનગર શહેરમાં જુદી જુદી સંસ્થાઓ રક્તદાન કેમ્પના આયોજન કરવામાં આવ્યા હતા જેના ભાગરૂપે હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન, રોટરી કલબ તથા નગરજનો દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યા હતું જેમાં બંને કેમ્પમાંથી ૧૦૦૦ બોટલોથી વધુ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. એસોસિએશનના ઉપપ્રમુખ આનંદ ઠક્કરએ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૫ દિવસથી આપણાં ભારત ઉપર આંતકીઓએ ખૂબ જ આંતક મચાવી દીધો છે ત્યારે જે એક્શન લેવા ના હતા તે સરકાર દ્વારા લેવામાં આવ્યા છે અને જો આજે નહીં તો કાલે જો બ્લડ ની જરૂર પડે તો અમે ઊભા છીએ, આપણે ત્રણેય પાંખ સાથે જોડાયેલા છીએ અને જરૂર પડશે તો હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ સરહદ પર પણ આવવા તૈયાર છે.

રોટરી રોયલ તથા ભાવનગર હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશનના પ્રમુખ કૃષ્ણદેવસિંહ સરવૈયાએ જણાવ્યું હતું કે, પહેલગામમાં થયેલા આતંકી હુમલાના શહીદોને શ્રદ્ધાંજલિ આપવા તથા યુદ્ધની પરિસ્થિતિ ચાલી રહી છે જેના ભાગરૂપે ભારતીય આર્મી અને નાગરિકોને લોહીની જરૂર પડે તે હેતુથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે આ રક્તદાન કેમ્પમાં ૩૦૦ થી વધુ બોટલ રક્તદાન એકત્રિત કરવામાં આવ્યું હતું.

# કચ્છના અબડાસાના કોઠારા-વરાડીયા માર્ગ પર એક્ટિવા-બોલેરો વચ્ચે સર્જાયેલી ટક્કરમાં યુવકનું મોત

ભુજઃ પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના કોઠારા-વરાડીયા માર્ગ પર દ્વિચક્રી વાહન અને બોલેરો કેમ્પર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક્ટિવા ચાલક એવા વરાડીયા ગામના ઇશા મંધરા નામના યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી હતી. આ મામલે કોઠારા પોલીસે અકસ્માત સર્જનારા બોલેરો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી આદરી છે.

બીજી તરફ, પાકિસ્તાનના નાકામ ડ્રોન હુમલાને કારણે રાષ્ટ્રીય સ્તરે સમાચાર માધ્યમોમાં ચમકેલા અબડાસા તાલુકાના મોટી ધુફી ગામના મોહન અલી કોલી નામના ૩૨ વર્ષીય યુવકે પોતાના ઘરે જ ખેતરમાં છાંટવાની ઝેરી દવા ગટગટાવી લઇ પોતાની જીવાદોરીને ટૂંકાવી લેતાં નલિયા પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરી છે.

# રાજકોટના બેડી યાર્ડમાં ચાર દિવસથી હડતાળઃ એજન્ટો સાથે કરોડોની છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ બેડી માર્કેટ યાર્ડમાં એક પેઢી દ્વારા ૧૭ કરોડથી વધુની કમિશન એજન્ટો સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. જેના પગલે છેલ્લા ચાર દિવસથી એજન્ટો દ્વારા વિરોધ દર્શાવી હડતાળ પાડવામાં આવી હતી. આ અંગે પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે.

બેડી માર્કેટ યાર્ડમાં જે.કે. ટ્રેડર્સ નામની પેઢી કાર્યરત છે. આ પેઢીના બીપીન ઢોલરિયા અને નિતેશ ઢોલરિયા દ્વારા જીરુની ખરીદી કરાઈ હતી. એજન્ટોને નાણાંની ચુકવણી ન કરાતા છેતરપિંડી કર્યાની પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી. આ મામલે પોલીસ કમિશ્નરને જાણ કરાતા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

બેડી માર્કેટ યાર્ડમાં મોટી સંખ્યામાં એજન્ટો એકઠા થયા હતા.તેમણે જણાવ્યું હતું કે, જ્યાં સુધી પૈસા પરત નહીં મળે ત્યાં સુધી વિરોધ ચાલુ રહેશે. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી છે, પરંતુ નાણાની ચુકવણી ક્યારે કરશે તે અંગે સ્પષ્ટતા નહીં મળે ત્યાં સુધી એસોસિયેશન દ્વારા હડતાળ યથાવત્ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હડતાળના પગલે ખેડૂતો અને મજૂરો મુશ્કેલીમાં મૂકાયા છે.જો ચોક્કસ જવાબ મળશે તો બે દિવસમાં યાર્ડની કામગીરી શરુ થશે તેવી શક્યતા છે.

# વડોદરાના કમાટી બાગમાં ટોય ટ્રેન અકસ્માતમાં ચાર વર્ષની બાળકીનું મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના કમાટીબાગમાં આવેલા સયાજીબાગના ગાર્ડનમાં શનિવારે ટોય ટ્રેન સાથે અકસ્માત થતાં ચાર વર્ષની બાળકીનું મૃત્યુ થયું છે.

ભરૂચના જંબુસરના નિવાસી તેમની દીકરીને ફરવા માટે ગાર્ડનમાં લઇ આવ્યા હતા, જ્યાં સાંજના સાડા પાંચ વાગ્યાની આસપાસ ટ્રેન જ્યારે સ્ટેશનની નજીક હતી ત્યારે બાળકી ખતિજા પરવેઝ પઠાણ ટ્રેનના પૈડાની નીચે આવી ગઇ હતી. ત્યાર બાદ તેને એસ.એસ. જી. હૉસ્પિટલમાં લઇ જવામાં આવી હતી. જોકે હૉસ્પિટલમાં તેને મૃત જાહેર કરવામાં આવી હતી.

આ ગાર્ડન વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હેઠળ આવે છે. કોર્પોરેશને આ ટોય ટ્રેનને જોય ટ્રેન પણ કહેવામાં આવે છે. આ ટ્રેન ચલાવવા માટે ખાનગી કંપની ખોડલ કોર્પોરેશનને કોન્ટ્રાક્ટ આપ્યો હતો. આ ટ્રેન ગાર્ડનની અંદર સાડા ત્રણ કિલોમિટર ચાલે છે.

વીએમસીના ઉદ્યાનો અને બગીચાઓના સહાયક નિયામક, ગૌરવ પંચાલે કહ્યું કે, આ અકસ્માત ગાર્ડનના ગેટ નંબર બે પાસે થયો હતો. તેમના મતે બાળકી ટ્રેન તરફ જવાના કારણે તેની નીચે આવી ગઇ. જોકે તેમણે સીસીટીવી ફૂટેજથી વધુ વિગત મળે તેવું જણાવ્યું હતું. શહેરના નાયબ પોલીસ કમિશ્નર જુલી કોથિયાની સાથે અન્ય પોલીસ અધિકારીઓ પણ સ્થળ પર પહોંચ્યા હતા. કોથિયાએ કહ્યું કે સયાજીગંજ પોલીસ આ ઘટનાની વધુ તપાસ કરશે.

ટ્રેન બેદરકારીથી ચલાવવામાં આવી રહી હોવાના આરોપો પર તેમણે કહ્યું કે તેની પણ તપાસ કરવામાં હતી. છેલ્લા બે વર્ષમાં આ ટ્રેનના કારણે ઇજા પહોંચી હોય તેવી બીજી ઘટના છે. આ પહેલા ઑક્ટોબર ૨૦૨૩માં એક મહિલાનો બુરખો ટ્રેનના એન્જિન ગાર્ડમાં ફસાવાના કારણે તેને ઇજા પહોંચી હતી.

મહિલા પડી જવાના કારણે તેના હાથ પર ટ્રેનના પૈડા ફરી વળતા હાથ કાપવામાં આવ્યો હતો.

# ગુજરાતના પૂર્વ આરોગ્ય પ્રધાન હેમાબેન આચાર્યનું જૂનાગઢમાં જૈફ વયે નિધન

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢઃ ગુજરાતના પૂર્વ આરોગ્ય પ્રધાન હેમાબેન આચાર્યનું જૈફ વયે નિધન થયું હતું. હેમાબેને દેહ છોડ્યાના સમાચાર જૂનાગઢમાં વાયુવેગે પ્રસરતા જૂનાગઢમાં ઘેરા શોકની લાગણી પણ પ્રવર્તી હતી. રાજ્યના આરોગ્યપ્રધાન બનવા સુધીની સફર હેમાબેન આચાર્યએ ખૂબ જ સફળતાપૂર્વક નિભાવી હતી. ૧૯૭૫ થી ૮૦ ના અરસામાં જૂનાગઢના ધારાસભ્ય તરીકે રહેલા હેમાબેન આચાર્યએ રાજ્યના આરોગ્યપ્રધાન તરીકે પણ ખૂબ જ યસસ્વી કામગીરી કરી હતી. તેમના કાર્યકાળમાં જૂનાગઢ હૉસ્પિટલનો સુવર્ણયુગ શરૂ થયો હતો. હોસ્પિટલમાં મળતી સરકારી સવલતો તબીબોની હાજરી અને જે તે સમયે મળવાપાત્ર થતી આરોગ્યની સુવિધાઓ જૂનાગઢ હોસ્પિટલની સાથે સમગ્ર રાજ્યમાં મળતી થાય તે માટેના પ્રયાસો હેમાબેન આચાર્ય દ્વારા ખૂબ જ નિષ્ઠાથી કરવામાં આવ્યા હતા.


(તસવીર- દીશા સોની, જૂનાગઢ)

હેમાબેન આચાર્ય ગુજરાતના જનસંઘના એવા કાર્યકર હતા કે તેઓ સ્વયમ પ્રત્યેક કાર્યકરને તેમના હાથેથી ભોજન બનાવીને આપવાની એક પરંપરા તેમણે શરૂ કરી જે તેમના જીવનકાળ દરમિયાન સતત જોવા મળી. તેમના પતિ સૂર્યકાંતભાઈ આચાર્ય રાજ્ય સભાના સભ્ય હતા. પરંતુ હેમાબેન વ્યક્તિગત રીતે જનસંઘના અનેક કાર્યકરોને ઓળખતા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઘણી વખત હિમાબેન આચાર્યને મળવા માટે આવ્યા હતા. આવા પ્રસંગોએ હેમાબેન આચાર્યએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને તેમના હાથેથી ભોજન બનાવીને જમાડ્યા હતા.

# વાંકાનેર નજીક ટ્રકની ટક્કરે અકસ્માત, બેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના ભગવતીપરા વિસ્તારમાં રહેતા ૧૭ વર્ષીય રિકી કવાને તેની માતા બીજલબેને નવું સ્કૂટર લઈ આપ્યું હતું. રિકી પોતાના નાની ગુલાબબેન પરમાર (ઉં.૭૦)ને સ્કૂટરમાં લઈને વાંકાનેર તાલુકાના માટેલ ગામે ખોડિયાર મંદિરે દર્શન કરવા ગયો હતો. તેમની સાથે રિકીના મામા પૂર્વેશભાઈ પરમાર પણ પોતાના પરિવાર સાથે બાઈક પર આવ્યા હતા.

માટેલથી પરત ફરતી વખતે બપોરે સવા બે વાગ્યે વાંકાનેર નજીક વઘાસીયા ટોલનાકા પાસે વૃંદાવન હોટલની સામે એક ટ્રકે સ્કૂટરને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં રિકીને મોઢા, નાક અને કાનના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ગુલાબબેનને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. બંનેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે બંનેને મૃત જાહેર કર્યા હતા. મૃતક ગુલાબબેનના દીકરા પૂર્વેશભાઈએ વાંકાનેર સિટી પોલીસ સ્ટેશનમાં ટ્રકના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવાની કાર્યવાહી શરૂ કરી છે.

# રાજકોટ પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝાનું નકલી ફેસબુક એકાઉન્ટ બનાવી પૈસાની ઉઘરાણી કરી

અમદાવાદઃ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર તરીકે ફરજ બજાવતાં બ્રિજેશકુમાર ઝાનું નકલી ફેસબુક એકાઉન્ટ બન્યાના અહેવાલો પ્રાપ્ત થયા છે. સોશિયલ મીડિયાના ફેસબુકના નકલી એકાઉન્ટના પ્લેટફોર્મ પરથી રૂપિયાની માંગણી કરવામાં આવી છે.

પોલીસ કમિશ્નરે વધુમાં જણાવ્યું હતું, કે ફેક એકાઉન્ટને લોકો અસલી સમજે તે માટે રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન અને હાલ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ સાથેની તસ્વીર પણ પોસ્ટ કરવામાં આવી હતી. આ ઉપરાંત ફેસબુકના ડિસપ્લે ફોટોમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશનના સ્ટેડિયમમાં પોલીસ કમિશનર ઉભા હોય તેવો ફોટો મૂકવામાં આવ્યો હતો.

વધુ માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, મારા એક બે મિત્રો દ્વારા મને આ અંગે જાણ કરવામાં આવી હતી. જે બાદ મેં તપાસ કરતા આ વાત સાચી હોવાનું જણાયું હતું. આ અંગે સાયબર ક્રાઈમને જાણ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# લગ્નની લાલચ આપી રાજકોટના યુવકની હત્યાઃ મહિલા સહિત ત્રણ આરોપીઓની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદના ઝાલોદ તાલુકાના ચાકલિયા ગામ નજીક રાજકોટના રમેશ ડાંગરેચીયાની હત્યા થઈ હતી. આરોપીઓએ લગ્નની લાલચ આપી ૧૦ લાખ રૂપિયાની ખંડણી માગી હતી. રમેશભાઈએ ખંડણી આપવાની ના પાડતા તેમને માર મારી ઈજાગ્રસ્ત હાલતમાં ખેતરમા ફેંકી દેવામાં આવ્યો હતો. પોલીસે ગણતરીના કલાકોમા એક મહિલા સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી આરોપીઓના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

સમગ્ર ઘટના વિશે વાત કરીએ તો, મૃતક રમેશભાઈ રાજકોટના કાગદડી ગામમાં ગેરેજ ચલાવતા હતા. તેમના ૧૪ વર્ષ પહેલા છૂટાછેડા થયા હતા. તેમને ૧૫ વર્ષની એક પુત્રી છે. લીમડી ગામના મજૂરો સાથે મિત્રતા થયા બાદ આરોપીઓએ તેમનો લાભ લીધો હતો.

પંદર દિવસ પહેલા પ્રવીણ અને સુનીતાબેને લગ્નની વાત કરી હતી. તેમણે ૨.૫ લાખ રૂપિયા અને ચાંદીની માંગણી કરી હતી. રમેશભાઈએ આ માંગણી નકારી દીધી હતી. આરોપીઓએ ૭ મે, ૨૦૨૫ના રોજ રમેશભાઈને લીમડી બોલાવ્યાં હતા. ૮ મેના બપોરે રમેશભાઈ લીમડી પહોંચ્યા ત્યારે આરોપીઓએ ૧૦ લાખની ખંડણી માગી હતી. રમેશભાઈએ બહેનને જાણ કરી હતી. બહેને રાજકોટ પોલીસને સૂચિત કર્યુ હતું. આરોપીઓએ રમેશભાઈને ચાકલિયા ગામે ગોંધી રાખી મારપીટ કરી હતી. પછી તેમને ખેતરમાં ફેંકી દીધા હતા.

જીઆરડી કર્મચારીએ ઈજાગ્રસ્ત વ્યક્તિ અંગે પોલીસને જાણ કરી હતી. રમેશભાઈને પેથાપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. ઝાલોદ પોલીસે ૨૪ કલાકમાં ત્રણેય આરોપીઓ પ્રવીણ, વિપુલ અને સુનીતાબેનની ધરપકડ કરી લીધી છે. પોલીસે આરોપીઓની રિમાન્ડની કાર્યવાહી શરૂ કરી છે.

# વડોદરાની શિનોરના સાધલી-કરજણ વચ્ચે અકસ્માતઃ એક બાળકી સહિત ૬ મુસાફરો ઘવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાની શિનોરના સાધલી-કરજણ ગામ વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો. જીએસઆરટીસીની બસ વૃક્ષ સાથે અથડાતા ખાડામાં ખાબકી હતી.આ અકસ્માતમાં એક બાળકી સહિત ૬ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

વડોદરાની શિનોરના સાધલી-કરજણ વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો. સાધલી-કરજણ ગામ પાસે ૫૦ મુસાફરો ભરેલી એસટીની બસનો અકસ્માત થયો હતો. બસ વૃક્ષ સાથે અથડાયા બાદ ખાડામાં ખાબકી હતી.